હું પુષ્ટિભક્તિમાર્ગીય વૈષ્ણવ છું.

શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું નિષ્ઠાપૂર્વક અનુસરણ કરવું એ મારો પરમધર્મ છે.

દેવાધિદેવ પુષ્ટિપુરુષોત્તમ શ્રીકૃષ્ણ એકજ મારું આશ્રય સ્થાન છે.

મન, વાણી અને કૃતિ એ ત્રણેયથી શ્રીકૃષ્ણની સેવા કરવામાં જ મારા જીવનની કૃતાર્થતા છે.

શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું અનુસરણ કરવાવાળા બધા વૈષ્ણવ અને ગુરુજન મારામાટે આદરણીય છે.

# પુષ્ટિ પથ - ૧

# પરિપત્ર-૧

## પુષ્ટિપથ — ૨

લેખક: ગોસ્વામી શરદ અનિરુદ્ધલાલજી, માંડવી-હાલોલ.

સંયુક્ત પ્રકાશક: શ્રીપુરુષોત્તમ પુષ્ટિમાર્ગીય ચેરિટેબલ ટ્રસ્ટ, જુનાગઢ.
શ્રીગોવિન્દભાઈ ગાંધી, હાલોલ.

પ્રકાશન વર્ષ: ૧૯૯૫, પ્રથમ આવૃત્તિ: ૮૦૦૦ પ્રતિ.

શ્રીપુરુષોત્તમ પુષ્ટિમાર્ગીય પાઠશાળા, જુનાગઢ દ્વારા સંચાલિત પુષ્ટિમાર્ગીય પરીક્ષાના દ્વિતીય વર્ષના પરીક્ષાર્થીઓ માટે

નિ:શુલ્કવિતરણાર્થ.

મુદ્રક: એચ.કે.પ્રિન્ટર્સ
શિવશક્તિ ઈન્ડ. એસ્ટેટ, મરોલ, અંધેરી-પૂર્વ, મુંબઈ - ૫૯.

**પરીક્ષાસંચાલક મુખ્ય કેન્દ્ર:**

શ્રીપુરુષોત્તમ પાઠશાળા
C/O. ગો. શ્રીકિશોરચન્દ્રજી શ્રીપુરુષોત્તમલાલજી
મોટી હવેલી, જુનાગઢ.

**પરીક્ષાસંચાલક ઉપકેન્દ્રો:**

૧. શ્રીગોવિન્દભાઈ ગાંધી
'વ્રજરજ', પોસ્ટ ઓફિસ પાસે, હાલોલ, જી. પંચમહાલ.
પીન: ૩૮૯૩૫૦, ફોન: ૦૨૬૭૬-૨૭૧૯.

૨. શ્રીકૃષ્ણકાન્તભાઈ વોરા
બી-૧૫, ગુજરાતી સોસાયટી, નહેરૂ રોડ, વિલેપાર્લે-પૂર્વ,
મુંબઈ - ૪૦૦૦૫૭.
ફોન: ૦૨૨-૬૧૪૮૨૫૪.

॥ શ્રીહરિઃ ॥

જયતિ શ્રીવલ્લભાચાર્યો જયતિ ચ વિઠ્ઠલેશ્વરઃ પ્રભુઃ શ્રીમાન્।
પુરુષોત્તમશ્ચ તૈશ્ચ નિર્દિષ્ટા પુષ્ટિપદ્ધતિ જયતિ ॥

પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્તોની પાયાની જાણકારી 'પ્રવેશિકા'-દ્વારા મેળવનારા પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્તોના જિજ્ઞાસુઓના હૃદયમાં સિદ્ધાન્તોનું સાચું સ્વરૂપ 'પુષ્ટિપ્રવેશ'ને કારણે સુદૃઢ કર્યા પછી, પુષ્ટિપથિકોને પુષ્ટિમાર્ગઉપર અગ્રસર કરવા હવે 'પુષ્ટિપથ' નામક ગ્રન્થ પ્રકટ થવા જઈ રહ્યો છે.

પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્તોના આમ ઉત્તરોત્તર ગહન અભ્યાસ અને સુવ્યવસ્થિત પરીક્ષાઓ ના આયોજનથકી સ્વમાર્ગમાં પ્રવર્તમાન અજ્ઞાન અશ્રદ્ધા અને અરૂચિ નું નિવારણ કરવા આપણે સહુ શ્રીપુષ્ટિપ્રભુ શ્રીમહાપ્રભુ અને શ્રીપ્રભુચરણ ની કૃપાથકી અવશ્ય સક્ષમ બનીશું।

સહુ પુષ્ટિમાર્ગીઓને આમાં આગળ આવીને—કોઈ પણ જાતના ભય કે સંકોચ રાખ્યા વિના—સ્વમાર્ગની સાચી સેવા કરવા તત્પર થવુંજ જોઈએ. શ્રીમહાપ્રભુ આપણને નિર્ભીક ભાવના કર્તવ્યનિષ્ઠા અને સાનુકૂલતા પ્રદાન કરે, તેવી શુભેચ્છા સાથે..

પવિત્રા એકાદશી — ગોસ્વામી શ્યામમનોહર

॥श्रीहरिः॥

# પ્રાક્કથન

'પ્રવેશિકા'દ્વારા 'પુષ્ટિપ્રવેશ'ને પામેલા પાઠક વર્ગોને શ્રીપુરુષોત્તમ પુષ્ટિમાર્ગીય પાઠશાળા દ્વારા સંચાલિત પુષ્ટિમાર્ગીય પરીક્ષાનું ચોથું પાઠ્યપુસ્તક આપતાં અમો આનન્દની લાગણી અનુભવી રહ્યા છીએ.

જેવી રીતે વૈદિક-વર્ણાશ્રમધર્મ અને તેના સિદ્ધાન્તો સનાતન હોય છે તેવીજ રીતે શ્રીવલ્લભાચાર્યચરણ નિર્દિષ્ટ પુષ્ટિભક્તિમાર્ગ અને તેના સિદ્ધાન્તો પણ સમય સ્થાન પરિસ્થિતિ કે વ્યક્તિ થી અપ્રભાવિત રહેનારા—સનાતનજ છે. આવા સનાતન સિદ્ધાન્તોની બાબતમાં કોઈ નિર્ણય જ્યારે તેના પોતાના સ્વરૂપને લક્ષ્યમાં રાખીને નહીં પરન્તુ સમય સ્થાન પરિસ્થિતિ કે વ્યક્તિ ને લક્ષ્યમાં રાખીને કરવામાં આવતો હોય છે ત્યારે તેવો સિદ્ધાન્તનિર્ણય મોટે ભાગે અયથાર્થજ હોય છે. આથી જ, સર્વથા નિરપેક્ષ થઈને સિદ્ધાન્તપ્રવર્તક આચાર્યોના વચનોની પરસ્પર એકવાક્યતા સાધીને જો કોઈ સિદ્ધાન્તનિર્ણય કરવામાં આવે છે તો જ તેની યથાર્થતા જાળવી શકાય છે. આ પુસ્તકમાં પણ આથીજ—

પુરાણમિત્યેવ ન સાધુ સર્વં ન ચાપિ સર્વં નવમિત્યવદ્યમ્।
સન્તઃ પરીક્ષ્યાન્યતરદ્ ભજન્તે મૂઢઃ પરપ્રત્યયનેયબુદ્ધિઃ॥

-ન્યાયે, અતિ જૂની કે જૂની હોવાથી, દીક્ષા સેવા કે મનોરથો ની પ્રવર્તમાન પરંપરાઓ આજે જેવા સ્વરૂપમાં દેખાઈ રહી છે તે તેનું યથાર્થસ્વરૂપજ છે તેવો દુરાગ્રહ અથવા તો આ પરંપરાઓની બાબતમાં આજે નવીન જે કાંઈ પણ કહેવાઈ રહ્યું છે તે બધું આજ-કાલનું હોવાને કારણે અયથાર્થજ છે તેવો દુરાગ્રહ; આ બન્ને પ્રકારના મૂઢબુદ્ધિજન્ય દુરાગ્રહોને છોડીને શ્રીઆચાર્યચરણપ્રવર્તિત સિદ્ધાન્તોનું વિવેચન કરવામાં આવ્યું છે કે જેથી સિદ્ધાન્તોનું યાથાર્થ્ય એના મૂળ રૂપમાં જળવાઈ રહે. અમને એવો દઢ વિશ્વાસ છે કે યથાર્થસિદ્ધાન્તોના જિજ્ઞાસુ પાઠકોને તો આ પુસ્તક જરૂર સંતોષ આપશે. જેઓની આંખો પરન્તુ શ્રીમદ્આચાર્યચરણ વિરચિત સિદ્ધાન્તગ્રન્થોનું અવલોકન કરવાના સ્થાને સમ્પ્રદાયમાં અધુના પ્રચલિત ધંધાકીય ધોરણે ચાલતા સેવા-મનોરથોના પ્રદર્શનોની, આડેધડ આપવા-લેવામાં આવતી દીક્ષાની તેમજ દેવદ્રવ્યના પ્રસાદના કોળિયા ભરવાની અર્વાચીન કે આધુનિક કુપરંપરાઓ માત્રનું અવલોકન કરવામાટે ટેવાયેલી છે તેઓને જો આ 'પુષ્ટિપથ' સન્તોષ ન આપી શકે તો તેમાં બિચારા 'પુષ્ટિપથ'નો શું વાંક હોઈ શકે? કારણ કે 'પુષ્ટિપથ'ની પ્રતિબદ્ધતા તો માત્ર શ્રીઆચાર્યચરણ પ્રકટિત સિદ્ધાન્તો સાથે જ છે અને રહેવાની. આવીજ પ્રતિબદ્ધતા આપણે સહુ પુષ્ટિપથિકોમાં જાગે એવી શુભકામના.

હંમેશની માફક આ વખતે પણ પૂ. શ્રીશ્યામમનોહરજીએ પોતાના આશીર્વચનોથી આ કાર્યને પ્રોત્સાહિત કર્યું છે તેમાટે અમે આપના ચિરકૃતજ્ઞ છીએ. આવીજ રીતે આપના શુભાશીર્વાદ સમ્પ્રદાયના આ સેવાકાર્યને પ્રાપ્ત થતાં રહે એવી શુભાકાંક્ષા. અન્તમાં, આ પુસ્તકના પ્રકાશનકાર્યમાં અમારા સહયોગી શ્રીઅસિત, શ્રીમતી નીપા તથા શ્રીમનીષ ની તત્પરતાનું વિસ્મરણ પણ અશક્યજ છે.

પવિત્રા એકાદશી — પરીક્ષાસંચાલક મંડળ (જુનાગઢ) વતી
તા. ઑગષ્ટ ૬, '૯૫ — ગૌ. શરદ

## પુસ્તિકા કેમ વાંચશો?

૧. પાઠમાં આવતા દરેક મહત્ત્વપૂર્ણ શબ્દ પર વિશેષ ધ્યાન આપતાં વિચારપૂર્વક દરેક પાઠને, ઓછામાં ઓછું, બે વખત વાંચવો.
૨. વાંચી લીધા બાદ 'જ્ઞાનકસોટી'માં આપેલ દરેક પાઠના પ્રશ્નોના જવાબ મનમાં વિચારવા. જવાબ ન સુઝે તો પાઠમાં જોઈ શોધી કાઢવા. આ પ્રમાણે દરેક પ્રશ્નનો અભ્યાસ કરવો.
૩. તે જ પ્રમાણે પારિભાષિક શબ્દોની વ્યાખ્યા / સમજુતી માટે તૈયારી કરવી.

# અનુક્રમણિકા


પાઠ — પૃષ્ઠ

*૧. દીક્ષાદાનવિચાર:* ૧-૧૭

વ્યાખ્યા
દીક્ષા = મન્ત્રદાન
દાન

મન્ત્રદાનાંગોનો વિચાર: ૨-૧૧

૧. મન્ત્રદાતા
૨. મન્ત્રગ્રહીતા
૩. દેયવસ્તુ = મન્ત્ર, મન્ત્રની ગોપનીયતા
૪. દીક્ષાસ્થાન
૫. દીક્ષાનો સમય
૬. ઉપક્રમ અને ભાવના

સમ્પ્રદાયોમાં દીક્ષાપ્રણાલી શા માટે?: ૧૧-૧૬

૧. સંકલ્પ
૨. માન્યતા
૩. પવિત્રતા: આન્તરપવિત્રતા, બાહ્યપવિત્રતા.
૪. યોગ્યતા.

*૨. પુષ્ટિમાર્ગીયદીક્ષાનો વિચાર:* ૧૮-૩૫

દ્વિવિધદીક્ષા

સામ્પ્રદાયિક દીક્ષાદાનાંગવિચાર: ૧૯-૩૩

૧. પુષ્ટિમાર્ગીયદીક્ષાદાતા —
કૃષ્ણસેવાપરાયણતા, દંભાદિરહિતતા, ભાગવતતત્ત્વજ્ઞતા, નરત્વ
કેવા વલ્લભવંશજને ગુરુ ન બનાવી શકાય?
ગુરુનો ત્યાગ ક્યારે?
ગુરુના અભાવમાં શું કરવું.
૨. પુષ્ટિમાર્ગીય શિષ્ય —
પુષ્ટિજીવ કેમ પરખાય?, રૂચિ થવાનો પ્રકાર, સાર
૩. દેયવસ્તુ = દીક્ષામંત્ર —
મંત્રની ઉત્પત્તિ ૧. શરણમંત્ર ૨. સમર્પણમંત્ર, મંત્રજપનો પ્રકાર
૪. પુષ્ટિમાર્ગીય દીક્ષાસ્થાન
૫. પુષ્ટિમાર્ગીય દીક્ષાસમય
૬. ઉપક્રમ / ભાવના — ઉપક્રમ, ભાવના.
દીક્ષાનો પ્રભાવ કેમ દેખાતો નથી?

*૩. સેવામય જીવન:* ૩૬-૫૫

વ્યાખ્યા
સ્વભાવભેદથી ભક્તિભેદ:
૧. અર્થાર્થીભક્ત ૨. આર્ત(દુઃખી)ભક્ત ૩. જીજ્ઞાસુભક્ત ૪. જ્ઞાનીભક્ત ૫. નિર્ગુણપુષ્ટિભક્ત
પ્રભુસેવા એ કર્તવ્ય નહીં આવશ્યકતા છે

પ્રભુસેવા-ભક્તિની આવશ્યકતા અનુભવાતી શા માટે નથી? ૩૯-૪૪

૧. આધિભૌતિક જરૂરિયાતો ૨. આધ્યાત્મિક જરુરિયાતો ૩. આધિદૈવિક જરુરિયાતો.
ભાવોદબોધ પ્રકાર—ભગવત્સ્વરૂપજ્ઞાન, જીવસ્વરૂપજ્ઞાન, ભગવાન-જીવના સંબંધનું જ્ઞાન.

સમર્પણનું સ્વરૂપ ૪૬-૫૨

સમર્પણ = સોંપણી
સમર્પણ = સ્નેહનું માપદંડ
નિવેદન અને સમર્પણ
નિવેદન, સમર્પણ અને દાન વચ્ચે તફાવત
સમર્પણ અને અનન્યતા
અનન્યતા: અન્યાશ્રયત્યાગ, અસમર્પિતભોગત્યાગ, દુઃસંગત્યાગ, અસદ્વિચાર આલાપ ક્રિયા ત્યાગ, ચિત્ત ચોંટતા ત્યાગ સહજ.

*૪. સેવાનું માહાત્મ્ય* ૫૬-૭૨

પુષ્ટિમાર્ગીય સાધના સેવાજ શા માટે?

સર્વ સાધનાઓમાં સેવા શ્રેષ્ઠતમ છે
સ્નેહસંબંધની આવશ્યકતા: સેવા-સમર્પણ

સર્વસાધનાઓનો સમાવેશ સેવામાં
(૧.જ્ઞાન ૨.કર્મ ૩.ધ્યાનયોગ ૪.જપ ૫.ત્યાગ ૬.તપ ૭.વ્રત-ઉપવાસ ૮.પ્રાયશ્ચિત)
અહંતા-મમતાની શુદ્ધિ સેવાથીજ — અહન્તા, મમતા
ભગવત્સેવક ઉત્તમોત્તમ યોગી.
૫. સેવાસ્વરૂપ ૬૩-૬૮
કૃષ્ણસેવાનું સ્વરૂપ
૧. ફલરૂપાસેવા / માનસી, ૨. સાધનરૂપાસેવા / તનુવિત્તજા
— તનુવિત્તજા = સર્વસ્વસમર્પણ
તનુજા, વિત્તજા નહીં; તનુવિત્તજા.
૬. સેવ્યસ્વરૂપ ૬૮-૮૫
વ્યાખ્યા
ભગવદાગમન કેવી રીતે ?
મૂર્તિ / સ્વરૂપ અને ભગવાન માં ભેદ નથી
ભગવદનુભૂતિ કેવી રીતે ?
— અવતારકાલીન (પ્રકટ)લીલા
— અનવતારકાલીન (અપ્રકટ)લીલા
પુષ્ટિમાર્ગમાં સર્વદા અવતારકાલજ
ભગવદનુભૂતિમાં અજ્ઞાન અને ભક્તિનો અભાવ બાધક
ભગવદારાધન સર્વત્ર શા માટે નહીં ?
સ્વાર્થ-પરાર્થપ્રતિષ્ઠા — ૧.સ્વાર્થપ્રતિષ્ઠા, ૨.પરાર્થપ્રતિષ્ઠા
પુષ્ટિમાર્ગમાં ભાવપ્રતિષ્ઠા
પરાર્થપ્રતિષ્ઠા પુષ્ટિમાર્ગમાં અમાન્ય
સેવ્યસ્વરૂપ અને ભાવ
૭. સેવાસ્થળ ૮૬-૯૦
પ્રભુસેવા ભક્તની જીવનપ્રણાલી હોય છે
સ્વગૃહસેવા વિના સમર્પણ અશક્ય
સ્વગૃહસેવા વિના બધું અસમર્પિત
સ્નેહભક્તિ એકાન્તમાં જ વિકસે છે
પ્રભુની સ્વાર્થપ્રતિષ્ઠા = ગૃહસેવા
૮. સેવાર્થ આજીવિકા ૯૧-૯૩
૯. સેવા અને સદાચાર ૯૪-૯૮
ઉત્સર્ગ, અપવાદ, પ્રતિપ્રસવ




# ૧. દીક્ષાદાનવિચાર

**વ્યાખ્યા :**

શિષ્યના આત્મકલ્યાણ માટે ગુરુ દ્વારા શિષ્યને આપવામાં આવતા ઈષ્ટદેવના નામમન્ત્રના દાનને 'દીક્ષા' કહેવામાં આવે છે.

**દીક્ષા=મન્ત્રદાન :**

વ્યાખ્યામાં આપણે જોયું તે પ્રમાણે દીક્ષા એ મન્ત્રનું એક પ્રકારનું દાન છે. ગુરુ વિધિપૂર્વક મન્ત્ર આપે છે જ્યારે શિષ્ય મન્ત્રને ગ્રહણ કરે છે. સામાન્ય રીતે દાનની પ્રક્રિયામાં દાનરૂપે અપાતી વસ્તુ ઉપર આપનારની માલિકી રહી નથી જતી અને લેનાર તેનો માલિક બને છે. દીક્ષામાં પરન્તુ લેનાર દીક્ષાર્થીની માલિકી તો મન્ત્ર પર થાય જ છે; મન્ત્ર આપનાર ગુરુની પણ માલિકી મન્ત્ર પર રહે જ છે. આમ છતાં શાસ્ત્રમાં તેમજ પરંપરામાં પણ દીક્ષાને એક વિશિષ્ટ પ્રકારનું મન્ત્રદાન માનવામાં આવે છે.

**દાન :**

દરેક ધર્મ-સમ્પ્રદાયોમાં દાનનું બહુ મહત્ત્વ માનવામાં આવ્યું છે. આપણા શાસ્ત્રોમાં પણ દાનની મહત્તાનું વર્ણન વિસ્તારથી મળી રહે છે. શાસ્ત્રમાં દાન આપવા તેમજ લેવાની બાબતમાં ઘણા નીતિ-નિયમો બતાવવામાં આવ્યાં છે. દાનના કુલ છ અંગોનું વર્ણન શાસ્ત્રમાં કરવામાં આવ્યું છે :

(૧) દાતા = દાન આપનાર.
(૨) પ્રતિગ્રહીતા = દાન લેનાર.
(૩) દેય વસ્તુ = દાનમાં અપાતી વસ્તુ. દા.ત. અન્ન, વિદ્યા, મન્ત્ર, વગેરે.
(૪) સ્થાન = જ્યાં દાન આપવા-લેવામાં આવે તે.
(૫) સમય = જ્યારે દાન આપવા-લેવામાં આવે તે.
(૬) ઉપક્રમ અને ભાવના = જે પ્રકારે કે જે ભાવનાથી દાન આપવા-લેવામાં આવે તે.

દાન આપનાર તેમજ લેનારે આ છએ અંગોનો વિચાર કર્યા પછી જ દાન આપવું કે લેવું જોઈએ. સંક્ષેપમાં કહેવામાં આવે તો— યોગ્ય વ્યક્તિને યોગ્ય સ્થાન અને સમયમાં તેને સંતોષ થાય એવી વસ્તુનું યોગ્ય પ્રક્રિયાથી કે શ્રધ્ધાપૂર્વક યોગ્ય વ્યક્તિ દ્વારા દાન આપવામાં આવે તો તે દાન શ્રેષ્ઠ ગણાય છે અને સત્ફળ આપનારું નીવડે છે. અહીં 'યોગ્ય' શબ્દનો અર્થ મને કે તમને જે યોગ્ય લાગે તે નહીં પરન્તુ શાસ્ત્રની દૃષ્ટિએ જે યોગ્ય છે તે સમજવાનો છે. આથી વિપરીત જો અયોગ્ય વ્યક્તિને અયોગ્ય સ્થાન-સમયમાં અયોગ્ય રીતે અયોગ્ય વ્યક્તિ દ્વારા અયોગ્ય વસ્તુનું દાન કરવામાં આવે તો તેવા દાનને શાસ્ત્રમાં નિંદિત ગણવામાં આવ્યું છે.

આપણે સમજ્યા તે પ્રમાણે દીક્ષા એ મન્ત્રદાનની એક વિશિષ્ટ પ્રણાલી છે. આથી અન્ય કોઈ પણ વસ્તુના દાનમાં પૂર્વે કહેલા દાનના છ અંગોનો શાસ્ત્રીય વિચાર કરવો જેમ જરૂરી હોય છે તેમ મન્ત્રદાનમાં પણ તે છએ અંગોનો વિચાર કરવો જરૂરી બની જાય છે.

## મન્ત્રદાનાંગનો વિચાર

**૧. મન્ત્રદાતા :**

મન્ત્રનું દાન આપનારને 'મન્ત્રદાતા' કે 'ગુરુ' કહેવામાં આવે છે. દીક્ષા લેતા પહેલાં દીક્ષાર્થી માટે એ જરુરી હોય છે કે જેની પાસેથી તે દીક્ષા લેવા જઈ રહ્યો છે તે મન્ત્રદાતા(ગુરુ) મન્ત્રનું દાન કરવાની એટલે કે દીક્ષા આપવાની શાસ્ત્રીય તેમજ સાંપ્રદાયિક યોગ્યતા ધરાવે છે કે કેમ તેની ખાત્રી કરે.

દરેક સમ્પ્રદાયના સ્થાપક આચાર્યો પોત-પોતાના સમ્પ્રદાયની મન્ત્રદીક્ષા આપવા માટે કોને લાયક ગણી શકાય અને કોને લાયક ન ગણી શકાય તે બાબતોનું નિરૂપણ દીક્ષાર્થીઓના ભલા માટે ધર્મગ્રંથોમાં કરતાં જ હોય છે. દા.ત. શ્રીમહાપ્રભુજીએ પોતાના 'સર્વનિર્ણયનિબંધ' ગ્રંથમાં, પુષ્ટિભક્તિમાર્ગની શરણ તેમજ સમર્પણ દીક્ષાઓ કઈ યોગ્યતા ધરાવનાર વલ્લભવંશજ આપી શકે તે બાબતનું નિરૂપણ કરેલું છે. દીક્ષા લેવા ઇચ્છનારે આવા ધર્મગ્રંથોનો અભ્યાસ કરીને ગુરુની યોગ્યતાની ચકાસણી કરવી જોઈએ.



સાંપ્રદાયિક યોગ્યતાઓ સિવાય કેટલીક એવી સામાન્ય યોગ્યતાઓ પણ ગુરુની ચકાસણી માટે સૂચવી શકાય છે કે જે કોઈ પણ સમ્પ્રદાયમાં સમાન રીતે સ્વીકાર્ય હોય. જેમ કે, દીક્ષાર્થી એ જાણવાનો પ્રયત્ન કરે કે—

(૧) દીક્ષાદાતા જે સમ્પ્રદાયની દીક્ષા આપી રહ્યો છે તેને તે સમ્પ્રદાયના સિધ્ધાંતોનું પૂરે-પૂરું જ્ઞાન છે કે કેમ.

(૨) દીક્ષાદાતા વ્યક્તિ લોકોને પોતાના સમ્પ્રદાયના સિધ્ધાંતોને અનુસરવાનો ઉપદેશ કરે છે તો તે પોતે પણ તે સમ્પ્રદાયના સિધ્ધાંતોને અનુસરે છે કે કેમ. જો અનુસરે છે તો ક્યાંક પાખંડ, દંભ, લોભ-લાલચ કે અભિમાનપૂર્વક તો નથી અનુસરતો!

(૩) પોતાના અનુયાયી-શિષ્યનું અજ્ઞાન દૂર થાય અને તે સમ્પ્રદાયના સિધ્ધાંતોને સમજતો થાય તે માટે દીક્ષા આપનાર પ્રયત્નશીલ રહે છે કે કેમ!

ઓછામાં ઓછી આ ત્રણ લાયકાતો તો કોઈ પણ સમ્પ્રદાયના કોઈ પણ દીક્ષા આપનારમાં હોવી જરુરી છે જ.

**૨. મન્ત્રગ્રહીતા :**

ગુરુ પાસેથી મન્ત્રદીક્ષા લેનારને 'મન્ત્રગ્રહીતા' કે 'શિષ્ય' કહેવામાં આવે છે. દીક્ષા લેતાં પહેલાં શિષ્યે જેમ ગુરુની યોગ્યતાની ચકાસણી કરવાની હોય છે તેમ દીક્ષા આપતા પૂર્વે ગુરુના માટે પણ એ જરૂરી હોય છે કે એ દીક્ષા લેવા આવનારની ચકાસણી કરે કે તે દીક્ષા લેવાની પાત્રતા ધરાવે છે કે કેમ.

વસ્તુ ગમે તેટલી શ્રેષ્ઠ કેમ ન હોય, અયોગ્ય વ્યક્તિને તો ન જ આપી શકાય. વસ્તુ તેને જ આપી શકાય કે જે તેના મહત્વને યોગ્યરીતે સમજતો હોય, અને તેની

બરોબર જાળવણી તેમજ ઉપયોગ પણ કરી જાણતો હોય. આથી જ શાસ્ત્રનો એ નિયમ છે કે દાન સુપાત્રને જ આપવું જોઈએ. કુપાત્રને દાન આપનારને શાસ્ત્ર દોષી ઠરાવે છે.

ધન વડે અનેક કાર્યો થઈ શકે છે. પરન્તુ ધન જો કોઈ સજ્જન પાસે હશે તો કલ્યાણકારી નીવડશે. જ્યારે શરાબી, જુગારી જેવા દુર્જન પાસે હશે તો અનિષ્ટકારક જ નીવડશે. દીક્ષાની બાબતમાં પણ આવું જ છે. અયોગ્ય વ્યક્તિને જો દીક્ષા આપવામાં આવે તો દીક્ષા તો નિષ્ફળ જાય જ છે, તદુપરાંત અયોગ્યને દીક્ષા આપવાનો અપરાધ દીક્ષા આપનાર ગુરુને લાગે છે. આથી દીક્ષા લેનાર જો કોઈ સુયોગ્ય શિષ્ય ન મળતો હોય તો ગમે તેને દીક્ષા આપવાની ઉદારતા ગુરુએ ન દાખવવી જોઈએ.

ઉત્તમ વસ્તુના સર્જકના મનમાં એવી લાગણી હોય છે કે તેની વસ્તુ સદાય સુયોગ્ય વ્યક્તિ પાસે જ રહે, કદી પણ અયોગ્ય વ્યકિતના હાથમાં ન જાય; લુપ્ત ભલે થઈ જાય. આ ન્યાયે મન્ત્રદાનની પરંપરાના આદ્ય સ્થાપક આચાર્ય, ભગવાન કે શાસ્ત્રકારોના મનમાં પણ આવો જ ભાવ હોય છે. આ સ્થિતિમાં પરંપરાગત રીતે મન્ત્રદીક્ષા આપનારા ગુરુજનો બેદરકારીથી, અજ્ઞાનતાથી કે શિષ્યો વધારવાની લાલચ જેવા કારણે પાત્ર-અપાત્રનો વિચાર કર્યા વિના જો ગમે તેને મન્ત્રદીક્ષા આપવા લાગે છે તો મન્ત્રદાનની પરંપરાના આદ્ય સ્થાપક આચાર્ય, ભગવાન કે શાસ્ત્રકારો દ્વારા સ્થાપિત મર્યાદાથી વિરુધ્ધ આચરણ કરે છે. આનો અપરાધ ગુરુને ભોગવવો પડે છે.

### ૩. દેયવસ્તુ:

દાનમાં આપવામાં આવતી વસ્તુને 'દેય વસ્તુ' કહેવામાં આવે છે. દીક્ષામાં ગુરુદ્વારા શિષ્યને મન્ત્રનું દાન કરવામાં આવે છે. આથી મન્ત્રના સ્વરૂપનો વિચાર કરવો પણ જરૂરી હોય છે.

દીક્ષામન્ત્રમાં આવતા ઈષ્ટદેવના નામને 'મન્ત્રભાગ'



કહેવામાં આવે છે, જ્યારે બાકીના ભાગને 'ઉપદેશ' કહેવામાં આવે છે. ધર્મસાધનામાં જોડાયેલા સાધક માટે દીક્ષામન્ત્ર (૧) ઈષ્ટદેવનું સ્મરણ કરાવવાનું તથા (૨) સાધક (અનુયાયી-શિષ્ય)ના કર્તવ્યો તેમજ (૩) સ્વરૂપનું ભાન કરાવવાનું અત્યંત મહત્ત્વપૂર્ણ કાર્ય કરે છે. અજાણ્યા માર્ગ પર ચાલનારા યાત્રી માટે નકશો જેટલો ઉપયોગી હોય છે તેટલો જ ઉપયોગી સાધકના માટે દીક્ષામન્ત્ર હોય છે. નકશા વડે યાત્રી પોતાનું લક્ષ્ય, લક્ષ્ય સુધી પહોંચવાનો માર્ગ તેમજ અત્યાર સુધી તેણે કેટલું અંતર કાપ્યું છે તે જોઈ-જાણી શકે છે. તે જ પ્રમાણે દીક્ષામન્ત્ર સાધકને તેનું (૪) લક્ષ્ય, (૫) લક્ષ્યને પ્રાપ્ત કરવાનો ઉપાય તેમજ (૬) તેની સાધના ક્યાં સુધી પહોંચી છે તેનો બોધ કરાવે છે. આથી દીક્ષામન્ત્રનું જ્ઞાન ન ધરાવનાર કે તેનું નિરંતર સ્મરણ ન કરનાર શિષ્ય પણ તેવી જ રીતે માર્ગભ્રષ્ટ થઈ શકે છે જેવી રીતે અજાણ્યા રસ્તે જનાર યાત્રી તેનો નકશો ખોવાઈ જતાં કે નકશાને જોવાનું ભૂલી જતાં ભૂલો પડી જાય છે. આથી દીક્ષામન્ત્રનું જ્ઞાન તેમજ નિત્ય સ્મરણ દરેક દીક્ષિત-અનુયાયી માટે જરૂરી હોય છે.

### મન્ત્રની ગોપનીયતા :

દીક્ષામન્ત્રને ગુપ્ત રાખવાનો શાસ્ત્રનો નિયમ છે. આથી અદીક્ષિત (જેણે દીક્ષા લીધી ન હોય તેવા) ને દીક્ષામન્ત્રનું જ્ઞાન ન થવા દેવું જોઈએ. આ જ કારણ છે કે દીક્ષામન્ત્રનો જાહેરમાં ઉચ્ચાર કરવાની, છાપવા-લખવાની કે ટેપરેકોર્ડર જેવા સાધનોમાં સંગ્રહીત કરવાની મનાઈ ફરમાવવામાં આવે છે. દીક્ષામન્ત્રનું મહત્ત્વ, ગરિમા તેમજ પવિત્રતા જળવાઈ રહે તેવા હેતુથી આવા નિયમો સમ્પ્રદાયમાં રાખવામાં આવતા હોય છે. રાષ્ટ્રગીત ગાવાની બાબતમાં જે કારણે કોઈ ચોકકસ પ્રકારના નિયમો હોય છે તેમ દીક્ષામન્ત્રના ઉચ્ચારણમાં પણં ઉપરોક્ત નિયમો સમજી શકાય છે.

**૪. દીક્ષાસ્થાન :**

દીક્ષાનો પ્રસંગ ગુરુ તેમજ શિષ્ય બંને માટે ખૂબ જ પવિત્ર હોય છે. આવા પવિત્ર પ્રસંગ માટેનું સ્થળ પણ પવિત્ર હોવું આવશ્યક હોય છે. આથી, જે સ્થળે જવાથી મનમાં શાંતિ, પવિત્રતા તેમજ શ્રધ્ધાભાવની સ્ફૂર્તિ થતી હોય તે સ્થળ દીક્ષા માટે યોગ્ય ગણાય. લગ્નપ્રસંગની ગરદીમાં, ઘોંઘાટિયા વાતાવરણમાં, ધક્કા-મુક્કી વચ્ચે કે રસ્તે ચાલતાં ગમે તેવા સ્થળે દીક્ષા આપવામાં આવે તો દીક્ષાના રહસ્યને કે દીક્ષા પછીના કર્તવ્યને સમજવાની વાત તો દૂર રહી, પોતે કાંઈ ઉત્તમ દુર્લભ વસ્તુ પ્રાપ્ત કરી છે એવા અહોભાવ-સૌભાગ્યની લાગણી પણ દીક્ષાર્થીના મનમાં જાગી નથી શકતી. આથી ગમે તેવા સ્થળે કે ગમે તેવા વાતાવરણમાં દીક્ષા આપવી એ સર્વથા અયોગ્ય છે.

**૫. દીક્ષાનો સમય :**

શિષ્યને સમ્પ્રદાયની સાધના શરૂ કરવા યોગ્ય બનાવવો એ દીક્ષા આપવાનું એક મુખ્ય પ્રયોજન હોય છે. આથી શિષ્ય જે સમયે સમ્પ્રદાયની સાધના કરવા માટે પૂર્ણપણે તૈયાર થઈ જાય તે સમય જ દીક્ષા આપવા માટેનો યોગ્ય સમય ગણાય છે. બાળકને પણ તો શાળામાં દાખલો (ઍડમિશન) ત્યારે જ આપવામાં આવતો હોય છે કે જ્યારે બાળક શાળામાં હાજર રહીને અભ્યાસ કરવા લાયક થઈ જાય!

સમય પૂર્વે દીક્ષા આપવામાં અનેક ભયસ્થાનો રહેલા હોય છે. જેમ, માટીના પાત્રમાં પાણી ભરી શકાય છે પરન્તુ પાત્ર પાકેલ માટીનું હોવું જોઈએ. ભૂલથી જો માટીના કાચા પાત્રમાં પાણી ભરી દેવામાં આવે તો પાણી તો ઢોળાઈ જ જશે, કાચા હોવાને કારણે પાત્રની પણ તૂટી-ફૂટી જવાની શક્યતા રહે છે. તે જ પ્રમાણે જો પાણી વધુ હશે અને પાત્ર નાનું હશે તો પણ પાણી ઢોળાઈ જશે. આ ઉપરથી ગુરુએ એ સમજવું



જરૂરી છે કે શિષ્યને કદાચ માર્ગમાં રુચિ હોય અને દીક્ષા મેળવવાની તીવ્ર ઈચ્છા પણ હોય પરન્તુ દીક્ષા લેવા યોગ્ય એની અવસ્થા ન હોય, એટલે કે એ માર્ગના કર્તવ્યોનું પાલન કરવા માટે તત્પર ન થયો હોય અથવા તો સ્વકર્તવ્યના પાલન કરવામાટે માનસિક શારીરિક પારિવારિક કે સામાજિક વગેરે કારણોસર તેને અનુકૂળતા ન હોય તો તેવા શિષ્યને દીક્ષા આપવાની ગુરુએ ન તો ઉતાવળ કરવી જોઈએ કે ન ઉદારતા દાખવવી જોઈએ. ગુરુ જો આ બાબતને ધ્યાનમાં નથી લેતો તો માટીના કાચા પાત્રમાં પાણી ભરવાથી જેવી હાલત પાત્રની થાય છે તેવી જ સ્થિતિ દીક્ષાર્થી શિષ્યની પણ થઈ શકે છે. સમય પૂર્વે દીક્ષા આપતાં દીક્ષા તો નિષ્ફળ જાય જ છે, શિષ્યને પણ હાનિ થવાની શક્યતા રહે છે.

આપણા માર્ગમાં નાની કે અબોધ અવસ્થામાં દીક્ષા લીધેલા એવા અસંખ્ય લોકોને સરળતાથી આપણે જોઈ શકીએ છીએ કે જેઓને પોતે દીક્ષા લીધી છે કે કેમ તેનું પણ ભાન નથી હોતું. આવા લોકોને પોતાના ગુરુ, શ્રીમહાપ્રભુજી, ઈષ્ટદેવ, માર્ગના સિધ્ધાંતો કે દીક્ષામન્ત્રનું પણ ભાન હોતું નથી. આથી મોટી દીક્ષાની બીજી નિષ્ફળતા શી હોઈ શકે છે! કેટલાક વળી ઉંમરમાં પાકા પરન્તુ માર્ગના સિધ્ધાંતનું જ્ઞાન, આચાર્ય તેમજ ઈષ્ટદેવના સ્વરૂપની સમજ તેમજ કર્તવ્યપાલન માં કાચા લોકો પણ દેવદુર્લભ દીક્ષા પ્રાપ્ત કર્યા છતાં પણ પોતાના જીવનમાં કાંઈ ધર્મલાભ પ્રાપ્ત કરી શકતા નથી. આવા લોકોએ પ્રાપ્ત કરેલી દીક્ષા નિષ્ફળ જાય છે. આ બધા પરથી ગુરુ તેમજ શિષ્ય બંનેએ સમજવું જરૂરી છે કે જો અયોગ્ય સમયે દીક્ષા આપવા કે લેવામાં આવે તો તેની સફળતા અનિશ્ચિત બની જાય છે. માટે ગુરુ કદાચ દીક્ષા આપવાની ઉદારતા દાખવતા પણ હોય, પરન્તુ શિષ્યોને જો એમ જણાતું હોય કે સમ્પ્રદાયના કર્તવ્યોનું પાલન કરવા માટે સમ્પ્રદાયના સિધ્ધાંતોનું જ્ઞાન તેને નથી અથવા જ્ઞાન હોવા છતાં સમ્પ્રદાયના સિધ્ધાંતો મુજબ આચરણ (પુષ્ટિમાર્ગના

સંદર્ભમાં વિચારીએ તો અન્યાશ્રયત્યાગ, ભગવત્સ્મરણ-કીર્તન, સત્સંગ, અનન્યાશ્રય, પ્રભુસેવા, અસમર્પિતત્યાગ) કરવાની તેની પૂરેપૂરી તૈયારી નથી તો શિષ્યે દીક્ષા લેવાની ઉતાવળ ન કરવી જોઈએ.

કોઈપણ સમ્પ્રદાયમાં પ્રવેશ મેળવવા માટે—

(૧) દીક્ષા

(૨) સમ્પ્રદાયવિપરીત આચરણનો ત્યાગ( = નિષિદ્ધ-ત્યાગ)

(૩) સમ્પ્રદાયાનુસારી આચરણ ( = વિહિતાચરણ)

આ ત્રણ શરતોનું પાલન થવું જરૂરી હોય છે. આમાં પણ દીક્ષા તો સમ્પ્રદાયાનુસારી આચરણ કરવાની માન્યતા માટે આપવામાં આવતી હોય છે. આથી જો સમ્પ્રદાયાનુસાર આચરણ ન હોય અને કોરી દીક્ષા જ લીધેલી હોય તો તેવી વ્યક્તિનો સમ્પ્રદાયમાં ખરેખર પ્રવેશ જ નથી થયો ગણાતો. નિષિધ્ધાચરણનો ત્યાગ અને વિહિતાચરણ વિનાની કેવળ દીક્ષાનું કોઈ મહત્ત્વ સમ્પ્રદાયની દૃષ્ટિએ હોતું નથી. શાળામાં દાખલો (ઍડમિશન) મેળવીને પણ જે વિદ્યાર્થી નિયમિતપણે શાળામાં ગેરહાજર રહેતો હોય તેનું નામ શાળાના રજિસ્ટરમાંથી કાઢી નાખવામાં આવતું હોય છે, તેનો દાખલો રદ્દ થઈ જતો હોય છે. કારણકે શાળામાં તેની નિયમિત ગેરહાજરી એ સૂચવે છે કે તે અભ્યાસ કરવામાં રસ નથી ધરાવતો. તે જ પ્રકારે દીક્ષા લઈ લીધા છતાં જે દીક્ષિત-અનુયાયી સમ્પ્રદાયના સિધ્ધાંતો મુજબ આચરણ કરવાનો પ્રયત્ન નથી કરતો તે અનુયાયી સમ્પ્રદાયમાં રસ નથી ધરાવતો તેવું સાબિત થાય છે. અને એ ભૂલવું ન જોઈએ કે આચરણવિહીન દીક્ષા નિરર્થક હોય છે. આથી દીક્ષાર્થી જ્યારે સિધ્ધાન્તો મુજબ આચરણ કરવા માટે પૂર્ણપણે તૈયાર થઈ જાય ત્યારે જ તેને ગુરુએ દીક્ષા આપવી જોઈએ. આ બાબતને સમજાવતી એક સુંદર ઘટના ચોર્યાસી વૈષ્ણવની વાર્તામાં વર્ણવાઈ છે.

શ્રીનરહરદાસનો જન્મ એક બ્રાહ્મણને ત્યાં થયો



હતો. તેઓને નાનપણથી શ્રીજગન્નાથરાયજી (શ્રીકૃષ્ણ) ઉપર ખૂબ જ શ્રધ્ધા-ભક્તિ હતી. પિતા હવે વૃધ્ધ થયા હતા. એક દિવસ પિતાએ શ્રીનરહરદાસને કમાવા માટે ટકોર કરી— "તું વારે ઘડીએ શ્રીજગન્નાથરાયજીના દર્શન કરવા જાય છે; તેઓ તને કાંઈ આપે છે? દર્શન કરવા આવવા-જવાના પૈસા પણ તો હું તને આપું છું; હું જો તને પૈસા ન આપું તો તું ભૂખ્યો જ મરશે!" ભગવાનની આવી નિંદા સાંભળી શ્રીનરહરદાસે પિતાનું ઘર છોડી દીધું. મનમાં સંકલ્પ કર્યો: હવે તો શ્રીજગન્નાથરાયજી આપે તો જ ખાઈશ; પિતાને બતાડી આપીશ કે શ્રીજગન્નાથરાયજી કેવા સમર્થ છે. એવામાં શ્રીજગન્નાથરાય-જીની કૃપાથી એમને શ્રીમહાપ્રભુજીનો ભેટો થયો. તેમણે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી— "આચાર્યજી! મને આપનો શિષ્ય બનાવો." શ્રીનરહરદાસનું મન અશાંત જાણીને આપે આજ્ઞા કરી— "નરહરદાસ! હજુ તારું મન પૈસામાં પડ્યું છે માટે ભગવદ્નામ ( = દીક્ષામન્ત્ર) તને ફળશે નહીં. તારા મનને સ્વસ્થ કરીને અમારી પાસે આવજે. ત્યારે તને શિષ્ય બનાવીશું."

દીક્ષાર્થીને દીક્ષા આપવાનો યોગ્ય સમય તે હોય છે જ્યારે તે માર્ગના સિધ્ધાંતોની સમજપૂર્વક પોતાના કર્તવ્યોનું આચરણ કરવા પૂર્ણપણે તૈયાર થઈ જાય છે. આ સિધ્ધાંતનું સમર્થન શ્રીમહાપ્રભુજીના ઉપરોક્ત વચનો સચોટ રીતે કરે છે.

**૬. ઉપક્રમ અને ભાવના :**

દીક્ષાનો પ્રસંગ ગુરુ તેમજ શિષ્ય બન્ને માટે એક દિવ્ય પ્રસંગ હોય છે. દીક્ષાવિધિ બાદ ગુરુ-શિષ્યનું એક નવું જ જીવન શરૂ થાય છે. અત્યાર સુધી જેઓ સામાન્ય પરિચિત મનુષ્ય હતા તેમાંથી દીક્ષાવિધિ પછી એક ધર્મમાર્ગનો પૂર્વગામી ( = આગળ ચાલનારો, માર્ગદર્શક, ભોમિયો)—ગુરુ કહેવાય છે જ્યારે બીજો ધર્મમાર્ગનો અનુગામી ( = પાછળ ચાલનારો)- શિષ્ય કહેવાય છે. દીક્ષાવિધિ પછીથી બન્નેની

એકબીજા પ્રત્યેની ફરજો અનેકગણી વધી જાય છે.

માતાપિતાદ્વારા જેમ બાળકનો જન્મ થાય છે તેમ દીક્ષાદ્વારા દીક્ષાર્થી-શિષ્યનો એક નવો જન્મ થાય છે, ધર્મમાર્ગ ઉપર ચાલવા માટે. આ જ કારણે આપણા ધર્મશાસ્ત્રમાં ગુરુને પિતાતુલ્ય માનવાનું કહ્યું છે. પિતા જેમ બાળકના પાલન-પોષણ-રક્ષણ તેમજ વિકાસનું કાર્ય સ્નેહભાવપૂર્વક કરતો હોય છે તેમ ગુરુએ પણ પોતાના શિષ્યનું **પાલન-પોષણ** તેને ધર્મસિધ્ધાંતોની સમજ આપીને, **રક્ષણ** તેને અધર્મથી દૂર રહેવા ચેતવીને તેમજ **વિકાસ** તેને ધર્મમાર્ગ પર ચાલતા રહેવાની પ્રેરણા સતત આપતા રહીને કરવાનું હોય છે. આવો પવિત્ર સંબંધ જે દીક્ષાવિધિથી સ્થાપિત થાય છે તેને સંપન્ન કરવાની પ્રક્રિયા (ઉપક્રમ)નું તેમજ તેમાં ગુરુ-શિષ્યની ભાવનાઓનું પણ અત્યંત શુધ્ધ તેમજ પવિત્ર હોવું જરૂરી હોય છે. ''બસો બાવન વૈષ્ણવોની વાર્તા''માં આ બાબતને સમજાવતી બહુ સુંદર એક ઘટના વર્ણવાઈ છે.

એક દિવસ શ્રીગુસાંઈજીએ પ્રવચનમાં આજ્ઞા કરી કે શુધ્ધ મનપૂર્વક જો શિષ્ય દ્વારા દીક્ષા લેવામાં આવે અને શુધ્ધ મનથી જો ગુરુ દ્વારા દીક્ષા આપવામાં આવે તો શ્રીમહાપ્રભુજીની કૃપાથી પ્રભુમાં દૃઢ આશ્રય સિધ્ધ થાય અને પુષ્ટિમાર્ગીય ફળ પ્રાપ્ત થાય. આપની આ આજ્ઞા એક ક્ષત્રિય વૈષ્ણવના હૃદયમાં ઉતરી ગઈ. શ્રીગુસાંઈજી જ્યારે એકાંતમાં બિરાજી રહ્યા હતા ત્યારે તેણે પોતાને આત્મનિવેદનદીક્ષા આપવાની પ્રાર્થના કરી. શ્રીગુસાંઈજીએ પોતાના જ્યેષ્ઠ પુત્ર શ્રીગિરિધરજીને બોલાવીને તે વૈષ્ણવને દીક્ષા આપવાની આજ્ઞા કરી. બીજે દિવસે પેલા વૈષ્ણવને દીક્ષા આપીને શ્રીગિરિધરજી તેમજ ક્ષત્રિય વૈષ્ણવ શ્રીગુસાંઈજી સન્મુખ આવ્યા ત્યારે આપે વૈષ્ણવની સામે જોયું તો દિવ્યદૃષ્ટિથી શ્રીગુસાંઈજીને જણાયું કે આત્મનિવેદન શુધ્ધતાથી થયું નથી. આપે શ્રીગિરિધરજીને આજ્ઞા કરી— ''વૈષ્ણવને ફરી ઉપવાસ કરાવો અને પછી શુધ્ધ મનથી તમે દીક્ષા આપો.'' શ્રીગિરિધરજીએ તે જ પ્રમાણે કર્યું અને પાછા



શ્રીગુસાંઈજી સન્મુખ આવ્યા. આપે ફરી આજ્ઞા કરી કે આત્મનિવેદન શુધ્ધતાથી થયું નથી. આપે આ વખતે વિશેષ આજ્ઞા કરતાં શ્રીગિરિધરજીને કહ્યું— ''એક ઉપવાસ તમે પણ કરો અને એક વૈષ્ણવને પણ ફરીથી કરાવો; પછી દીક્ષા આપો.'' આજ્ઞા પ્રમાણે બન્નેએ ઉપવાસ કર્યા. શ્રીગિરિધરજીએ દીક્ષા આપી. ફરી શ્રીગુસાંઈજી સન્મુખ આવ્યા. આપે ફરી આજ્ઞા કરી કે હજી વૈષ્ણવનું મન શુધ્ધ થયું નથી. માટે ફરી એક ઉપવાસ કરાવી દીક્ષા આપો. આ પ્રમાણે જ્યારે ફરી કરવામાં આવ્યું ત્યારે વૈષ્ણવનું મન અલૌકિક થઈને પ્રભુમાં લાગી ગયું!

આ પ્રસંગ ઉપરથી સમજી શકાય છે કે દાતા (ગુરુ) તેમજ પ્રતિગ્રહીતા (શિષ્ય) બન્નેનું મન દીક્ષાવિધિમાટે સંપૂર્ણપણે શુધ્ધ હોવું જરૂરી હોય છે. ગુરુએ મનમાંથી લાલચ, કપટ, અભિમાન, સ્પર્ધા, પાખંડ જેવા દુર્ભાવો કાઢી નાખી શિષ્યના આત્મકલ્યાણની શુધ્ધ-પવિત્ર ભાવના રાખી વિનમ્રતા તથા શ્રધ્ધા પૂર્વક દીક્ષા આપવી જોઈએ. તે જ પ્રમાણે શિષ્યે પણ ધર્મસમ્પ્રદાયના સિધ્ધાંતોને અનુસરી પોતાનું કલ્યાણ સાધવાનો ભાવ મનમાં રાખીને વિનમ્રતા તથા શ્રધ્ધા-ભાવપૂર્વક દીક્ષા લેવી જોઈએ.

## સમ્પ્રદાયોમાં દીક્ષાપ્રણાલી શામાટે?

સમ્પ્રદાયમાં દીક્ષાપ્રણાલી રાખવા પાછળના ચાર કારણો સામાન્યરીતે વિચારી શકાય છે:—

(૧) સંકલ્પ (૨) માન્યતા (૩) યોગ્યતા (૪) પવિત્રતા.

**૧. સંકલ્પ:**

કાર્ય કોઈ પણ કરવામાં આવે પરન્તુ કાર્યકર્તાના મનમાં તે કાર્યને પાર પાડવાનો સંકલ્પ = પાકો નિર્ધાર જો ન હોય તો કાર્ય પૂરું કરવામાં ઘણી મુશ્કેલીઓ પડતી હોય છે. પરન્તુ કાર્ય કરવાની સાથોસાથ તેની બાબતમાં જો પાકો નિર્ધાર-સંકલ્પ કરી લેવામાં આવે તો અડધી સફળતા તો ત્યારે જ મળી ગઈ ગણાય. વળી સંકલ્પ પણ જો કોઈ આદરણીય કે પૂજનીય વ્યક્તિ

સામે લેવામાં આવે તો મન વધુ મજબૂત-મક્કમ બની જતું હોય છે. આ પરથી સમજી શકાય છે કે સંકલ્પ એ કોઈ પણ કાર્ય કરવામાં ખૂબ જ મહત્ત્વની બાબત છે. પરન્તુ એક વાત ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે લેવા ખાતર લઈ નાખેલા સંકલ્પોથી કાંઈ વળતું નથી હોતું. જે કાર્ય કરવાનું હોય તેની પૂરેપૂરી સમજ અને પોતાની શક્તિ —આ બંને બાબતોનો યોગ્ય વિચાર કર્યા પછી જો સંકલ્પ કરવામાં આવે તો જ સફળતા મળે છે.

દીક્ષા પણ એક પ્રકારનો સંકલ્પ છે, પાકો નિર્ધાર છે, ગુરુને સાક્ષી રાખીને ભગવાન સામે લીધેલી પ્રતિજ્ઞા છે. આથી, પાખંડ વિના સાચા હૃદયથી યોગ્ય રીતે જો શિષ્ય દીક્ષા લે છે તો તે ચોક્કસપણે પોતાનું કલ્યાણ સાધી શકે છે.

**૨. માન્યતા :**

દરેક સંસ્થાની સ્થાપના કોઈ નિશ્ચિત ઉદ્દેશ્યને લક્ષમાં રાખીને થતી હોય છે. તે ઉદ્દેશ્યને સર કરવા માટે સંસ્થાના સ્થાપક / સ્થાપકો દ્વારા કોઈ વિશિષ્ટ કાર્યપ્રણાલી તેમજ કાર્યપ્રણાલીને અનુસરવા માટેના બંધારણ ( આમ કરવું - આમ ન કરવું જેવા વિધિ-નિષેધો ) ની પણ વ્યવસ્થા કરવામાં આવતી હોય છે. આવી કોઈપણ સંસ્થામાં પ્રવેશ મેળવવા ઈચ્છનારને તે સંસ્થાના સદસ્ય તરીકેની માન્યતા વિધિપૂર્વક મેળવવી પડતી હોય છે. સંસ્થાના માન્યતાપ્રાપ્ત સદસ્યોને સંસ્થા તરફથી અનેક પ્રકારની સવલતો-રાહતો-સંરક્ષણ અધિકારો વગેરે લાભો મળતા હોય છે. આ પ્રકારના લાભો સંસ્થાના સદસ્ય ન હોય તેઓને મળી નથી શકતા. સંસ્થાની માન્યતા મેળવવી કે સંસ્થાના સદસ્ય થવું એટલે સંસ્થામાં પ્રવેશવા ઈચ્છુક વ્યક્તિ સંસ્થાના લક્ષ્ય, કાર્યપ્રણાલી તેમજ બંધારણનો જ્યારે પૂર્ણપણે સ્વીકાર કરે ત્યારે સંચાલકો / વ્યવસ્થાપકો દ્વારા તેની યોગ્યતાની ચકાસણી કરીને સંસ્થાના સદસ્ય તરીકે તેનો વિધિપૂર્વક સ્વીકાર કરવો.



સમ્પ્રદાય પણ એક પ્રકારની ધાર્મિક સંસ્થા હોય છે. અજ્ઞાની લોકોને ધર્મનો માર્ગ ચીંધી તેમનું કલ્યાણ કરવું એવો આધ્યાત્મિક ઉદ્દેશ્ય સમ્પ્રદાયનો હોય છે. પોતાના આધ્યાત્મિક ઉદ્દેશ્યને પૂર્ણ કરવા માટે દરેક સમ્પ્રદાયની ( ભક્તિ-તપ-કર્મ-જ્ઞાન વગેરે જેવી ) આગવી-વિશિષ્ટ સાધનાપધ્ધતિ હોય છે. સાધના કરનારનું જીવન સામાન્યલોકો જેવું નહીં પરન્તુ પોતાના ઉદ્દેશ્યને અનુરૂપ અર્થાત્ આધ્યાત્મિક હોવું જોઈએ. સાધક પોતાના ઉદ્દેશ્યને અનુરૂપ જીવન જીવી શકે તે માટે તેણે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ તે બાબતના સિધ્ધાંતો પણ સમ્પ્રદાયના પ્રવર્તક ( દા.ત. શ્રીમહાપ્રભુજી ) દ્વારા સ્થાપિત કરવામાં આવતા હોય છે. આવા કોઈપણ સમ્પ્રદાયમાં જો પ્રવેશ મેળવવો હોય તો જેમ કોઈ સંસ્થાના સદસ્યો / સભ્યો થવા માટે તેના સંચાલકો દ્વારા સંસ્થાના સભ્ય તરીકેની માન્યતા મેળવવી પડતી હોય છે તેમ સમ્પ્રદાયના આચાર્યો દ્વારા તે સમ્પ્રદાયના અનુયાયી તરીકેની માન્યતા પણ મેળવવી પડતી હોય છે. આ માન્યતા મેળવવા માટે ઓછામાં ઓછી ત્રણ શરતો હોય છે :

(૧) સાધક( અનુયાયી / શિષ્ય )ને સમ્પ્રદાય જે લક્ષ્ય સુધી પહોંચાડતો હોય તે ફળ / લક્ષ્ય ( મોક્ષ કે ભક્તિ વગેરે )ની પ્રાપ્તિમાં દીક્ષા મેળવવા ઇચ્છનારને રુચિ હોવી જોઈએ.

(૨) લક્ષ્ય / ફળની પ્રાપ્તિ માટે સમ્પ્રદાયમાં જે સાધના ( જપ-તપ-યોગ-કર્મ-જ્ઞાન-ભક્તિ વગેરે ) કરવાનું કહ્યું હોય તે સાધનાને કોઈપણ જાતના ફેરફાર વિના પૂર્ણપણે અનુસરવાની તૈયારી દીક્ષાર્થીની હોવી જોઈએ.

(૩) સાધક તરીકે જીવન જીવવા માટે જે સિધ્ધાંતો પૂર્વાચાર્યો દ્વારા સ્થાપિત કરવામાં આવ્યા હોય તે સિધ્ધાંતોમાં પૂર્ણ શ્રધ્ધા-નિષ્ઠા રાખી તે મુજબ પોતાનું જીવન જીવવાની તૈયારી દીક્ષા મેળવવા ઇચ્છનારને હોવી જોઈએ.

ઉપરોક્ત ત્રણેય શરતોનો સ્વીકાર કરનારને ગુરુદ્વારા વિધિ ( દીક્ષા )પૂર્વક સમ્પ્રદાયના અનુયાયી તરીકેની માન્યતા પ્રાપ્ત થતી હોય છે.

આ પ્રકારની માન્યતાના ઘણા લાભો હોય છે. આને એક દૃષ્ટાંતદ્વારા સમજીએ.

કોઈપણ દેશમાં સામાન્યરીતે બે પ્રકારના લોકો વસતા હોય છે. એક તો એવા કે જેઓ દેશના નાગરિક હોવાનું કાયદેસર પ્રમાણપત્ર (રેશનકાર્ડ, જન્મનું પ્રમાણપત્ર, ઓળખપત્ર વગેરે) ધરાવતા હોય. અને બીજા એવા કે જેઓ તે દેશના મૂળભૂત નાગરિક ન હોય પરન્તુ આડોસપાડોસના દેશો કે દૂરના દેશોમાંથી ઘૂસણખોરી કરીને વસી ગયા હોય. આવા ઘૂસણખોરો સામાન્યરીતે દેશના નાગરિક હોવાનું કોઈપણ કાયદેસરનું પ્રમાણપત્ર ધરાવતા નથી હોતા. આ જ કારણે આવા ઘૂસણખોરો તે લાભો નથી મેળવી શકતા હોતા કે જે તે દેશના માન્યતાપ્રાપ્ત નાગરિકો મેળવતા હોય છે. માન્યતાપ્રાપ્ત નાગરિકોને મતદાન, પોતાના નામે કાયદેસર જમીન-મકાન ધરાવવા-વેચવા-વસિયત કરવા વગેરેના અધિકારો તેમજ અન્ય અનેક સરકારી સવલતો મળતી હોય છે. આવો નાગરિક સમગ્ર રાષ્ટ્રપરિવારનો એક સભ્ય ગણાય છે. તેની સુરક્ષા તેમજ સમૃધ્ધિની જવાબદારી આખાય રાષ્ટ્ર પર હોય છે. જ્યારે ઘૂસણખોર રહેવાસીને ઉપરોક્ત કોઈ પણ અધિકારો કે સવલતો મળતી નથી. તેના પર કોઈ વિશ્વાસ પણ કરતા નથી હોતા. કાયદાની દૃષ્ટિએ તે ગુનેગાર ગણાય છે.

દીક્ષાગ્રહણ કરીને જેણે સમ્પ્રદાયમાં પ્રવેશ કર્યો છે તે સમ્પ્રદાયનો માન્યતાપ્રાપ્ત અનુયાયી ગણાય છે. દેશના એક નાગરિકને જે લાભ દેશમાં મળે છે તેવા જ લાભો દીક્ષિત અનુયાયીને મળે છે. ગુરુ તેમજ શિષ્ય વર્ગ તેને પોતાના ધાર્મિક પરિવારનો જ એક સભ્ય સમજે છે. પરિવારનો કોઈ સભ્ય જો મુશ્કેલીમાં આવી પડે, અસમર્થ કે ભયભીત થઈ જાય તો જેમ પરિવારજનો તેની મદદે દોડી આવતા હોય છે તેમ સમ્પ્રદાયમાં દીક્ષિત અનુયાયીને પણ દરેક સમયે ગુરુ તેમજ સંગી અનુયાયીઓ તરફથી માર્ગદર્શન અને સહકાર મળી રહે છે.



**૩. પવિત્રતા :**

ધાર્મિક કાર્ય કરનાર માટે તે કાર્યના અનુરૂપ પવિત્ર થવું જરૂરી હોય છે. અહીં પવિત્રતા અને ચોખ્ખાઈને અલગ સમજવાં જોઈએ. દા.ત. માથું બોળીને શરીરને ઘસી-ઘસીને નહાનાર માણસ ચોખ્ખો હોઈ શકે છે. પરન્તુ ભગવત્કાર્ય કરવા માટે તે ત્યાં સુધી પવિત્ર નથી ગણાતો જ્યાં સુધી તે શુધ્ધમનથી પ્રભુનું ધ્યાન ધરીને ચરણામૃત લઈને કપાળે તિલક નથી કરી લેતો. સામાન્ય વ્યવહારમાં જેને ચોખ્ખાઈ ગણવામાં આવે છે તે દરેક વખતે પવિત્રતા નથી હોતી. પવિત્રતાના નિયમો ધર્મશાસ્ત્રમાં વર્ણવામાં આવ્યાં છે. તે મુજબ વર્તવાથી પવિત્ર થવાય છે.

પવિત્રતા બે પ્રકારની હોય છે :—

(૧) આન્તર
(૨) બાહ્ય.

**(૧) આન્તરપવિત્રતા :**

પ્રભુનામના શ્રવણ-સ્મરણ-કીર્તન, ઉપવાસ, પ્રાયશ્ચિત્ત-પશ્ચાત્તાપ, શુભ સંકલ્પ વગેરેથી આન્તરપવિત્રતા પ્રાપ્ત થાય છે.

**(૨) બાહ્યપવિત્રતા :**

શાસ્ત્રીય વિધિપૂર્વક સ્નાન, માર્જન (મન્ત્રોચ્ચારપૂર્વક પાણી છાંટવું) વગેરેથી બાહ્ય પવિત્રતા પ્રાપ્ત થાય છે.

મન્ત્રદીક્ષા દ્વારા શિષ્ય આ બન્ને પ્રકારની પવિત્રતા પ્રાપ્ત કરે છે :

— દીક્ષા ગ્રહણ કરવા જેવા પવિત્ર કાર્ય માટે કરેલું સ્નાન દેહને પાવન કરી દે છે.

— શ્રધ્ધાપૂર્વક કરેલ ઉપવાસ વડે દીક્ષાર્થીના દેહની આન્તરશુધ્ધિ થાય છે.

— "આટલા વખત સુધી હું આવી (દીક્ષા જેવી) ઉત્તમ વસ્તુથી વંચિત રહ્યો" આ પ્રકારનો પશ્ચાત્તાપ એના મનને નિર્મળ બનાવી દે છે.

— સ્વધર્મનું પાલન કરવાના સંકલ્પરૂપે શિષ્ય દીક્ષા ગ્રહણ કરે છે. સ્નાન ઉપવાસ અને પશ્ચાત્તાપથી નિર્મળ થયેલા દીક્ષાર્થીના તન-મન સ્વધર્મપાલનના શુભ સંકલ્પથી મન્ત્રગ્રહણ કરવા યોગ્ય બની જાય છે.

— ગુરુના મુખેથી સાંભળેલ તેમજ સ્વમુખે ઉચ્ચારેલ ઈષ્ટદેવનો નામમન્ત્ર શિષ્યને સ્વધર્મપાલન કરવા પ્રેરિત કરે છે.

**૪. યોગ્યતા :**

ભગવાને પોતાની આ લીલાસૃષ્ટિમાં જીવોને ભિન્ન-ભિન્ન સ્વભાવોવાળા બનાવ્યાં છે. આ સાથે, દરેક જીવોને પોતપોતાના સ્વભાવના અનુરૂપ શ્રેયપ્રાપ્તિનો ઉપાય મળી રહે તેવા હેતુથી ભગવાને વિભિન્ન ધર્મમાર્ગોનું સર્જન પણ કર્યું છે. જેમ કે પુષ્ટિજીવો માટે પુષ્ટિભક્તિમાર્ગ તેમજ મર્યાદાજીવો માટે શાસ્ત્રીય કર્મ-જ્ઞાન-ઉપાસના માર્ગો.

આજ્ઞાકારી સેવક સ્વામી દ્વારા સોંપવામાં આવેલ કાર્યને પોતાનું કર્તવ્ય સમજીને કરતો હોય છે અને તેમાં જ પોતાનું કલ્યાણ માનતો હોય છે. તેમ પ્રભુની આ લીલાસૃષ્ટિમાં દરેક જીવે પ્રભુદ્વારા નિર્મિત પોતાના સ્વભાવ (બીજભાવ, માર્ગરુચિ, વરણ) ને પારખીને તેના અનુરૂપ ધર્મમાર્ગમાં પ્રવેશ કરવો જોઈએ. આમાં જ બધા જીવોનું કલ્યાણ છે. આથી વિપરીત જો બધા જ જીવો કોઈ એક જ ધર્મમાર્ગનું અનુસરણ કરવા લાગી જાય તો તેઓ ક્યારે પણ પોતાના લક્ષ્યને પ્રાપ્ત ન કરી શકે. આવું ન થાય અને દરેક જીવ પોતપોતાના સ્વભાવ કે યોગ્યતા અનુસારના માર્ગમાં પ્રવેશ મેળવી પોતાનું કલ્યાણ સાધી શકે તે માટે દરેક માર્ગમાં દીક્ષાપ્રણાલીની વ્યવસ્થા હોય છે.

દીક્ષા એ કોઈ પણ માર્ગનું પ્રવેશદ્વાર હોય છે. દીક્ષા આપતાં પૂર્વે ગુરુએ એ જોવાનું હોય છે કે દીક્ષા લેવા આવનાર વ્યક્તિનો સ્વભાવ (રુચિ, બીજભાવ, વરણ) પોતાના માર્ગથી મળતાવડો છે કે કેમ. અર્થાત્ આવનાર



વ્યક્તિ માર્ગમાં પ્રવેશ મેળવવા યોગ્ય છે કે કેમ. ગુરુ માર્ગના રક્ષક હોય છે. ઘરમાં કોને આવવા દેવા, કોને આવવા ન દેવા એ કાર્ય જેમ ઘરના રક્ષક (ચોકીદાર) કરતા હોય છે તેમ ગુરુનું એ કર્તવ્ય હોય છે કે એ માર્ગમાં પ્રવેશ મેળવવા ઈચ્છનારા અયોગ્ય લોકોને માર્ગમાં પ્રવેશતા અટકાવે અને માર્ગ માટે જે સુયોગ્ય લોકો હોય તેઓને જ માત્ર માર્ગમાં પ્રવેશ આપે. માર્ગના રક્ષક તરીકે ગુરુની એ ફરજ છે કે જેમ ઘરનો ચોકીદાર ઘરમાં પ્રવેશવા ઈચ્છનારને તેના નામ, ઠામ, કામ વગેરે બાબતોની પૂછપરછ કરીને ઘરના માલિકની રજા લઈને પછી જ ઘરમાં પ્રવેશ આપતો હોય છે તેમ ગુરુ પણ દીક્ષા લેવા આવનારની યોગ્યતાની પ્રથમ ચકાસણી કરે ત્યાર બાદ દીક્ષા આપવા માટે શિષ્યની યોગ્યતાનું જે ધોરણ માર્ગના પ્રવર્તક આચાર્યો (દા.ત. શ્રીમહાપ્રભુજી) એ નક્કી કર્યું હોય તે ધોરણ પર દીક્ષા લેવા આવનાર ખરો ઉતરે છે કે કેમ તે ચકાસે. અને ત્યાર બાદ જો દીક્ષાર્થી પૂર્ણપણે યોગ્ય જણાય તો જ તેને દીક્ષા આપે, નહીં તો ન આપે. કારણકે અયોગ્ય વ્યક્તિને દીક્ષા આપવાથી માર્ગ, ગુરુ, તેમજ માર્ગમાં રહેલ અન્ય શિષ્યવર્ગ ત્રણેય ને ભયંકર હાનિ થાય છે.

આ પ્રકારે દીક્ષાવ્યાખ્યા, દીક્ષાદાનના છ અંગો તેમજ સમ્પ્રદાયોમાં દીક્ષાપ્રણાલી શા કારણે રાખવામાં આવે છે આ ત્રણેય બાબતોનો સામાન્ય સંદર્ભમાં વિચાર સમાપ્ત થયો. હવે પુષ્ટિભક્તિમાર્ગના સંદર્ભમાં દીક્ષાનો વિચાર કરવામાં આવે છે.

✱ ✱ ✱

## ૨. પુષ્ટિમાર્ગીયદીક્ષાનો વિચાર

નાટકના રંગમંચ ઉપર ઊભેલો એક પણ કલાકાર કારણ વિના ત્યાં ઊભો નથી રહેતો ; દરેકનું કાર્ય પૂર્વનિર્ધારિત જ હોય છે. તેમ પોતાની આ લીલાસૃષ્ટિરૂપી રંગમંચ પર રહેલા પ્રત્યેક જીવને પ્રભુએ વિશિષ્ટ પ્રયોજનથી ઉત્પન્ન કર્યા છે. આથી પ્રત્યેક જીવનું કાર્ય ભગવાન દ્વારા પૂર્વનિર્ધારિત જ હોય છે. તેથી જ પુષ્ટિજીવોની ઉત્પત્તિમાં પ્રભુવિચારિત પ્રયોજનને બતાવતાં 'પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ'ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે :

"ભગવદ્રૂપસેવાર્થં તત્સૃષ્ટિઃ"

ભાવાર્થ: પુષ્ટિજીવોની ઉત્પત્તિ પ્રભુની સ્વરૂપસેવા માટે જ થયેલી છે.

પુષ્ટિજીવોની ઉત્પત્તિનું આટલું ઉત્તમ પ્રયોજન હોવા છતાં પ્રભુથી છૂટા પડી જવાને કારણે તથા અજ્ઞાન કરાવનારી ભગવાનની અવિદ્યા-માયાશક્તિના સંસર્ગને કારણે પુષ્ટિજીવો પોતાના તથા પ્રભુના સ્વરૂપનું, પ્રભુ સાથે જીવાત્માના સંબંધનું તેમજ પ્રભુ પ્રત્યે પોતાના કર્તવ્યનું જ્ઞાન વિસરી જઈ ઘર-સંસાર જેવી લૌકિક જંજાળમાં ઊંડે સુધી ખૂંપી ગયા હતા. પોતાના અત્યંત પ્રિય પુષ્ટિજીવો, કે જેમની ઉત્પત્તિનું પ્રયોજન જ પોતાની (પ્રભુની) સેવા કરવાનું હતું, તેઓની આવી દયનીય અવસ્થા જોઈને પુષ્ટિજીવોને તેમના મૂળ કર્તવ્ય પ્રભુસેવા તરફ વાળવા માટે પ્રભુએ શ્રીમહાપ્રભુજીને પુષ્ટિભક્તિમાર્ગ પ્રકટ કરવાની આજ્ઞા કરી.

**દ્વિવિધદીક્ષા :**

ભારોભાર અજ્ઞાન તથા અહંતા-મમતાથી ભરેલા જીવોને પ્રભુસેવામાં પ્રવૃત્ત કરતાં પૂર્વે તેઓને પ્રભુસેવા કરવા યોગ્ય બનાવવા જરૂરી હતા. પ્રભુસેવામાં પ્રવૃત્ત થનારા પુષ્ટિજીવો માટે ભગવદાશ્રય, અન્યાશ્રયત્યાગ, સર્વસમર્પણ, અસમર્પિત-ત્યાગ, દુઃસંગત્યાગ વગેરે સ્વમાર્ગના પાયાના સિધ્ધાંતોનું જ્ઞાન હોવું જરૂરી હોય છે. સાથોસાથ પોતાના ઘર-પરિવારમાં પ્રભુસેવા કરવા યોગ્ય વાતાવરણ બનાવવું તેમજ પોતાના



મનને પણ વિવેક* ધૈર્ય* તેમજ આશ્રય* વડે સેવાયોગ્ય બનાવવું આવશ્યક હોય છે. આ સર્વે યોગ્યતાઓ મેળવવા માટે જેમ આધુનિક શિક્ષણવ્યવસ્થામાં પ્રાથમિક શાળાની જોગવાઈ હોય છે તેમ શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગમાં શરણમાર્ગની જોગવાઈ કરી છે. અષ્ટાક્ષરમહામન્ત્રની દીક્ષાદ્વારા પ્રભુસેવા કરવા ઈચ્છુક જીવનો શરણમાર્ગમાં પ્રવેશ થાય છે.

શરણમાર્ગના કર્તવ્યોનું પાલન કરતાં-કરતાં શરણમાર્ગી જ્યારે પ્રભુસેવા કરવાની પૂરેપૂરી યોગ્યતા કેળવી લે છે ત્યારે પોતાના ઘરમાં પ્રભુને પધરાવીને પોતાના સર્વસ્વનું સમર્પણ કરીને પ્રભુસેવા કરવાનો અધિકાર મેળવવા માટે તેને આત્મનિવેદનની દીક્ષા આપવામાં આવે છે.

પુષ્ટિમાર્ગના અંતર્ગત શરણમાર્ગ તેમજ સમર્પણમાર્ગ આમ બે માર્ગો છે. આથી આ બે માર્ગોમાં પ્રવેશ કરાવવા માટે અનુક્રમે શરણદીક્ષા તેમજ સમર્પણદીક્ષા આપવામાં આવે છે. શરણદીક્ષાને અષ્ટાક્ષરદીક્ષા, નામદીક્ષા વગેરે નામોથી પણ સંબોધવામાં આવે છે. તે જ રીતે સમર્પણદીક્ષાને આત્મનિવેદનદીક્ષા, બ્રહ્મસંબંધદીક્ષા, નામનિવેદનદીક્ષા વગેરે નામોથી પણ ઓળખવામાં આવે છે.

કોઈપણ દાનમાં છ અંગોનો વિચાર અનિવાર્ય હોય છે તે આપણે પૂર્વે જોઈ ગયા છીએ. તે અન્વયે પુષ્ટિભક્તિમાર્ગમાં પણ દીક્ષાદાનમાં દાનના છયે અંગોનો વિચાર ખૂબ ઊંડાણપૂર્વક કરવામાં આવ્યો છે. હવે પુષ્ટિમાર્ગીય દીક્ષાના સંદર્ભમાં દાનાંગનો વિચાર કરીએ.

### સામ્પ્રદાયિક દીક્ષાદાનાંગવિચાર

**૧. પુષ્ટિમાર્ગીયદીક્ષાદાતા :**

પુષ્ટિમાર્ગીય ફળની પ્રાપ્તિ માટે કયા લક્ષણો ધરાવનારને ગુરુ બનાવવા જોઈએ તેનું નિરૂપણ શ્રીઆચાર્યચરણે પોતાના

---

*વિવેક-ધૈર્ય : જુઓ 'પુષ્ટિપ્રવેશ -૨' પૃ. ૧૯.
*આશ્રય : જુઓ 'પુષ્ટિપ્રવેશ -૨' પૃ. ૧.

'તત્ત્વાર્થદીપનિબંધ'ગ્રંથમાં નીચે મુજબ કર્યું છે:

કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દંભાદિરહિતં નરમ્।
શ્રીભાગવતતત્ત્વજ્ઞં ભજેદ્ જિજ્ઞાસુરાદરાત્॥

ભાવાર્થ: દીક્ષા આપનાર પુરુષ કૃષ્ણસેવામાં તત્પર છે કે નહીં, દંભ-કામ-લોભ-પ્રતિષ્ઠાની લાલસા જેવા દુર્ગુણોથી રહિત છે કે નહીં, તેમજ શ્રીભાગવતપુરાણના મર્મનો જાણકાર છે કે નહીં —આટલા લક્ષણો ઝીણવટપૂર્વક ચકાસી લીધા પછી જો ઉપરોક્ત લક્ષણો તેનામાં હોય તો જ તેને ગુરુ બનાવવો જોઈએ.

ઉપરોક્ત શ્લોકમાં પુષ્ટિમાર્ગીય દીક્ષા આપનારમાં હોવા જોઈતા ચાર લક્ષણો ગણાવવામાં આવ્યા છે:—

(૧) કૃષ્ણસેવાપરાયણતા (૨) દંભાદિરહિતતા
(૩) શ્રીભાગવતતત્ત્વજ્ઞતા (૪) નરત્વ.

૧. કૃષ્ણસેવાપરાયણતા :

દીક્ષાદાતામાં હોવા જોઈતા આ લક્ષણને સમજાવતાં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે:

જે ગુરુ પ્રભુની સેવા કરવાનો ઉપદેશ શિષ્યને આપતો હોય છે તે પોતે જો પ્રભુસેવાને ઉત્તમ ગણતો હોય તો શા માટે પોતે પણ પ્રભુસેવામાં તત્પર ન થાય? તેથી જે પ્રભુસેવામાં તત્પર હોય તેને જ ગુરુ બનાવવો જોઈએ.

શ્રીઆચાર્યચરણના વિધાનનો સાર એ જ છે કે ગુરુ જે સદુપદેશ કરે છે તેને જો પ્રથમ પોતાના આચરણમાં નથી મૂકતો તો તેવા આચરણવિહીન કોરા ઉપદેશોનો પ્રભાવ શિષ્ય ઉપર પાડી શકતો નથી. આથી "ડાહી સાસરે જાય નહીં અને ગાંડીને શિખામણ આપે" જેવો ઘાટ ન થાય તે માટે જે કર્તવ્યનો ઉપદેશ પોતે કરે છે તેને ગુરુ પ્રથમ પોતાના આચરણમાં મૂકે પછી શિષ્યને ઉપદેશ કરે તો તે ઉત્તમ ઉપદેશ ગણાય. આથી ગુરુ સ્વકર્તવ્યના પાલનમાં નિષ્ઠાવાળો હોવો જોઈએ.



૨. દંભાદિરહિતતા :

ગુરુના આ લક્ષણનું વિવેચન કરતાં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે:

પ્રભુસેવાપરાયણ હોય તેને જ ગુરુ બનાવવો જોઈએ. પ્રભુસેવા પરન્તુ તે ભક્તિભાવ સિવાય બાહ્ય દેખાવ માટે અથવા તો પૈસા કે પ્રતિષ્ઠા મેળવવાના લોભ-લાલચ જેવા કોઈ અન્ય કારણોથી કરતો ન હોવો જોઈએ. આથી ગુરુ થવા જનાર પુરુષમાં દંભ વગેરે દુર્ગુણો ન હોવા જોઈએ.

૩. ભાગવતતત્ત્વજ્ઞતા :

શ્રીભાગવતપુરાણના તત્ત્વ (સારરૂપધર્મ) ના જાણકાર પુરુષને ગુરુ કરવો જોઈએ. આ લક્ષણનું વિવેચન કરતાં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે:

ભગવાને પોતાની સેવા જે પ્રકારે કરવાનું શ્રીભાગવતાદિમાં કહ્યું છે તે પ્રકારે જો કરવામાં આવે તો જ ભક્તિમાર્ગીય ફળ પ્રાપ્ત થાય છે. અને જો પ્રભુસેવા કરવા પાછળ મનમાં કંઈક અન્ય જ (કામ-લોભ-પ્રતિષ્ઠા જેવા) ભાવો રહેતા હોય તો તેવી સેવા સફળ થતી નથી. સેવા તેમજ સેવા કરવા પાછળ રહેલી ભાવના વગેરે બાબતોનું સાચું સ્વરૂપ જાણી શકાય તે હેતુથી ગુરુનું શ્રીભાગવતના તત્ત્વના જાણકાર હોવું જરૂરી છે.

૪. નરત્વ :

પ્રભુચરણ શ્રીગુસાંઈજી 'શ્રીસર્વોત્તમસ્તોત્ર'માં લખે છે:—

ભુવિભક્તિપ્રચારૈક કૃતે સ્વાન્વયકૃત્ પિતા

ભાવાર્થ: પુષ્ટિજીવોમાં પુષ્ટિભક્તિનો પ્રચાર ભવિષ્યમાં પણ થતો રહે તેવા હેતુથી જ મારા પિતા શ્રીમહાપ્રભુજીએ પોતાના વંશને પ્રકટ કર્યો છે.

શ્રીગુસાંઈજીનું આ કથન તેમજ ગુરુના લક્ષણોનું નિરૂપક શ્રીમહાપ્રભુજીનું કથન તે બંને કથનોનો જો સમન્વય કરવામાં આવે તો કૃષ્ણસેવામાં તત્પર, દંભ વગેરે દુર્ગુણોથી રહિત તેમજ શ્રીભાગવતના તત્ત્વને જાણનાર શ્રીમહાપ્રભુજીનો વંશજ પુષ્ટિમાર્ગીય દીક્ષા આપવા માટે યોગ્ય ગણાય. અહીં પરન્તુ વિચારવાની વાત એ છે કે વંશમાં તો સ્ત્રી તેમજ પુરુષ ( પુત્રી-પુત્ર ) બંને હોય છે. આ સ્થિતિમાં શું શ્રીવલ્લભવંશજ સ્ત્રી-પુરુષો બંનેને દીક્ષા આપવા માટે યોગ્ય ગણી શકાય ? આ બાબતમાં સિધ્ધાન્ત આ પ્રમાણે છે.

શ્રીમહાપ્રભુજીએ ગુરુના લક્ષણ બતાવતા શ્લોકમાં 'નર' શબ્દનો પ્રયોગ કર્યો છે. આથી વલ્લભવંશજ જો કે સ્ત્રી પુરુષ બંને હોય છે તેમ છતાં દીક્ષા આપવાનો અધિકાર ગુરુના અન્ય લક્ષણો ધરાવનાર પુરુષવંશજનો જ છે. સ્ત્રીવંશજો ( પુત્રી = બેટીજી ) નો નથી હોઈ શકતો.

**કેવા વલ્લભવંશજને ગુરુ ન બનાવી શકાય ?**

અહીં એક બાબત સાવધાનીપૂર્વક ધ્યાનમાં લેવા યોગ્ય છે. શ્રીઆચાર્યચરણ દ્વારા સ્વમાર્ગીય દીક્ષાદાનનો અધિકાર પોતાના વંશજોને અપાયો હોવાથી જો કોઈ કારણસર કોઈક વલ્લભવંશજ શ્રીમહાપ્રભુજીએ નિધરિલ ગુરુના લક્ષણો કેળવવા તરફ દુર્લક્ષ સેવે અને તે કારણોસર જો તેનામાં ગુરુના જરૂરી લક્ષણો ન દેખાતાં હોય તો તે એક વલ્લભવંશજ છે એટલા માત્રથી તેને ગુરુ ન બનાવવો જોઈએ.

**ગુરુનો ત્યાગ ક્યારે ?**

મંગલાચરણના એક શ્લોકમાં ગુરુનું લક્ષણ આપતાં કહેવાયું છે કે શિષ્યને જ્ઞાન આપીને તેનું અજ્ઞાન જે દૂર કરે છે તેને ગુરુ કહેવામાં આવે છે. આથી, શિષ્યને દીક્ષાદાન પૂર્વક જ્ઞાન આપવાથીજ વ્યક્તિનું ગુરુપણું સાબિત થતું હોય છે. તૈત્તિરીયઉપનિષદ્‌માં કહેવાયું છે કે આચાર્ય( = ગુરુ ) અને અન્તેવાસી( = શિષ્ય ) ને પરસ્પર જોડીને રાખનાર—સન્ધિ વિદ્યા હોય છે. આચાર્ય તેમજ



શિષ્ય વચ્ચે વિદ્યારૂપી સન્ધિ, આચાર્યદ્વારા શિષ્યને અધ્યાપન કરાવવાથીજ સધાતી હોય છે. માટેજ, પોતાના શિષ્યને સ્વમાર્ગીય સિદ્ધાન્તગ્રન્થો ભણાવવા એ ગુરુનું પ્રાથમિક અને અનિવાર્ય કર્તવ્ય હોય છે. કારણ કે, શિષ્યને ભણાવ્યા સિવાય દીક્ષા આપી દેવા માત્રથી વ્યક્તિનું ગુરુપણુંજ સિદ્ધ નથી થતું હોતું એ વાત હવે આપણે સારી રીતે જાણી ગયા છીએ. આથીજ 'સ્મૃતિચન્દ્રિકા'માં વશિષ્ઠ તથા યમ ઋષિઓ દ્વારા કહેવાયું છે કે જે ગુરુ વિદ્યાર્થી-શિષ્યને ભણાવતો નથી તે શાસ્ત્રીય કર્મો કરવામાટે અયોગ્ય ગણાય છે. અને, દીક્ષા લીધાને એક વર્ષ વીતી ગયું હોય છતાં હજુ સુધી ગુરુએ જેને અધ્યાપન કરાવ્યું નથી તે શિષ્યના સમસ્ત પાપ ગુરુના ભાગે જાય છે. આથીજ, ગૌત્તમધર્મસૂત્રમાં લખ્યું છે:

> જેની પાસેથી દીક્ષા લીધી હોય તે ગુરુ જો પોતેજ કશું જાણતો ન હોય, એટલે કે ( ૧ ) અજ્ઞાની હોય ; અથવા જાણતો બધું હોય પરન્તુ ( ૨ ) શિષ્યને અભ્યાસ ન કરાવતો હોય ; અથવા ( ૩ ) ગુરુ પાપકર્મ કરતો હોય, તો તેવા ગુરુનો ત્યાગ કરી દેવો જોઈએ.

ગુરુ-શિષ્યના સમ્બન્ધમાં કેટલી ઊંચી અને પવિત્ર ભાવના આપણા ઋષિ-મુનિઓએ ભતાવી છે ! કેટલી ગમ્ભીરતાથી આપણી ધર્મપરંપરામાં દીક્ષાપ્રણાલીને લેવામાં આવી હતી ! જ્યારે આજે તો ...

**ગુરુના અભાવમાં શું કરવું ?**

ધારો કે; ગુરુના લક્ષણો જેમાં હોય તેવો એક પણ વલ્લભવંશજ જડતો ન હોય અથવા; ઉપરોક્ત કોઈ કારણોસર ગુરુનો ત્યાગ કરવો પડે એવી પરિસ્થિતિમાં પણ જો કોઈક ભગવત્કૃપાપાત્ર જીવમાં શ્રીમહાપ્રભુજીના માર્ગ અનુસાર પ્રભુસેવા-સ્મરણમય જીવન જીવવાની તાલાવેલી જાગે તો તેવી સ્થિતિમાં તેણે શું કરવું ? ગુરુના અભાવમાં શું આવા ઉત્તમ માર્ગથી વંચિત ( અળગા ) રહેવું ? આ

સમસ્યાનું સમાધાન 'નિબંધ'ગ્રંથ અને તેના પરની શ્રીપુરુષોત્તમજીકૃત 'આવરણભંગ' ટીકામાં અપાયું છે :—

> ગુરુના લક્ષણો ધરાવનાર એક પણ વલ્લભવંશજ પુરુષ ન મળતો હોય તેવી સ્થિતિમાં, કેમ કે શ્રીમહાપ્રભુજી તો સમગ્ર માર્ગના ગુરુ છે જ માટે, શ્રીમહાપ્રભુજીને પોતાના ગુરુ માનીને માર્ગની રીતે પ્રભુસેવા-સ્મરણમાં જાતે જ લાગી જવું જોઈએ. (આવી સ્થિતિમાં માર્ગની સમજ કોની પાસેથી મેળવવી તે બાબતમાં શ્રીપુરુષોત્તમજી આજ્ઞા કરે છે:) જેઓ જાતે જ ભગવત્સેવા કરતા થયા હોય તેઓ સેવાપ્રકાર વગેરે વિષયમાં જો કોઈક વિશેષ માહિતી મેળવવા માંગતા હોય તો તેવા કોઈક જાણકાર ભગવદીય દ્વારા માહિતી મેળવી શકે છે.

શ્રીહરિરાયચરણ પણ 'સ્વમાર્ગીય-શરણ-સમર્પણ-સેવાદિનિરૂપણમ્' નામના ગ્રન્થમાં આજ્ઞા કરે છે :

> આધુનિક વલ્લભવંશજ જો ગુરુના લક્ષણ ધરાવતા ન હોય પરન્તુ તેઓ ઉપદેશ જો સર્વલક્ષણસંપન્ન ગુરુ શ્રીમહાપ્રભુજીના સિધ્ધાંત અનુસાર આપતા હોય તો તેવો ઉપદેશ સદ્ગુરુના ઉપદેશની માફક જ ફળ આપનારો હોઈ શકે છે. પરન્તુ આધુનિક વલ્લભવંશજોની બુદ્ધિ દુઃસંગ વગેરે (પૈસા કે પ્રતિષ્ઠા ની લાલચ, અન્યાશ્રય) દોષોથી માર્ગના સિદ્ધાન્તોથી વિપરીત તો નથી થઈ ગઈ તે ચકાસી લેવું.

આથી, આધુનિક ઉપદેશકો જો શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તોથી વિપરીત ઉપદેશ (જેમ કે સેવા ત્રણ પ્રકારે થઈ શકે: તનુજા, વિત્તજા, માનસી; પુષ્ટિમાર્ગમાં દેવદ્રવ્ય ન થાય; સાર્વજનિક મંદિર-સેવાપ્રકાર પુષ્ટિમાર્ગમાં માન્ય છે; સિધ્ધાંતો બધા વૈષ્ણવો માટે છે, ગુરુ માટે નહીં; દેવદ્રવ્યનો પ્રસાદ ખાઈ શકાય; કોઈના મર્યા પાછળ ભાગવત બેસાડી શકાય; વૈષ્ણવોના શ્રીઠાકોરજી પૂર્ણપુરુષોત્તમ નથી હોતા પણ ગુરુ તરીકે બિરાજતા હોય છે તેથી ઉતરતા હોય છે જ્યારે ગુરુના શ્રીઠાકોરજી મોટા-ચઢિયાતા સર્વોધ્ધારક હોય છે;



હવેલી-મંદિરોમાં ભેટ-સામગ્રી શ્રીઠાકોરજી માટે આપવા જોઈએ; શ્રીઠાકોરજીના મનોરથો કરાવવા જોઈએ; બાંધેલો નેગ ઘટાડવો ન જોઈએ) આપતા હોય તો તેવા ઉપદેશ પ્રમાણે અનુસરણ કદાપિ ન કરવું જોઈએ.

**૨. પુષ્ટિમાર્ગીય શિષ્ય :**

પોતાની સ્વરૂપસેવા માટે ઉત્પન્ન કરેલા પુષ્ટિજીવોનું અજ્ઞાન તેમજ સંસારાસક્તિ છોડાવીને તેમને પોતાની (પ્રભુની) સ્વરૂપસેવામાં જોડવા માટે ભગવાને શ્રીમહાપ્રભુજીને પુષ્ટિભક્તિમાર્ગ પ્રકટ કરવાની આજ્ઞા કરી. આથી ''આ જીવો સર્વસમર્પણપૂર્વક મારી સેવા કરે'' એવી કૃપાપૂર્ણ ઈચ્છા પ્રભુની જે જીવો માટે છે તેવા પુષ્ટિજીવો માટે જ આ પુષ્ટિભક્તિમાર્ગ છે. આ કારણે પુષ્ટિમાર્ગમાં પ્રવેશ માત્ર પુષ્ટિજીવોને જ આપી શકાય છે. શ્રીમહાપ્રભુજી વિરચિત 'સિધ્ધાંતરહસ્ય' ગ્રંથની વ્યાખ્યામાં શ્રીપુરુષોત્તમજી આ વિષયને સમજાવતાં લખે છે :—

> જેઓ પૂર્વે (પ્રભુના ધામમાં) ભગવદ્ભક્તો હતા પરન્તુ હાલમાં પૃથ્વીપર કોઈ કારણસર અવતર્યા છે તેવા પુષ્ટિજીવો માટે જ આ પુષ્ટિમાર્ગ છે. તેઓ જ પુષ્ટિમાર્ગમાં પ્રવેશવાનો અધિકાર ધરાવે છે. આથી બ્રહ્મસંબંધ દ્વારા દોષોની નિવૃત્તિ પણ જો તે જીવોનો બ્રહ્મસંબંધ કરાવવામાં આવે તો જ થાય છે. (અન્ય જીવોનો બ્રહ્મસંબંધ કરાવવા છતાં તેઓના દોષો દૂર થતાં નથી. તેઓનો બ્રહ્મસંબંધ જ ખરેખર થતો નથી). આથી પ્રભુસેવા વડે પ્રાપ્ત થતાં ફળની પ્રાપ્તિમાં પણ અધિકાર પૂર્વોક્ત જીવોનો જ છે. આથી બ્રહ્મ સાથે સંબંધ તેવા જીવોનો જ કરાવવો જોઈએ.

## પુષ્ટિજીવ કેમ પરખાય ?

પુષ્ટિમાર્ગીય ફળ આપવાની ઈચ્છાથી જે જીવો પર પ્રભુ કૃપા કરે છે તે કૃપાપાત્ર જીવો જ પુષ્ટિજીવ કહેવાય છે. કોઈ જીવ ઉપર પ્રભુની કૃપા છે કે નહીં એ તે જીવને જોવા માત્રથી જાણી નથી શકાતું. કારણકે પ્રભુની

કૃપા તો અપ્રત્યક્ષ (જોઈ ન શકાય તેવી) હોય છે. પરન્તુ જો કોઈ જીવને પુષ્ટિમાર્ગીય સિધ્ધાન્ત પ્રમાણે પોતાનું સર્વ પ્રભુને સમર્પણ કરીને પ્રભુના સેવા-સ્મરણમય જીવન વીતાવવાની રુચિ થાય તો સમજવું જોઈએ કે પ્રભુની કૃપા તે જીવ ઉપર છે. કારણકે પ્રભુકૃપા વિના આ પ્રકારની રુચિ પુષ્ટિમાર્ગમાં જાગી શકતી નથી.

## રુચિ થવાનો પ્રકાર:

દૈવી જીવો પૈકી જે જીવને પુષ્ટિમાર્ગમાં લાવવા પ્રભુ ઈચ્છા કરે છે તે જીવને પ્રભુકૃપાથી પુષ્ટિમાર્ગીય ભક્તનો સત્સંગ મળે છે. સત્સંગ દરમ્યાન ભક્તોના મુખે પ્રભુના સ્વરૂપ-લીલા-ગુણોને, શ્રીમહાપ્રભુજીના તેમજ પુષ્ટિભક્તોના ચરિત્ર તથા સ્વરૂપને તેમજ પુષ્ટિમાર્ગના સિધ્ધાંતોને સાંભળવાનો અનુભવવાનો લાભ મળવાથી તે જીવની રુચિ પુષ્ટિભક્તિમાર્ગમાં જાગે છે. કેટલાક વિશેષ કૃપાપાત્ર જીવોમાં તો વિના કોઈ નિમિત્તે સાક્ષાત્ પ્રભુદ્વારા થતી અન્તઃપ્રેરણાથી પણ પુષ્ટિભક્તિમાર્ગમાં રુચિ સમ્ભવી શકે છે. આ પ્રકારની માર્ગરુચિવાળો જીવ પુષ્ટિમાર્ગમાં પ્રવેશ મેળવવા યોગ્ય ગણાય છે.

ગુરુનું એ કર્તવ્ય છે કે એ દીક્ષા લેવા આવનારની માર્ગરુચિની પ્રથમ પરીક્ષા કરે અને જો દીક્ષાર્થી ખરેખર પુષ્ટિમાર્ગના સિધ્ધાંતો મુજબ પ્રભુના સેવા-સ્મરણમય જીવન જીવવા તત્પર જણાય તો જ તેને પુષ્ટિમાર્ગીય દીક્ષા આપે. ગુરુએ એ કદી પણ ભૂલવું ન જોઈએ કે અયોગ્ય વ્યક્તિને દીક્ષા આપવાથી ખુદ ગુરુનો જ નાશ થાય છે. શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે:

વિચાર્યૈવ સદા દેયં કૃષ્ણનામવિશેષતઃ।
અવિચારિતદાનેન સ્વયં દાતા વિનશ્યતિ॥

ભાવાર્થ: શિષ્યની યોગ્યતાનો ખૂબ વિચાર કરીને દીક્ષા આપવી જોઈએ. એમાં પણ શ્રીકૃષ્ણના નામમન્ત્રની દીક્ષા આપવામાં તો અતિશય તકેદારી રાખવી જોઈએ. કારણકે વગર વિચાર્યે જો કોઈ અયોગ્ય વ્યક્તિને દીક્ષા અપાઈ જાય છે તો ખુદ દીક્ષા આપનારનો જ નાશ થઈ જાય છે.



માટે ગુરુએ પોતાના તથા શિષ્યના કલ્યાણમાત્રની ભાવના રાખીને દીક્ષા આપવી જોઈએ. ગુરુ જો આવો શુધ્ધ પવિત્ર ભાવ રાખીને દીક્ષા આપે છે તો તેને દોષ નથી લાગતો. પરન્તુ ગુરુ જો ચેલા વધારવાના કે ધનના લોભને કારણે શિષ્યની યોગ્યતા-અયોગ્યતાનો વિચાર કર્યા વિના જ દીક્ષા આપે છે તો તેણે ભગવાનના નામને વેચ્યું ગણાય છે. ભગવાનના નામને વેચવાને કારણે દીક્ષા આપનાર અપરાધી બને છે. બ્રહ્મવૈવર્તપુરાણમાં પ્રભુના નામે ચરી ખાનારાઓની નિંદા કરતાં પૃથ્વી બ્રહ્માજીને કહે છે:—

શ્રીકૃષ્ણના મંગલકારી નામને (ઢાઢીલીલા, કીર્તનભેટ, માળાની ઉછામણી, ભાગવતકથા, અયોગ્યને દીક્ષા આપવા સાટે વગેરે દ્વારા) જે વેચે છે તેના પાપના ભારથી હું પીડિત થાઉં છું.

ભગવાન શ્રીનંદરાયજીને કહે છે:

મારા નામને વેચનાર બ્રાહ્મણને મરતી વેળાએ મારું નામ યાદ આવી શકતું નથી. તે કદી પણ જન્મ-મરણના ફેરાથી મુક્ત થઈ શકતો નથી.

આ સર્વથી એ સિધ્ધાંત સમજાય છે કે શિષ્ય માર્ગના સિધ્ધાંતો મુજબ ચાલવાની ઈચ્છાથી દીક્ષા લેવાવાળો હોવો જોઈએ. માત્ર દીક્ષા લઈને રહી જાય પરન્તુ માર્ગના સિધ્ધાંતો મુજબ આચરણ ન કરે તેવો ઢોંગી-પાખંડી શિષ્ય ન હોવો જોઈએ. પાખંડીને શિષ્ય બનાવવાથી ખુદ ગુરુની અયોગ્યતા તેમજ માર્ગ પ્રત્યે બેદરકારીનું પ્રદર્શન થાય છે. જેમ ડૉક્ટર પાસે કોઈ રોગી જાય પરન્તુ તે સાજો ન થાય તો તેમાં ડૉક્ટરની જ નાકાબેલિયત-બેદરકારી-અયોગ્યતાનું પ્રદર્શન થાય છે. તેમ જે ગુરુના શિષ્યો સિધ્ધાંત અનુસાર આચરણ નથી કરતા અથવા અયોગ્ય

કે પાખંડી હોય છે તો તેમાં તેઓના ગુરુની જ નાકાબેલિયત (અયોગ્યતા), બેદરકારી, શ્રીમહાપ્રભુજીના માર્ગ પ્રત્યે વફાદારીનો અભાવ તેમજ સિધ્ધાંતવિપરીત આચરણ સાબિત થાય છે.

સાર :

પુષ્ટિમાર્ગીનો અનુયાયી

—દૈવી-પુષ્ટિસૃષ્ટિનો જીવ હોવો જોઇએ.

—માર્ગમાં રુચિ-જિજ્ઞાસાવાળો હોવો જોઇએ.

—પુષ્ટિમાર્ગીય કર્તવ્યોનું પાલન કરવામાટે તત્પર હોવો જોઇએ.

**૩. દેયવસ્તુ = દીક્ષામન્ત્ર :**

શરણમન્ત્ર તથા સમર્પણમન્ત્ર દીક્ષા આમ બે દીક્ષાઓ પુષ્ટિભક્તિમાર્ગમાં પ્રચલિત છે. પુષ્ટિમાર્ગના સિધ્ધાંત અનુસાર જેને પ્રભુના સેવા-સ્મરણમય જીવન જીવવામાં આદર તેમજ રુચિ હોય પરન્તુ જો કોઇ કારણસર તે પોતાના ઘરમાં પ્રભુસ્વરૂપને પધરાવીને સર્વસમર્પણપૂર્વક તેમની સેવા, ઈચ્છા હોવા છતાં, કરી શકતો નથી તો તેવા જીવને માત્ર શરણમન્ત્રની દીક્ષા આપવામાં આવે છે. જ્યારે સમર્પણમન્ત્ર (બ્રહ્મસંબંધ) દીક્ષા માત્ર તેને જ આપવાનો નિયમ છે કે જે પ્રભુસેવા કરવા માટે પૂર્ણપણે તૈયાર હોય.

આને જો લૌકિક ઉદાહરણથી સમજવું હોય તો ઉંમરલાયક છોકરા-છોકરી જ્યારે એકબીજાને જીવનસાથી તરીકે પસંદ કરે છે ત્યારે તેઓની સગાઈ કરવામાં આવે છે. અને જ્યારે તેઓ પતિ-પત્ની તરીકે જવાબદાર ગૃહસ્થ તરીકે એકબીજા સાથે રહેવા તૈયાર થઈ જાય છે ત્યારે તેઓના લગ્ન કરવામાં આવે છે. આ જ પ્રમાણે શરણદીક્ષા એ જીવની પ્રભુ સાથેની સગાઈ છે જ્યારે સમર્પણદીક્ષા લગ્ન છે. લગ્ન કર્યા પછી જો કન્યા પતિના ઘરે નથી જતી તો જેમ પતિ તેનો ત્યાગ કરી દે છે તેમ પ્રભુને



સમર્પણ કર્યા પછી જે લોકો પ્રભુસેવા સર્વસમર્પણપૂર્વક નથી કરતા તેઓનો પ્રભુએ પણ ત્યાગ કરેલો છે એમ સમજવું જોઈએ. પ્રભુએ જેનો સ્વીકાર કર્યો હોય શું તે કદી પ્રભુસેવા વિના રહી શકે ખરો!

## મન્ત્રની ઉત્પત્તિ :

*શરણમન્ત્ર :*

કૌરવો-પાંડવો વચ્ચે કુરુક્ષેત્રમાં થનાર ધર્મયુધ્ધના આરંભમાં અર્જુન અચાનક ચિંતામાં પડી ગયો કે આ યુધ્ધ કરવું કે ન કરવું. આ સમયે ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને જે ઉપદેશ આપ્યો તે 'ભગવદ્ગીતા'ના નામથી ઓળખાય છે. અર્જુન વારાફરતી પોતાની શંકા-પ્રશ્નો રજુ કરતો ગયો અને ભગવાન શ્રીકૃષ્ણ તેનું સમાધાન કરતા ગયા. પરન્તુ અંત સુધી પણ જ્યારે અર્જુન પોતે કોઈ પણ નિર્ણય પર પહોંચી ન શક્યો ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે તેને સંપૂર્ણ ગીતા તેમજ સમસ્ત શાસ્ત્રના સારરૂપ શરણાગતિનો મહત્તમ ઉપદેશ આપ્યો. ભગવાન કહે છે:—

સર્વ ગુહ્ય (સરળતાથી જાણી ન શકાય તેવું) થી પણ અત્યંત ગુહ્ય મારો ફળરૂપ-પરમ ઉપદેશ સાંભળ. તું મને અતિશય પ્રિય છે તેથી હું તને હિતકારી વચન કહું છું.

ભગવાન સર્વ ગુહ્યોથી પણ ગુહ્યતમ ઉપદેશ આપે છે:

મન્મના ભવ મદ્ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ।
મામેવૈષ્યસિ સત્યં તે પ્રતિજાને પ્રિયોસિ મે॥

ભાવાર્થ: તું મારામાં મન રાખ, મારો ભક્ત થા, મારી સેવા કર, મને નમસ્કાર કર. તું મને પ્રિય છે તેથી તારી સામે સત્ય પ્રતિજ્ઞા કરું છું કે આમ કરવાથી તું મને જ પ્રાપ્ત કરીશ. આથી

સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ।
અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચ॥

ભાવાર્થ: (મારા શરણે આવવામાં વિરોધી એવા) સર્વ ધર્મોનો

ત્યાગ કરીને તું એક મારા જ શરણે આવ.
હું તને બધા પાપોથી (એટલે કે મારે શરણે આવતાં સમયે જેટલા વિઘ્નો આવશે એ બધા વિઘ્નરૂપ પાપોથી)
બચાવીશ. તું ચિંતા નહીં કર.

ભગવાન શ્રીકૃષ્ણની શરણાગતિનો ગીતાનો સારરૂપ આ ઉપદેશ જ પુષ્ટિમાર્ગીય શરણમન્ત્રનું બીજ છે.

*સમર્પણમન્ત્ર :*

પુષ્ટિજીવોને પ્રભુસેવા-ભક્તિના માર્ગે વાળવા માટે પ્રથમ પુષ્ટિજીવોનો સંબંધ પ્રભુ સાથે કરાવવો જરૂરી જણાતા એક સમયે શ્રીમહાપ્રભુજી તેનો ઉપાય વિચારી રહ્યા હતા. તે સમય પવિત્રા એકાદશીની મધ્યરાત્રિનો હતો. શ્રીમહાપ્રભુજીને વિચારમગ્ન જાણી પરબ્રહ્મ ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમહાપ્રભુજી સામે સાક્ષાત્ પ્રકટ થયા. તે સમયે ભગવાને પુષ્ટિજીવોનો પોતાની સાથે સંબંધ કરાવવા માટે શ્રીમહાપ્રભુજીને સમર્પણદીક્ષામન્ત્ર (બ્રહ્મસંબંધ, આત્મનિવેદન, ગદ્યમન્ત્ર) આપ્યો. આ સાથે, સમર્પણદીક્ષા બાદ દીક્ષિત શિષ્યે પોતાનું જીવન પ્રભુસેવા-સ્મરણમય કયા પ્રકારે ગાળવું જોઈએ તેમજ કઈ-કઈ બાબતોનો ત્યાગ કરવો જોઈએ તે સર્વ બાબતોનો ઉપદેશ પણ શ્રીમહાપ્રભુજીને કર્યો. તે સમગ્ર ઉપદેશને પ્રભુના જ શબ્દોમાં શ્રીમહાપ્રભુજીએ 'સિધ્ધાન્તરહસ્ય' નામના ગ્રંથમાં સંકલિત કરીને પુષ્ટિમાર્ગીઓને આપ્યો છે.

મન્ત્રજપનો પ્રકાર :

બની શકે તેટલા શુધ્ધ થઈને (સ્નાન કરી પવિત્ર વસ્ત્રો પહેરીને) બીજા કોઈને સંભળાય નહીં તેવા ધીરા અવાજમાં દીક્ષામન્ત્રનો જપ કરવો જોઈએ. પ્રથમ ઘરમાં જે શુધ્ધ-પવિત્ર શાંત જગ્યા હોય ત્યાં આસન પર બેસવું. તુલસી કાષ્ઠની બનેલી જપમાળા જમણા હાથમાં લઈને પ્રત્યેક મણકા ઉપર એક-એક વખત મન્ત્રનો ઉચ્ચાર કરવો. મન્ત્રજપ કરતા સમયે પોતાના ઈષ્ટદેવનું સુંદર ચિત્ર યોગ્ય રીતે સામે પધરાવીને તેના દર્શન કરતાં-કરતાં જપ કરવાથી



ચિત્તની એકાગ્રતા વધે છે. મન્ત્રજપ સમયે મન્ત્રના અર્થનું અનુસંધાન રાખવું ખૂબ જરુરી હોય છે. દીક્ષામન્ત્રનો જપ ગમે તેવી અવસ્થામાં (હાલતા-ચાલતાં કે કામકાજ કરતાં) ન કરી શકાય.

**૪. પુષ્ટિમાર્ગીય દીક્ષાસ્થાન :**

દીક્ષાવિધિની પવિત્રતાને જોતાં દીક્ષાવિધિનું સ્થળ પણ પવિત્ર હોવું આવશ્યક છે. આ જ કારણે સમર્પણદીક્ષા પુષ્ટિમાર્ગના ઈષ્ટદેવ શ્રીકૃષ્ણના સ્વરૂપ સામે આપવામાં આવે છે. જ્યાં સાક્ષાત્ પ્રભુ સેવ્યસ્વરૂપે બિરાજતાં હોય તેનાથી વધુ પવિત્ર સ્થાન બીજું કયું હોઈ શકે છે! શરણદીક્ષાના માટે પણ સ્થળની બાબતમાં આવો નિયમ હોવો જરુરી છે.

**૫. પુષ્ટિમાર્ગીયદીક્ષા સમય :**

દીક્ષાર્થી સંપ્રદાયની સાધના કરવા માટે જ્યારે પૂર્ણપણે તૈયાર થઈ જાય તે સમય જ દીક્ષા માટેનો યોગ્ય સમય ગણાય છે. આથી પુષ્ટિમાર્ગીય સાધનારૂપ પ્રભુસેવા કરવામાં રુચિ ધરાવનાર જ્યારે શ્રીકૃષ્ણ સિવાય અન્ય સર્વ દેવી-દેવતાઓના આશ્રયનો ત્યાગ કરીને એક માત્ર શ્રીકૃષ્ણને જ પોતાનું સર્વ કાંઈ જાણીને—

(૧) આચાર્યચરણ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું જ્ઞાન મેળવવું
(૨) પોતાના માર્ગના સિધ્ધાંતોનું જ્ઞાન મેળવવું
(૩) વૈષ્ણવચિહ્નો ધારણ કરવા
(૪) પ્રભુના સ્વરૂપ-લીલા-ગુણ તેમજ નામોના શ્રવણ-કીર્તન-સ્મરણ કરવા વગેરે

—શરણમાર્ગના કર્તવ્યોનું પાલન કરવા માટે પૂર્ણપણે તૈયાર થઈ જાય ત્યારે જ તેને શરણદીક્ષા આપવી જોઈએ.

તે જ પ્રમાણે શરણમાર્ગના કર્તવ્યોનું પાલન કરીને અથવા કરતાં-કરતાં જેના મનમાં પોતાનું સર્વસ્વ પ્રભુને સમર્પિત કરી દઈને પ્રભુના સેવક તરીકે પ્રભુસેવામય જીવન વિતાવવાની ઈચ્છા જાગે અને જ્યારે એ પ્રભુસેવા કરવામાટે પૂર્ણપણે તૈયાર થઈ જાય ત્યારે તેને સમર્પણ-દીક્ષા આપવી જોઈએ.

### ૬. ઉપક્રમ/ભાવના :

#### ( ૧ ) ઉપક્રમ :

જે દીક્ષાથી પ્રભુ સાથે જીવ સગાઈસંબંધથી બંધાય છે, જે દીક્ષાથી જીવનું પ્રભુ સાથે લગ્ન થાય છે તે દીક્ષાવિધિની પ્રક્રિયાનું તેમજ દીક્ષા લેનાર તથા આપનારના તન-મનનું અત્યંત પવિત્ર હોવું જરૂરી ગણાય જ. આ જ કારણે સમર્પણમન્ત્રની દીક્ષા પૂર્વે દીક્ષાર્થીના દેહ ઈન્દ્રિયોની શુધ્ધિ માટે સ્નાન તેમજ ઉપવાસ કરાવવાનો નિયમ છે. આ બધું કરાવવા પાછળ અંતે તો દીક્ષાર્થીને દીક્ષાની ગંભીરતા પવિત્રતા સમજાવવાનો તેમજ તે સમજાવીને દીક્ષાર્થીના મનને દીક્ષાનુકૂળ પવિત્ર બનાવવાનો હેતુ છુપાયેલો હોય છે. આથી, શરણમન્ત્રદીક્ષા આપવામાં પણ આવી કોઈ પ્રક્રિયા અપનાવવામાં આવે તો તેમાં કોઈપણ પ્રકારનો સૈધ્ધાંતિક બાધ નડી શકતો નથી.

#### ( ૨ ) ભાવના :

શ્રીમહાપ્રભુજીની પરમકૃપાથી દીક્ષાદાન કરવાની સૌભાગ્યપૂર્ણ પરન્તુ કપરી જવાબદારી શ્રીવલ્લભવંશજોને પ્રાપ્ત થઈ છે. આથી આ જવાબદારીને નિષ્ઠાપૂર્વક ઉઠાવવાની પવિત્ર ફરજ વલ્લભવંશજોની બને છે. શ્રીમહાપ્રભુજીએ બતાવેલા ગુરુના સર્વલક્ષણોથી સંપન્ન તો શ્રીમહાપ્રભુજી જ હોઈ શકે છે. તેમ છતાં માર્ગની સિધ્ધાંતમર્યાદાથી ભૂલમાં પણ વિરુધ્ધ આચરણ ન થઈ જાય તેની તકેદારી રાખવા વલ્લભવંશજોએ યથાશક્તિ શ્રીમહાપ્રભૂક્ત ગુરુના લક્ષણોને કેળવવાનો સંનિષ્ઠ પ્રયાસ કરતા રહેવું જોઈએ. દીક્ષા આપતા સમયે પણ ગુરુએ ''શિષ્યનો ભગવત્સંબંધ તો શ્રીમહાપ્રભુજી જ કરાવશે, એ તો પોતે શિષ્યને શ્રીમહાપ્રભુજી સુધી પહોંચાડવાનું કાર્ય કરી રહ્યો છે'' એવો વિનમ્રભાવ રાખવો જોઈએ. વલ્લભવંશજોને 'ગુરુદ્વાર' માનવા પાછળ પણ આ જ કારણ રહેલું છે. આથી સાચા અર્થમાં 'ગુરુદ્વાર' તે જ વલ્લભવંશજ હોઈ શકે છે કે જે દીક્ષાર્થીને શ્રીમહાપ્રભુજીના સ્વરૂપ-ચરિત્રનું તેમજ શ્રીમહાપ્રભુજીની



આજ્ઞારૂપ સિધ્ધાંતોનું યથાર્થજ્ઞાન કરાવે છે. આથી વિપરીત જે વલ્લભવંશજ સ્વાર્થવશ શ્રીમહાપ્રભુજીના સિધ્ધાંતોમાં ફેરફાર કરીને શિષ્યો સામે ઉપદેશ કરે છે એને ગુરુદ્વાર નહીં પણ ઠગ-પાખંડી જાણવો જોઈએ.

ગુરુના મનમાં શિષ્યના ઉધ્ધાર સિવાય બીજી કોઈપણ પ્રકારની ભાવના હોવી ન જોઈએ. તે જ પ્રમાણે શિષ્યે પણ ''શ્રીમહાપ્રભુજી જેવા મહાન ગુરુના માર્ગમાં પ્રવેશ મળવાનું સૌભાગ્ય મળી રહ્યું છે, આ દીક્ષા લેવાથી મને પ્રભુનું શરણ પ્રાપ્ત થશે, પ્રભુની સ્વરૂપસેવાની યોગ્યતા મળશે, દીક્ષા લઈને હું મારું જીવન પ્રભુસેવા-સ્મરણ કરીને સાર્થક કરીશ'' તેવી શુધ્ધ-પવિત્ર શ્રધ્ધાપૂર્ણ ભાવના રાખીને દીક્ષા લેવી જોઈએ. ગામમાં વૈષ્ણવો વધુ છે તેથી વૈષ્ણવ થઈ જવું કે વૈષ્ણવ થવાથી ધંધા વગેરેમાં લાભ થશે કે બેઠકમાં ઝારીજી ભરવાની કે પાપ ધોવા વગેરે ભાવો રાખીને લીધેલી દીક્ષાનો કોઈ અર્થ સરતો નથી.

### દીક્ષાનો પ્રભાવ કેમ દેખાતો નથી ?

ડોક્ટર પાસે જો કોઈ બીમાર માણસ જાય છે તો ચિકિત્સાના પરિણામે થોડા જ સમયમાં તેને સ્વસ્થ થતો આપણે અનુભવતા હોઈએ છીએ. વ્યાયામશાળામાં જતા દુબળા-પાતળા માણસને સશક્ત થતો આપણે જોઈ શકીએ છીએ. ઠોઠ બાળક પણ શાળામાં જઈને હોંશિયાર થઈ જતો હોય છે. ચિકિત્સા વ્યાયમ કે શિક્ષણ ના પરિણામે મનુષ્યમાં આવતા પરિવર્તનને આપણે બધા સ્પષ્ટપણે અનુભવતાજ હોઈએ છીએ. અહીં પરન્તુ આશ્ચર્યની વાત એ છે કે સ્વયં ભગવાન શ્રીકૃષ્ણના નામમન્ત્રની અષ્ટાક્ષર કે બ્રહ્મસમ્બન્ધ જેવી દેવદુર્લભ દીક્ષા જેમણે પ્રાપ્ત કરી હોય તેવા આજે અનેક ( જો ખરી વાત કહેવામાં આવે તો મોટા ભાગના ) લોકોને આપણે જોઈ શકીએ છીએ કે આવી ઉત્તમ દીક્ષા પ્રાપ્ત કરી લીધા છતાંય તેમના જીવનમાં અણુમાત્રપણ પરિવર્તન આવ્યું નથી હોતું. આ તો ઠીક; કેટલાક ( તથાકથિત ) પુષ્ટિમાર્ગીઓ તો એવા

પણ જોવા મળતા હોય છે કે જે દુર્ગુણો તેઓમાં દીક્ષા લેતા પહેલા નથી હોતાં તે દુર્ગુણો (પરમ ભગવદીય હોવાનું અભિમાન, ચડસાચડસી વગેરે) દીક્ષા લીધા બાદ પનપવા લાગતાં હોય છે. આવું શા માટે થતું હશે?

ગંભીરતાપૂર્વક જો વિચારવામાં આવે તો અત્યારસુધી આપણે જે દીક્ષાપ્રણાલીનો તેના છએ અંગો સહિત વિચાર કર્યો તેના પ્રત્યે બેદરકારી કેળવવાનુંજ આ પરિણામ સમજમાં આવે છે. દાન આપવાની જે પ્રણાલી શાસ્ત્ર કે સમ્પ્રદાય માં નિર્ધારિત કરવામાં આવી હોય છે તેનું પાલન દાન આપતાં કે લેતા સમયે જો કરવામાં ન આવે તો તેવું દાન નિષ્ફળ જતું હોય છે.[૨] આથીજ, ગૌત્તમ તથા નારદ ઋષિએ કેટલાક દાનને અદાન કે અપ્રામાણિકદાન ગણાવ્યા છે. જેમ કે—

—બાલ્ય અર્થાત્ અપરિપક્વ અવસ્થામાં આપેલું દાન,
—મૂર્ખામીથી આપેલું દાન,
—મત્ત કે પાગલ અવસ્થામાં આપેલું દાન,
—લોભ / પ્રત્યુપકાર ની ભાવનાથી આપેલું દાન,
—મજાકમાં આપેલું દાન,
—છેતરાઈને આપેલું દાન,
—જે વસ્તુને (દા.ત. મન્ત્રને) આપવાનો અધિકાર / યોગ્યતા ન હોય તેનું દાન,
—કુપાત્ર / અયોગ્ય ને અપાયેલું દાન વગેરે.

ઉપરોક્ત સર્વે પ્રકારના દાનોની ગણના અદાન કે અપ્રામાણિક દાનમાં કરવામાં આવી છે. અર્થાત્ ઉપરોક્ત પ્રકારે કે પરિસ્થિતિ માં અપાયેલું દાન ખરેખર અપાયુંજ નથી એમ સમજવું જોઈએ. આથી ઉપરોક્ત પ્રકારે થયેલા દાનોને નિષ્ફળ માનવામાં આવ્યાં છે. આ નિયમ મન્ત્રદાનની બાબતમાં પણ સમજવો જોઈએ. શાસ્ત્રના આ નિર્ણયને જો સારીરીતે સમજવામાં આવે તો ભગવાન શ્રીકૃષ્ણના નામમન્ત્રનું દુર્લભ દાન પ્રાપ્ત કરવા છતાં પુષ્ટિમાર્ગીઓના જીવનમાં શા માટે કોઈ પણ પ્રકારનું પરિવર્તન દેખાતું



નથી તેનું કારણ સરળતાથી સમજી શકાય.

આ પ્રમાણે પુષ્ટિમાર્ગીય દીક્ષાદાનના અંગોના વિચારપૂર્વક દીક્ષાનું પ્રકરણ સમાપ્ત થયું.

✵ ✵ ✵

**વિશેષવાંચન માટે:**

—શ્રીગટ્ટુલાલજીવિરચિત સત્સિધ્ધાંતમાર્તણ્ડ.
—શ્રીમહાપ્રભુજીવિરચિત સિધ્ધાન્તરહસ્યગ્રન્થની શ્રીપુરુષોત્તમજીવિરચિત વ્યાખ્યા.
—શ્રીમહાપ્રભુજીવિરચિત તત્ત્વાર્થદીપનિબંધમાંનું સર્વનિર્ણયપ્રકરણ તેમજ શ્રીપુરુષોત્તમજીવિરચિત તેના પરની આવરણભંગ વ્યાખ્યા.
—શ્રીલાલૂભટ્ટજીવિરચિત પ્રમેયરત્નાર્ણવગ્રન્થમાંનો પુષ્ટિ-ભક્તિ-અધિકારવિવેક.
—સિધ્ધાન્તમુક્તાવલી.
—ભગવદ્ગીતાનો ૧૮મો અધ્યાય.
—દાનમયૂખ.
—શ્રીહરિરાયચરણવિરચિત સ્વમાર્ગીયશરણસમર્પણસેવાદિનિરૂપણમ્, શ્લોક ૪૯-૫૧.
—શ્રીમહાપ્રભુજી વિરચિત જલભેદગ્રન્થ તથા તેના પર શ્રીપુરુષોત્તમજીની વ્યાખ્યા, શ્લોક ૪.

# ૩. સેવામય જીવન

**વ્યાખ્યા :**

પોતાના ઘરમાં પ્રભુને પધરાવીને તેમને સુખ થાય તે પ્રકારે પોતાના ઘર-ધન-પરિવાર વગેરે સર્વસ્વને તેઓની પરિચર્યામાં પ્રેમપૂર્વક સમર્પણ કરતાં પ્રભુમાં મન પરોવવું તેને 'સેવા' કહેવામાં આવે છે.

**સ્વભાવભેદથી ભક્તિભેદ :**

માહાત્મ્યજ્ઞાન પૂર્વક પ્રભુમાં સર્વથી અધિક અને સુદઢ સ્નેહને 'ભક્તિ' કહેવામાં આવે છે. પ્રભુની વિવિધ શક્તિઓ તેમજ લીલાઓ ના કારણે શાસ્ત્રોમાં પ્રભુના માહાત્મ્યશાળી સ્વરૂપનું વર્ણન ભિન્ન-ભિન્ન રીતે કરવામાં આવ્યું છે. સ્વભાવ ભિન્ન-ભિન્ન હોવાને કારણે પરમાત્માના આવા માહાત્મ્યશાળી સ્વરૂપને જાણ્યા પછી અલગ-અલગ જીવોમાં પરમાત્મા પ્રતિ અલગ-અલગ પ્રકારના ભાવો જાગતા હોય છે. આના પરિણામે તેઓ પરમાત્માની ભકિત પણ જુદી-જુદી અપેક્ષાઓથી કરવા પ્રેરાતા હોય છે.

અર્થાર્થીભક્ત :

ભગવાન સર્વથી સમર્થ છે, બધાના નિયામક છે, ફળ આપનારા પણ તે જ છે —આવા પ્રભુના ગુણોને જાણીને કેટલાક લાલચી સ્વભાવના લોકો પોતાની ધન-સંપત્તિ મેળવવાની કામના સંતોષવા માટે પ્રભુભક્તિ કરવા તરફ પ્રેરાય છે. ભગવાન ગીતામાં આવા ભક્તોને 'અર્થાર્થી' ( અર્થ = ધન-સંપત્તિ + અર્થી = કામનાવાળો ) કહે છે.

આર્ત ( દુઃખી ) ભકત :

સંસારના સુખદુઃખોને પીડાકારક જાણનારા કેટલાક લોકોમાં "માત્ર પરમાત્મા જ મને આ દુઃખદ સંસારમાંથી છોડાવી શકે છે" આવો ભાવ જાગતા તેઓ ભગવદ્‌ભક્તિ તરફ વળે છે. આવા લોકોને ભગવાન ગીતામાં 'આર્ત'ભક્ત કહે છે.



જિજ્ઞાસુભક્ત :

પરમાત્માના સ્વરૂપનું થોડું જ્ઞાન થતાં કેટલાક લોકોના મનમાં પરમાત્માને વધુ તેમજ પૂર્ણરૂપથી જાણવાની ઈચ્છા થાય છે. જ્ઞાનમાર્ગીય ઉપાસના-ભક્તિવડે મુક્તિ મેળવવાની ઈચ્છાવાળા આવા ભક્તોને ભગવાન ગીતામાં 'જિજ્ઞાસુ'ભક્ત કહે છે.

જ્ઞાનીભક્ત :

પરમાત્માના સ્વરૂપનું સંપૂર્ણ જ્ઞાન મેળવી ચુકેલા કેટલાક લોકો પોતાના આત્માને પરમાત્માના વ્યાપક સ્વરૂપમાં લીન એકમેક કરી દેવાની એટલે કે મોક્ષની કામનાથી પ્રભુભક્તિ કરવા લાગે છે. કેટલાક જ્ઞાનીઓ તો વળી પ્રભુ સિવાય, હકીકતમાં, બીજું કોઈ ભજનીય છે જ નહીં તેવું જાણીને પ્રભુભક્તિ તરફ વળે છે. ગીતામાં ભગવાન આવા ભક્તોને 'જ્ઞાની' કહે છે.

અર્થાર્થી આર્ત અને જિજ્ઞાસુ —આ ત્રણેય જીવો જો કે પ્રભુભક્તિ કરનારા હોય છે પરંતુ તેઓની ભક્તિમાં પ્રભુસુખના વિચાર કરતાં પોતાની કામનાપૂર્તિનો વિચાર વધુ હોય છે. આથી આ ત્રણેયની ભક્તિ સ્વાર્થપ્રેરિત-સકામ હોય છે. ભક્તિમાં જો જરા સરખી પણ સ્વાર્થભાવના આવી જાય છે તો ભકિતનું સ્વરૂપ વિકૃત થઈ જાય છે. આથી સકામભક્તિને નિંદનીય ગણવામાં આવી છે.

નિર્ગુણ-પુષ્ટિભક્ત :

ઉપરોક્ત કોઈ પણ પ્રકારની કામનાઓને મનમાં રાખીને કરવામાં આવતી ભક્તિનો સ્વીકાર ભગવાન પુષ્ટિભક્તિમાર્ગમાં કરતા નથી. આથી, જો લૌકિક પારલૌકિક કે મોક્ષની પણ કામના રાખ્યા સિવાય શુધ્ધભાવથી ભક્તિ કરવામાં આવે તો જ તેવી ભકિતનો સ્વીકાર પ્રભુ પુષ્ટિભક્તિમાર્ગમાં કરે છે. આવા શુધ્ધભાવથી પુષ્ટિભક્તિ કરનાર પુષ્ટિભક્તોને ભગવાન બધા ભક્તોથી શ્રેષ્ઠ ગણાવે છે. પુષ્ટિભક્તના ભાવનું વર્ણન કરતાં ભગવાન શ્રીભાગવતમાં આજ્ઞા કરે છે :—

કોઈપણ પ્રકારની કામના મનમાં રાખ્યા સિવાય નિરંતર મારી ભક્તિ કરનારા મારા ( પુષ્ટિ ) ભક્તો મારી સેવાના બદલામાં જો તેઓને મુક્તિ પણ આપવામાં આવે તો તેનો પણ સ્વીકાર કરતા નથી.

સાચો ભગવદ્દભક્ત પ્રભુની સેવાની સરખામણીમાં મુક્તિને પણ તુચ્છ ગણતો હોય છે. કારણકે ભગવદ્દભક્તનું તો જીવન જ પ્રભુની સેવા હોય છે. આ જ કારણ છે કે આવા ભગવદ્દભક્તની સર્વશ્રેષ્ઠતા ખુદ ભગવાન પણ સ્વીકારે છે. પ્રભુની આવી પ્રસન્નતા પ્રાપ્ત કરવામાટે જ તો શ્રીઆચાર્યચરણ પુષ્ટિભક્તિમાર્ગીઓને જણાવે છે :—

કૃષ્ણસેવા સદા કાર્યા

ભાવાર્થ: સદા શ્રીકૃષ્ણની સેવા કરવી આવશ્યક છે.

**પ્રભુસેવા એ કર્તવ્ય નહીં, આવશ્યકતા છે :**

શ્રીમહાપ્રભુજીના મતે પ્રભુસેવા કરવી એ ખરેખર વિચારતાં જીવનું કર્તવ્ય કે ફરજ નથી પરંતુ જીવની આવશ્યકતા છે, જરુરિયાત છે, અનિવાર્યતા છે, સ્વભાવ છે. ફરજ કે કર્તવ્ય શબ્દો પ્રભુસેવાના સ્વરૂપને મૂલવવા બહુ નાના પડે છે. પ્રાણીઓમાં ખાવા-પીવા કે શ્વાસોચ્છ્વાસની ક્રિયાઓ તેમના જીવનને ટકાવી રાખવા માટે સ્વાભાવિક હોય છે. આ ક્રિયાઓ તેઓમાં જન્મજાત હોય છે. જીવિત કોઈ પણ પ્રાણીને ખાવા-પીવા કે શ્વાસ લેવા માટે ઉપદેશ આપવો પડતો નથી. કારણકે અન્ન, જળ અને વાયુ વિના પોતાનું જીવન ટકી નહીં શકે માટે તેની આવશ્યકતા દરેક પ્રાણી સમજતું જ હોય છે. આ જ પ્રમાણે પ્રભુસેવા એ પણ પુષ્ટિજીવની આવશ્યકતા છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે પુષ્ટિમાર્ગી જો પ્રભુસેવા નથી કરતો તો તેના અસ્તિત્વની નિરર્થકતા છે. પ્રભુસેવા કરવી જો એટલી બધી આવશ્યક હોય છે તો દરેક પુષ્ટિજીવોને આજે તેની આવશ્યકતા અનુભવાતી શા માટે નથી ?



**પ્રભુસેવા-ભક્તિની આવશ્યકતા અનુભવાતી શા માટે નથી ?**

પ્રત્યેક મનુષ્યના જીવનમાં ત્રણ પાસાઓ હોય છે :—

(૧) આધિભૌતિક = દેહ સમ્બન્ધિ, બાહ્યપાસું.

(૨) આધ્યાત્મિક = મન બુધ્ધિ ચિત્ત અહંકાર તથા અન્ય ઈન્દ્રિયો સમ્બન્ધિ, આન્તરપાસું.

(૩) આધિદૈવિક = જીવાત્માસમ્બન્ધિ, આન્તરતમ-પાસું.

આધિભૌતિક જીવન એ મનુષ્યના જીવનનું અતિબાહ્ય પાસું હોય છે. આમ છતાં હોય છે તે ખૂબ જ પ્રભાવશાળી. આધ્યત્મિક જીવન ભૌતિક જીવનની સખામણીમાં મનુષ્યના જીવનનું આન્તર પાસું હોય છે. પરન્તુ, મનુષ્યના જીવનમાં જ્યારે આધિભૌતિકતા પ્રબળ થઈ જાય છે ત્યારે આધ્યાત્મિકતા દબાઈ જતી હોય છે. આધિદૈવિક જીવન એ મનુષ્યના જીવનનું આન્તરતમ પાસું હોય છે. આધિભૌતિકતાના પ્રભાવ હેઠળ આધિદૈવિકતા પણ દબાઈ જતી હોય છે. જે પ્રકારે મનુષ્યના જીવનમાં આધિભૌતિક આધ્યાત્મિક અને આધિદૈવિક આમ ત્રણ પાસાઓ હોય છે તેમ આ ત્રણેય પાસાઓના અનુરૂપ મનુષ્યમાં ત્રણ અપેક્ષાઓ પણ રહેલી હોય છે :—

(૧) આધિભૌતિક અપેક્ષાઓ. દા.ત. પ્રાણવાયુ, ખોરાક, પાણી, નિદ્રા વગેરે તથા ઈન્દ્રિયોના ભોગો.

(૨) આધ્યાત્મિક અપેક્ષાઓ. દા.ત. સન્તોષ, દયા, સહનશીલતા, વગેરે તથા ધર્મશાસ્ત્રીય સદાચાર.

(૩) આધિદૈવિક અપેક્ષાઓ. દા.ત. ભગવત્સેવા-ભક્તિ.

પ્રભુસેવા-ભક્તિ એ મનુષ્યની આધિદૈવિક આવશ્યકતા-જરૂરિયાત હોય છે. આધિભૌતિકતાના દુષ્પ્રભાવને કારણે મનુષ્યની અન્દર છુપાએલી પ્રભુસેવા-ભક્તિની આધિદૈવિક

આવશ્યકતા બહાર આવી શકતી નથી. આ કારણે એ આવશ્યકતાનો અનુભવ દરેક પુષ્ટિજીવોને થતો નથી હોતો. આ વિષયને વિસ્તારથી સમજવો જરૂરી છે.

### આધિભૌતિક જરુરિયાતો :

અન્ન, જળ કે વાયુ એ આપણા શરીરની જરુરિયાતો છે. આ જરુરિયાતોને આધિભૌતિક જરુરિયાતો પણ કહેવામાં આવે છે. સામાન્ય રીતે સ્વસ્થ માણસને ૬-૮ કલાકે ખોરાકની જરુરિયાત અનુભવાતી હોય છે. પરન્તુ તે જ માણસ જો બીમાર પડી જાય તો ખોરાક લેવામાં તેની રુચિ ઓછી થઈ જતી હોય છે. ક્યારેક તો રુચિ જ નથી રહી જતી હોતી. ખોરાકના અભાવમાં માણસ અશક્ત-નબળો થઈ જાય છે. આથી સમજી શકાય છે કે બીમાર માણસની ખોરાક લેવામાં મનથી અરુચિ ભલે થતી હોય પરંતુ એનું શરીર તો ખોરાકની જરુરિયાત અનુભવતું જ હોય છે. બીમાર માણસના રોગનું નિવારણ જેમ-જેમ થતું જાય છે તેમ-તેમ ખોરાક લેવામાં તેની રુચિ વધતી જાય છે. પ્રભુસેવા-ભક્તિની બાબતમાં પણ આવુંજ હોય છે. આવશ્યકતા તો તેની હોય જ છે પરન્તુ તેનો અનુભવ થતો નથી હોતો.

### આધ્યાત્મિક જરુરિયાતો :

સંતોષ દયા સહનશીલતા શુધ્ધિ સંયમ અચૌર્ય (ચોરી ન કરવી) સત્ય અક્રોધ પ્રામાણિકતા વગેરે ગુણો તેમજ શાસ્ત્રીય આચાર આપણા મન તથા ઈન્દ્રિયોની જરુરિયાતો હોય છે. આ જરુરિયાતોને આધ્યાત્મિક જરુરિયાતો પણ કહેવામાં આવે છે. માણસ જ્યારે કેવળ ભૌતિક (પશુ જેવી) દૃષ્ટિ કેળવતો થઈ જાય છે, અતિસ્વાર્થી બની જાય છે ત્યારે ઉપરોક્ત ગુણો કે શાસ્ત્રીય આચાર નું સ્થાન તેનામાં કામ ક્રોધ લોભ અજ્ઞાન અભિમાન ઈર્ષા જેવા દુર્ગુણો લઈ લેતા હોય છે. તેનો આચાર સ્વચ્છંદ-નિરંકુશ થઈ જતો હોય છે. આવા દુર્ગુણો તેમજ સ્વચ્છંદીપણું ધરાવતો માણસ બાહ્ય દૃષ્ટિએ થોડા સમય માટે કદાચ



ભલે સુખી જણાતો હોય; પરન્તુ, મન તો તેનું સતત અશાંત જ રહેતું હોય છે. આવી વ્યક્તિને જ્યારે એના જેવા જ કે એનાથી પણ વધુ દુર્ગુણોવાળા સ્વચ્છંદી વ્યક્તિનો ભેટો થાય છે અને તેના દ્વારા જ્યારે એનો અહં ઘવાય છે ત્યારે, અથવા સમાજ દ્વારા જ્યારે તેના દુર્ગુણોની નિંદા અથવા તેનો તિરસ્કાર થાય છે ત્યારે, અથવા પોતાનામાં રહેલા દુર્ગુણોને કારણે તેનું મન અશાંત રહે છે તેવું ભાન થાય છે અને તેના પરિણામે જ્યારે માણસને પોતાની ભૌતિક-પશુવૃત્તિની અનિષ્ટકારકતા સમજાય છે ત્યારે તેને દયા સત્ય પ્રામાણિકતા વગેરે નૈતિક ગુણો તેમજ શાસ્ત્રીય આચારરૂપી સદાચારની જરુરિયાત અનુભવાતી હોય છે. માણસ કામ ક્રોધ વગેરે દુષ્ટ મનોવૃત્તિઓનો જેમ-જેમ ત્યાગ કરતો જાય છે તેમ-તેમ તેની નિષ્ઠા નીતિ અને સદાચાર જેવા ગુણો માં વધતી જાય છે. નીતિ અને સદાચાર મનુષ્યના મન-ઈન્દ્રિયોને શુધ્ધ-શાંત બનાવી દે છે. પ્રભુસેવા-ભક્તિની બાબતમાં પણ આ પ્રમાણેજ બનતું હોય છે.

### આધિદૈવિક જરુરિયાતો :

ભગવદ્ભક્તિ એ જીવની આધિદૈવિક જરુરિયાત હોય છે. બાળકોને પોતાના માતાપિતા પ્રત્યે જેમ સહજ-સ્વાભાવિક આકર્ષણ હોય જ છે તેમ જીવ એ પ્રભુનો જ અંશ = ભાગ હોવાથી જીવમાં પણ પ્રભુ પ્રત્યે સહજ સ્વાભાવિક આકર્ષણ રહેલું હોય જ છે. પરન્તુ, સહજ સ્વાભાવિક આકર્ષણ હોવા છતાંય રમત-ગમતમાં પડી જવાને કારણે બાળક જેમ ઘડી બે ઘડી પોતાના માતાપિતાને વિસરી જતું હોય છે તેમ જીવ પણ અજ્ઞાનને કારણે તેમજ સાંસારિક મોહ-મમતામાં ફસાઈ જવાના કારણે પ્રભુને વિસારી બેસતો હોય છે. પરંતુ ભગવદ્ભક્તિ એ જીવની આવશ્યકતા-જરુરિયાત હોય છે. આથીજ, જેમ બાળક ગમે તેટલું રમતમાં મશગૂલ હોવા છતાં અંતે તો પોતાના માતા-પિતા પાસે ગયા વગર રહી શકતું નથી તેમ લૌકિક પારલૌકિક સુખોને

મેળવવાની અનેક મથામણો કરતાં રહેવા છતાંય અંતે તો જીવ પ્રભુના શરણે જ જાય છે. બાળકને જે સુખ માતાના ખોળામાં મળતું હોય છે, જે શાંતિ-સુરક્ષા પિતાની છત્રછાયા હેઠળ મળતી હોય છે તેવા સુખ-શાંતિ અન્ય ક્યાંય પણ જણાતા નથી હોતા. તે જ પ્રમાણે જીવને પણ પરમ અલૌકિક સુખ કેવળ ભગવદ્ભક્તિમાં જ મળી શકે છે. કારણ કે, જીવની આધિદૈવિક આવશ્યકતા તેના દ્વારા પૂરી થતી હોય છે. આ જ કારણ છે કે લોકમાં સુખ મેળવવા માટે ફાંફાં મારનારાઓની મથામણનો કદી પણ અંત આવતો જ નથી હોતો. એક સુખ મળતાં એનાથી વધુ બીજું સુખ મેળવવા માટે, બીજું સુખ મળતા એનાથી વધુ ત્રીજું સુખ મેળવવા માટે... —આમ અધિકથી અધિક સુખ મેળવવામાં જ મનુષ્યના અનેક જન્મો પસાર થઈ જતાં હોય છે. સુખ મેળવવાની મથામણ કરનારા મનુષ્યોને ખરેખર તો પ્રભુસ્વરૂપરૂપી પૂર્ણ આનંદની જરુરિયાત હોય છે, જે ફક્ત ભગવદ્ભક્તિથી જ પ્રાપ્ત થઈ શકે છે. તેથી જ તો તેઓને ઊંચામાં ઊંચું ભૌતિક સુખ મેળવી લીધા છતાંય સંતોષ ક્યાં થતો હોય છે? આટલો બધો અસન્તોષ રહેતો હોવા છતાં પોતાની સાચી આધિદૈવિક જરુરિયાતને જીવો જાણી શકતા નથી હોતા તેનું કારણ જીવોની અહંતા મમતા તેમજ અજ્ઞાન હોય છે. માટે જ તો જીવો નિરન્તર અહીં-તહીં ભટક્યા જ કરતા હોય છે. આવા જીવોના માટે શ્રીઆચાર્યચરણ સુબોધિનીકારિકામાં આજ્ઞા કરે છે:—

ગુપ્તાનન્દાઃ યતો જીવા નિરાનન્દં જગદ્ યતઃ।
પૂર્ણાનંદો હરિસ્તસ્માત્ સેવ્યઃ સર્વૈઃ સુખાર્થિભિઃ॥

ભાવાર્થ: જીવોમાં આનંદ છુપાયેલો છે. જગતમાં આનંદ હોતો જ નથી. આથી આનંદપ્રાપ્તિની ઈચ્છાવાળા જીવોએ શ્રીકૃષ્ણની જ સેવા કરવી જોઈએ કારણકે શ્રીકૃષ્ણ જ પૂર્ણાનંદરૂપ છે.

શ્રીકૃષ્ણ સત્-ચિત્-આનંદ ધર્મવાન છે. શ્રીકૃષ્ણે પોતાના સ્વરૂપમાંથી જ જીવો તેમજ જગતની ઉત્પત્તિ કરી છે.



પરંતુ જીવોમાં શ્રીકૃષ્ણે પોતાનો આનંદ નામનો ગુણધર્મ છુપાવી દીધો છે. તે જ રીતે જડ જગતમાંથી તો શ્રીકૃષ્ણે પોતાનો આનંદ ગુણધર્મ સદંતર દૂરજ કરી દીધો છે સાથોસાથ ચૈતન્ય ગુણધર્મ પણ છુપાવી દીધો છે. આથી પૂર્ણ આનંદ તો શ્રીકૃષ્ણ સિવાય બીજા કોઈમાં છે જ નહીં. આમ છતાં જીવો એકબીજામાંથી કે જગતના આનન્દરહિત પદાર્થોમાંથી આનંદ મેળવવાની મથામણ કર્યા કરતાં હોય છે. તેઓ અજ્ઞાની છે, ભ્રાન્ત છે. ઝાંઝવાના જળથી પોતાની તરસ છીપાવવાની આશા રાખનારની તરસ જેમ કદી પણ છીપાઈ નથી શકતી તેમ જગતમાં આનંદ શોધનારને કદી પણ સાચો આનંદ મળી નથી શકતો. (જગતના પદાર્થોમાંથી મળતું સુખ અંતે પીડાદાયક જ નીવડે છે આથી તે સાચા અર્થમાં સુખ જ નથી એ બાબતનું સવિસ્તર વિવેચન પુષ્ટિપ્રવેશ–૨ પૃ.૬ ઉપર થયેલું જ છે.) આથી જેમણે પૂર્ણ-અલૌકિક સુખની પ્રપ્તિ કરવી હોય તેમણે શ્રીકૃષ્ણની જ સેવા કરવી જોઈએ.

આ પ્રકારનું જ્ઞાન જ્યારે શ્રીમહાપ્રભુજી જેવા આચાર્યદ્વારા કે ભગવચ્છાસ્ત્રના અભ્યાસ દ્વારા પ્રાપ્ત થાય છે ત્યારેજ પોતાની સાચી આવશ્યકતાનું તેમજ તે આવશ્યકતાને પૂર્ણ કરવાના ઉપાયનું ભાન થઈ શકે છે. આ પ્રકારે આપણે સમજ્યા કે પ્રભુસેવા એ ખરેખર જોતાં કર્તવ્ય નથી પરંતુ પુષ્ટિજીવની સહજ આવશ્યકતા છે, સ્વભાવ છે.

પ્રભુસેવાને ક્યારેક કર્તવ્ય, ધર્મ કે ફરજ કહેવામાં આવતી હોય છે તેનું કારણ એ છે કે અજ્ઞાનને કારણે જે જીવો પ્રભુસેવાથી વિમુખ થઈ ગયા છે તેઓ કોઈ રીતે પ્રભુસેવા કરવા પ્રેરિત થાય. અથવા કર્તવ્ય એટલે 'ફરજ' કે ''જે કરવું પડે તે'' તેવો અર્થ નહીં પરંતુ ''જે કરવા યોગ્ય હોય તે'' એ અર્થ સમજવો. એટલે કે પુષ્ટિજીવ માટે પ્રભુસેવા સિવાય બીજું કરવા યોગ્ય શું હોઈ શકે! —આ અર્થમાં 'કર્તવ્ય' શબ્દનો પ્રયોગ સમજવો જોઈએ. આવા સહજભાવથી જ્યારે ભક્ત પ્રભુસેવા કરવા લાગે છે ત્યારે પ્રભુ પોતે પૂર્ણતમ હોવા છતાં

ભક્તના એ સહજ સ્વભાવને માણવા માટે તત્પર થઈ જાય છે. આ જ ભાવને વ્યક્ત કરતાં ભગવાન ગીતામાં આજ્ઞા કરે છે:—

યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્

ભાવાર્થ: જે ભક્ત મારું જે પ્રકારે ભજન કરે છે, હું પણ તેઓને તે જ પ્રકારે ભજું છું (સ્વીકારું છું).

આમ આપણે સમજ્યા કે પ્રભુસેવા-ભક્તિની આવશ્યકતા શા કારણે અનુભવાતી નથી હોતી. હવે એ આવશ્યકતાનો અનુભવ અર્થાત્ ભક્તિભાવનો આવિર્ભાવ કઇ રીતે થઈ શકે તેના ઉપાયોનું નિરૂપણ કરવામાં આવે છે.

### ભાવોદ્બોધપ્રકાર :

૧. ભગવદ્ભક્તોનો સંગ ૨. ભગવન્માર્ગના આચાર્ય-દ્વારા ઉપદેશ અને ૩. ગીતા-ભાગવત વગેરે ભગવચ્છાસ્ત્રના જ્ઞાન થી જીવના હૃદયમાં પ્રભુના સેવા-ભક્તિનો ભાવ જાગૃત થઇ શકે છે.

પ્રભુમાં જો થોડી પણ રુચિ થાય છે તો સમજવું જોઈએ કે પ્રભુની સાક્ષાત્ કૃપાનું જ એ પરિણામ છે. પ્રભુ તે જીવને પોતાના નિકટ લાવવા માંગે છે. આથી, જે જીવના મનમાં પ્રભુ પ્રત્યે રુચિ જાગી છે તેણે પોતાના ઉપર થયેલી પ્રભુકૃપાને પ્રકટ કરવામાટે, પ્રભુના વધુ નિકટ જવામાટે ભગવદ્ભક્તો આચાર્યો ના સંગ કરવામાં તેમજ તે દ્વારા ગીતા-ભાગવત આદિ ભગવચ્છાસ્ત્રોના અભ્યાસમાં તત્પર થવું જોઈએ. આવી તત્પરતાના પરિણામે જીવને ૧. પ્રભુના સ્વરૂપનું ૨. પોતાના સ્વરૂપનું તેમજ ૩. પ્રભુ અને પોતાની વચ્ચેના અનાદિસિધ્ધ સંબંધનું જ્ઞાન થાય છે. આ જ્ઞાન જ જીવને સર્વસ્વસમર્પણપૂર્વક પ્રભુસેવામાં પ્રવૃત્ત થવા માટે પ્રેરિત કરે છે.

### ભગવત્સ્વરૂપજ્ઞાન :

શ્રીકૃષ્ણ જ જગતપિતા છે. સમગ્ર જડ-જીવાત્મક જગતની ઉત્પત્તિ કરનાર શ્રીકૃષ્ણ જ છે. શ્રીકૃષ્ણ જ



પ્રાણીમાત્રનું પાલન-પોષણ કરનારા છે. તેમની ઈચ્છા વિના જગતમાં કાંઈ પણ થઈ શકતું નથી. દેવ-દાનવ-માનવ તેમજ જડ પદાર્થો પ્રભુની લીલાના રમકડાં છે. પ્રભુના આવા સ્વરૂપનું ચિંતન સત્સંગ તેમજ ભગવચ્છાસ્ત્રના અભ્યાસ દ્વારા કરવું જોઈએ. આ સાથે એ પણ વિચારવું જોઈએ કે પ્રભુએ આ સૃષ્ટિ પોતાના આનંદ-રમત-ક્રીડા માટે જ રચી છે. અને જીવ તો પ્રભુની ક્રીડા-રમતનું એક રમકડું-એક સાધનમાત્ર છે. આથી જેમ રમતના સાધનો જો રમનારના અનુકૂળ હોય તો જ રમતમાં આનંદ આવી શકે છે તેમ જીવોએ પણ પ્રભુની પ્રસન્નતા માટે પ્રભુના થઈને રહેવું જોઈએ. શ્રીમહાપ્રભુજીએ વિવેકધૈર્યાશ્રય ગ્રન્થમાં બતાવ્યા પ્રમાણે પ્રભુમાં દઢ આશ્રય રાખીને વિવેક અને ધૈર્ય રાખવા જોઈએ.

### જીવસ્વરૂપજ્ઞાન :

જીવોની ઉત્પત્તિ પ્રભુએ પોતાનામાંથી જ કરી છે. આથી પ્રભુ જીવોના પિતાતુલ્ય છે જ્યારે જીવો પુત્રતુલ્ય. આ કારણે જ જીવોને પ્રભુના અંશ કહેવામાં આવ્યા છે. પ્રભુથી વિખૂટા પડી જવાના કારણે તેમજ અજ્ઞાનના કારણે જીવોને પ્રભુસ્વરૂપનું, પોતાના સ્વરૂપનું, પ્રભુ સાથેના પોતાના સંબંધનું તેમજ પ્રભુ પ્રત્યે પોતાના કર્તવ્યનું જ્ઞાન રહી નથી જતું. આના પરિણામે જીવો 'હું' અને 'મારું' કરતા થઈ જાય છે અને પ્રભુસેવારૂપી પોતાના કર્તવ્યથી દૂર થઇ જાય છે. સત્સંગ તેમજ ભગવચ્છાસ્ત્રના અભ્યાસદ્વારા જીવના સ્વરૂપનું આવું જ્ઞાન મેળવીને જીવોએ વિચાર કરવો જોઈએ કે—

નાના બાળકનું પ્રેમપૂર્વક પાલન-પોષણ કરીને માતાપિતા જેમ તેને આત્મનિર્ભર બનાવતા હોય છે તેમ પ્રેમાળ પ્રભુએ પણ જીવોને આંખ-નાક વગેરે જ્ઞાનેન્દ્રિયો, હાથ-પગ વગેરે કર્મેન્દ્રિયો તેમજ મન-બુધ્ધિ વગેરે આપીને આત્મનિર્ભર બનાવ્યા છે. આથી જેમ આત્મનિર્ભર થયેલ સંતાનો પોતાના માતાપિતા પ્રત્યે સ્નેહસભર થઈને, તેમના પ્રતિ પોતાનું

કર્તવ્ય સમજીને કે એમણે કરેલ ઉપકારનો બદલો ચૂકવવાની ભાવનાથી પણ માતા-પિતાની સેવા કરતા હોય છે તેમ જીવનું પણ એ કર્તવ્ય છે કે પરમપિતા પરમાત્મા પ્રત્યે એના મનમાં જે કાંઈ પણ ભાવ હોય તે ભાવથી એ પ્રભુની સેવા કરે.

ભગવાન-જીવના સમ્બન્ધનું જ્ઞાન :

ભગવદ્‌ભક્તોનો સંગ, ભગવન્માર્ગના આચાર્યના ઉપદેશ અને ગીતા-ભાગવત વગેરે ભગવચ્છાસ્ત્રના અભ્યાસ થી ભગવત્સ્વરૂપ તથા જીવસ્વરૂપનું જ્ઞાન તથા ભગવાન અને જીવ વચ્ચેના અંશ-અંશી ( પિતા-પુત્ર ) રૂપ સમ્બન્ધનું જ્ઞાન સહજતાથી થઇ જાય છે.

ભગવત્સ્વરૂપ જીવસ્વરૂપ નું જ્ઞાન તથા જીવાત્મા-પરમાત્મા વચ્ચેના અંશ-અંશી ( પિતા-પુત્ર ) રૂપ સમ્બન્ધના જ્ઞાનથી પ્રભુસેવાની આવશ્યકતાનું ભાન થઇ શકે છે એ બાબતને સવિસ્તાર સમજ્યા. સેવા અને સમર્પણ એ એક જ સિક્કાની બે બાજુઓ જેવા હોય છે. આથી જ સમર્પણને પુષ્ટિભક્તિમાર્ગીય સેવા-સાધનાના મૂળ બરાબર ગણવામાં આવે છે. આથી સેવા બાબતમાં વિચારનો આરંભ કરતા પહેલા સમર્પણના સ્વરૂપનો વિચાર કરવામાં આવી રહ્યો છે.

## સમર્પણનું સ્વરૂપ

**સમર્પણ = સોંપણી :**

શ્રીમહાપ્રભુજી સિધ્ધાંતરહસ્ય ગ્રંથમાં આજ્ઞા કરે છે :

નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદિતિ સ્થિતિઃ

ભાવાર્થ: જેણે પ્રભુને આત્મનિવેદન ( બ્રહ્મસંબંધ ) કર્યું હોય તેણે પોતાનું સર્વ કાંઇ પ્રથમ પ્રભુને સમર્પણ કરવું જોઈએ, તે પછી જ પોતાના સર્વ કાર્યો કરવા જોઇએ એવો ભક્તિમાર્ગનો સિધ્ધાંત છે.

અહીં શ્રીઆચાર્યચરણ પ્રભુને સમર્પણ કરવાની આજ્ઞા



કરી રહ્યા છે; તો સમર્પણ એટલે શું? સમર્પણ એટલે સોંપણી. આપણી પાસે રહેલી વસ્તુને જ્યારે તેના મૂળ માલિકને પરત કરવામાં આવે ત્યારે તેને સોંપણી કરી કહેવાય. શ્રીભાગવતમાં કહ્યું છે :

ભગવાને આ જગત પોતાની ક્રીડા માટે રચ્યું છે. છતાં દુષ્ટ બુધ્ધિવાળા જીવો જગતમાં એવી રીતે વર્તતા હોય છે કે જાણે અહીં બધું એમના માટે જ હોય.

આ ઉક્તિથી સમજી શકાય છે કે તાત્ત્વિકદષ્ટિએ જોવામાં આવે તો આ સૃષ્ટિમાં જે કાંઈ પણ છે તે બધું પ્રભુનું જ છે અને પ્રભુ માટે જ છે. આથી જ ભગવાન ગીતામાં આજ્ઞા કરે છે :

યત્કરોષિ યદશ્નાસિ યજ્જુહોસિ દદાસિ યત્‌।
યત્તપસ્યસિ કૌન્તેય તત્કુરુષ્વ મદર્પણમ્‌॥

ભાવાર્થ: હે અર્જુન ! તું જે કાંઈ પણ ( કરોષિ = ) લૌકિકકાર્યો કરે છે, જે ( અશ્નાસિ = ) ભોગ ભોગવે છે, જે ( જુહોસિ = ) વૈદિક કાર્યો કરે છે કે જે પણ કંઈ તપ કરે છે તે મને અર્પણ કર.

પ્રભુની આ આજ્ઞાનો આશય એ છે કે આપણી પાસે રહેલી સર્વ વસ્તુના સાચા માલિક તો પ્રભુ જ છે. આથી તે વસ્તુઓનો ઉપયોગ જો આપણે કરવા માંગતા હોઈએ તો પ્રથમ તે સર્વ વસ્તુઓનો પ્રભુના કાર્યમાં ઉપયોગ કરવો જોઈએ ( એટલે કે પ્રભુને સમર્પિત કરવી જોઈએ ) અને પછી પ્રભુના પ્રસાદરૂપે તે સર્વ વસ્તુનો ઉપયોગ પોતાનામાં કરવાની છૂટ છે. પરંતુ જો આપણે પ્રભુને અર્પણ કર્યા વિનાજ પ્રભુની વસ્તુઓનો ઉપયોગ પોતાનામાં કરવા લાગી જઈએ તો માલિકની સેવા માટે નોકરને આપેલી ચીજવસ્તુઓને કોઈ નોકર માલિકની સેવામાં વાપરવાને સ્થાને પોતે જ વાપરી નાખતાં તે ચોર કહેવાય છે તેમ આપણે પણ પ્રભુની વસ્તુના ચોર કહેવાઈએ છીએ. જીવોને આવો ઘોર અપરાધ ન

લાગે તે માટે જીવો પર દયા વિચારીને શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિભક્તિમાર્ગમાં આત્મનિવેદન તેમજ આત્મસમર્પણપૂર્વક પ્રભુસેવાનો ઉપાય દેખાડ્યો છે.

**સમર્પણ = સ્નેહનું માપદંડ :**

સમર્પણ એ સ્નેહનું માપદંડ (થર્મોમીટર) હોય છે. જે વ્યક્તિ જેના પ્રત્યે જેટલી સમર્પિત હશે તેટલો સ્નેહ તેને તે વ્યક્તિ માટે હશે એવું કલ્પી શકાય છે. એક પિતા પોતાના સમય શક્તિ સંપત્તિ વગેરે સર્વ કાંઈ પોતાના બાળકોની સુખસમૃધ્ધિ માટે સમર્પી દેતો હોય છે. પત્ની પોતાના પતિ માટે પોતાના મા-બાપ-ઘર સર્વ કાંઈ છોડી દઈને પોતાના તન-મન-ધનને પતિના સુખાર્થે સમર્પિત કરી દેતી હોય છે. વિદ્યાર્થી પોતાના સમય શક્તિ રમતગમત મોજશોખ ને વિદ્યાપ્રાપ્તિમાટે ખર્ચી દે છે. આ બધા દૃષ્ટાંતોમાં આપણે જોઈ શકીએ છીએ કે પિતાને બાળકો માટે, પત્નીને પતિ માટે અને વિદ્યાર્થીને વિદ્યા માટે પ્રેમ છે તે કારણે તેઓ પોતાનું સર્વ કાંઈ બાળક, પતિ કે વિદ્યા માટે સમર્પિત કરી દેતા હોય છે. આથી સમર્પણ તે સ્નેહનું માપદંડ છે તે સરળતાથી સમજી શકાય છે.

ભક્તિમાર્ગ એ જીવાત્માને પરમાત્મા સાથે સ્નેહસંબંધથી જોડતો માર્ગ છે. ભક્તિમાર્ગમાં આવીને જ્યારે કોઈ જીવ પ્રભુને આત્મસમર્પણ કરે છે તો એ પ્રભુથી ડરીને કે પ્રભુના માહાત્મ્યથી અંજાઈને કે ભિખારીઓ જેવી લાલચુ દૃષ્ટિથી નથી કરતો. જીવને જ્યારે પ્રભુ સાથેના પોતાના સંબંધનું ભાન થાય છે ત્યારે અનેક વર્ષથી છૂટું પડેલું બાળક માતાપિતાને જોતાં સ્નેહના આવેશમાં આવી જઈને જેમ તેમને ભેટવા દોડી પડે છે તેમ જીવ પણ પોતાનું સર્વસ્વ પરમાત્માને અર્પણ કરી દે છે. ભક્તિમાર્ગીય સમર્પણ પાછળ આ જ મુખ્ય ભાવ છુપાયેલો છે.

**નિવેદન અને સમર્પણ :**

નિવેદન એટલે જણાવવું. આત્મનિવેદન એટલે



ઘરપરિવાર ધન આલોક પરલોક દેહ વગેરેથી લઈ આત્મા સુધીનું જે કાંઈ પણ છે તે બધું પ્રભુનું જ છે અને પ્રભુસેવા માટે જ છે એવું પ્રભુને જણાવવું.

"હે પ્રભુ! અજ્ઞાનને કારણે હું એ ભૂલી ગયો હતો કે હું આપનો અંશ-દાસ છું અને આપ મારા સ્વામી છો. મારી પાસે રહેલી સર્વ વસ્તુઓના ખરા માલિક આપ જ છો. છતાં દુષ્ટબુધ્ધિવાળો હું તેમને પોતાની સમજીને અત્યાર સુધી તેનો ઉપભોગ કરતો હતો. પરંતુ હવે મને હકીકતનું જ્ઞાન થયું છે. આથી હું મારી જાતને તેમજ મારી સર્વ વસ્તુઓને આપની સેવામાં સમર્પિત કરવાનો સંકલ્પ કરું છું." આ પ્રકારનો ભાવ મનમાં જાગતાં જીવ જ્યારે પુષ્ટિભક્તિમાર્ગના સિધ્ધાન્ત મુજબ ગુરુ દ્વારા પ્રભુ સન્મુખ બ્રહ્મસંબંધદીક્ષા ગ્રહણ કરે છે ત્યારે તેણે 'આત્મનિવેદન' કર્યું કહેવામાં આવે છે.

આત્મનિવેદન એ એક પ્રકારનું મૌખિક સમર્પણ છે. પ્રભુ સામે પોતાના સર્વસ્વનું સમર્પણ કરવાની લીધેલી પ્રતિજ્ઞા છે. જ્યારે સમર્પણ એટલે પ્રભુ સામે લીધેલી પ્રતિજ્ઞાનું પાલન કરવું, મૌખિક સમર્પણને વાસ્તવિક સમર્પણ બનાવવું. એટલે કે પોતાના ઘરમાં પ્રભુને પધરાવીને તેમની સેવામાં પોતાના દેહ ઘર ધન પરિવાર ને યોજવા. આત્મનિવેદનદીક્ષા, પુષ્ટિભક્તિમાર્ગમાં આત્મસમર્પણમાટે એટલે કે તનુવિત્તજાસેવા કરવાનો અધિકાર પ્રાપ્ત થાય તે માટે લેવડાવવામાં આવે છે. માટે આત્મનિવેદનદીક્ષા લીધા પછી જો આપણે આત્મસમર્પણ નથી કરતાં એટલે કે પ્રભુને ઘરમાં પધરાવીને તેમની તનુવિત્તજાસેવા નથી કરતાં તો આપણે આત્મનિવેદનનો ઢોંગ કર્યો છે તેમ જાણવું જોઈએ.

**નિવેદન-સમર્પણ અને દાન વચ્ચે તફાવત:**

આત્મનિવેદન કે સમર્પણ દ્વારા પ્રભુને પોતાની જાતનું કે પોતાની વસ્તુઓનું દાન કરવામાં નથી આવતું હોતું. એટલે કે, દાનમાં જેમ દાન આપનાર વ્યક્તિ અપાતી

વસ્તુ ઉપરથી પોતાનો માલિકીહક્ક ઉઠાવી લઈને દાન લેનારનો માલિકીહક્ક સ્થાપિત કરતો હોય છે તેવું નિવેદન કે સમર્પણ માં કરવામાં આવતું નથી હોતું. કારણ કે, તત્ત્વદષ્ટિએ જોતાં તો સર્વ વસ્તુના આધિદૈવિક માલિક તો પ્રભુજ છે. આપણે તો માત્ર આધિભૌતિક દષ્ટિએ વસ્તુના માલિક હોઈએ છીએ. આથી, આધિભૌતિક દષ્ટિએ પ્રભુએ આપણને આપેલું બધું આપણુંજ હોવા છતાંય આધિદૈવિક દષ્ટિએ જ્યારે અહીં આપણું કંઇ છે જ નહીં, બધું પ્રભુનું જ છે, તો આપણાથી પ્રભુને આધિભૌતિક દષ્ટિએ દાન થઈજ કેમ શકે?

અહીં એક વાત ખાસ યાદ રાખવા જેવી છે કે કોઈ વસ્તુ ઉપરથી પોતાની ભૌતિક માલિકી ઊઠાવી લઈને ''આ વસ્તુ હું પ્રભ અર્થે આપી રહ્યો છું, હવે આ વસ્તુ આધિભૌતિક દષ્ટિએ મારી નહીં'' આવા મનોભાવથી પ્રભુ અર્થે જો કોઈ વસ્તુ આપવામાં આવે (જેમ મન્દિરો-હવેલીઓમાં સેવા-મનોરથોમાટે ભેટ-સામગ્રી આપવામાં આવે છે) તો તે દાન કર્યું ગણાય છે. સ્વગૃહમાં સર્વસમર્પણપૂર્વક પ્રભુસેવા કરવાના પુષ્ટિભક્તિમાર્ગીય પ્રકારને છોડીને જ્યારે જાહેર મંદિર-હવેલીઓમાં કે અન્યત્ર પ્રભુસેવા-મનોરથોમાટે ભેટ-સામગ્રી આપવામાં આવે છે ત્યારે સિદ્ધાન્તવિરુદ્ધ તેવા કાલ્પનિક પ્રકારને ન તો પુષ્ટિમાર્ગીય પ્રકાર કહીં શકાય કે ન સમર્પણનો પ્રકાર કહી શકાય. આ પ્રકારને પુષ્ટિમાર્ગીય પ્રકાર કહેવામાં નથી આવતો કારણકે શ્રીઆચાર્યચરણ શ્રીગોપીનાથજી શ્રીગુસાંઈજી જેવા માર્ગસ્થાપકાચાર્યોએ કે અન્ય કોઈ પણ પૂર્વાચાર્યોએ પોતાના કોઈ પણ ઉપદેશગ્રન્થોમાં ઉપરોક્ત પ્રકાર ઉપદેશ્યો જ નથી. એટલું જ નહીં તેની સર્વત્ર નિન્દા જ કરવામાં આવી છે. તે જ પ્રમાણે આ પ્રકારને સમર્પણનો પ્રકાર પણ કહેવામાં નથી આવતો કારણ કે, ઉપરોક્ત પ્રકારમાં વસ્તુ ઉપરથી ભૌતિક માલિકીનો પણ ભગવદર્થે ત્યાગ કરવામાં આવ્યો છે. જ્યારે કે નિવેદન-સમર્પણમાં પોતાના કે પોતાની કોઈ પણ વસ્તુના ઉપરથી ભૌતિક માલિકીનો



ત્યાગ કરવામાં આવતો નથી હોતો પરન્તુ વસ્તુમાત્રના સાચા-આધિદૈવિક માલિક ભગવાન હોય છે એ વાતનું સ્મરણ કરીને માત્ર (સ્વીયત્વાભિમાન =) પોતાપણાના અભિમાન/બુધ્ધિનો જ ત્યાગ કરવામાં આવતો હોય છે. આ જ કારણ છે કે આત્મનિવેદન કરનારનો તેમજ તેના ઘર પરિવાર ધન સમ્પત્તિ વગેરેનો અંગીકાર કરવામાટે પ્રભુ તેના પરિવારના એક સદસ્ય જેવા બનીને સેવ્યસ્વરૂપે તેના ઘરમાં પધારતાં હોય છે. સંયુક્ત પરિવારમાં જેમ બધું સહિયારું હોય છે, મારું-તારું હોતું નથી, તેમ આત્મસમર્પણમાં પણ સમજવું જોઈએ. આ બન્નેમાં તફાવત ખાલી એટલોજ હોય છે કે પ્રભુ આપણા અલૌકિક સ્વામી હોવાથી આપણી કોઈ પણ વસ્તુનો ઉપયોગ પ્રથમ પ્રભુમાં થઈ ગયા પછી જ તેનો આપણે ઉપયોગ કરી શકીએ છીએ. આ પ્રકારના સમર્પણનું સ્વરૂપ નિત્ય સ્વગૃહમાં પ્રભુસેવા કરવા સિવાય અન્ય કોઈ પ્રકારે સચવાઈ શકાતું નથી. આથી નિવેદન-સમર્પણ અને દાનને એક બીજાથી અલગ સમજવા જોઈએ.

**સમર્પણ અને અનન્યતા:**

અન્ય કોઈ પણ ઠેકાણે નિષ્ઠા શ્રદ્ધા ભક્તિ કે વિશ્વાસ રાખ્યા સિવાય કોઈ એકજમાં રાખવામાં આવતી નિષ્ઠા શ્રદ્ધા ભક્તિ કે વિશ્વાસ ને 'અનન્યતા' કહેવામાં આવે છે. સ્નેહ અને સમર્પણ અનન્યતા વિના સમ્ભવી શકતાં નથી. ભગવાન ગીતામાં અનન્યતાનું સ્વરૂપ સમજાવતાં આજ્ઞા કરે છે:—

> સર્વ કર્મોને મને અર્પણ કરીને મારા પરાયણ રહીને અનન્ય યોગથી મારું ધ્યાન ધરતાં જેઓ મનેજ ભજે છે તેવા મારામાં પરોવાયેલા ચિત્તવાળાઓનો હું થોડા સમયમાંજ આ જન્મ-મૃત્યુવાળા સંસારસાગરમાંથી ઉદ્ધાર કરું છું તેથી મારામાંજ મન રાખ. મારામાં બુદ્ધિનો પ્રવેશ કરાવ. આ પ્રમાણે કરવાથી તું મારમાંજ

રહીશ એમાં સંશય નથી.

બાળકને રમત-ગમત ખૂબ પ્રિય હોય છે. રમત પાછળ બાળકો ઘણી વખતે ખાવા-પીવાનું પણ ત્યજી દેતાં હોય છે. કલાપ્રેમીએ પોતાની કલાસાધનાની પાછળ ઘરપરિવાર કે મિત્રવર્ગને પણ ત્યાગી દીધા હોય તેવા દાખલા સાંભળવા મળે છે. માતાપિતા સ્નેહવશ થઈ પોતાના બાળકોની સુખસમૃધ્ધિ માટે પોતાના સુખસુવિધાનો જે ત્યાગ કરતા હોય છે તે દરેક વ્યક્તિ સરળતાથી અનુભવી શકે છે. દેશભક્તો પોતાના દેશ માટે ઘરપરિવાર સહિત પોતાના પ્રાણને ત્યાગવામાં ખચકાતા નથી હોતા. આ બધા દૃષ્ટાન્તો વડે સમજી શકાય છે કે એવો સ્નેહ કે સમર્પણ જ્યાં હોય છે ત્યાં અનન્યતા પણ હોય જ છે.

**અનન્યતા :**

શ્રીમહાપ્રભુજી અનન્યતાના સ્વરૂપને સમજાવતાં 'ભક્તિવર્ધિની'ગ્રન્થમાં આજ્ઞા કરે છે :—

> "સંસારમાં આસક્તિવાળા જીવને જ્યારે પ્રભુમાં સ્નેહ થાય છે ત્યારે તેની સંસારાસક્તિ દૂર થઈ જાય છે. એનો ભગવદ્‌સ્નેહ જ્યારે ભગવદાસક્તિમાં પરિણમે છે ત્યારે પ્રભુસંબંધથી રહિત ઘરપરિવાર વગેરેમાં અરુચિ-અણગમાનો ભાવ જાગે છે. અને જ્યારે એનો સ્નેહ આસક્તિથી પણ વધીને ભગવદ્‌વ્યસનમાં ખીલી ઊઠે છે ત્યારે તો તેને પ્રભુસંબંધરહિત વસ્તુ કે વ્યક્તિ તેની અનન્યતામાં (વ્યસન) માં કનડગત કરતાં લાગતા હોવાથી એટલા બધા પારકા લાગવા મંડે છે કે એ તેઓનો ત્યાગ જ કરી દે છે".

ભક્ત જ્યારે પ્રભુભક્તિની ઉચ્ચ અવસ્થા પર પહોંચી જાય છે ત્યારે જ આ પ્રકારની અનન્યતા સંભવતી હોય છે. પરંતુ ભક્તિની પ્રારંભિક અવસ્થામાં પુષ્ટિમાર્ગીએ ઓછામાં ઓછું જે ત્યાગવાનું હોય છે તે છે—



(૧) અન્યાશ્રય (૨) અસમર્પિતભોગ
(૩) અસદ્ આલાપ-ક્રિયા-વિચાર (૪) દુઃસંગ.

આ ચારેય બાબતોને ત્યાગવા પાછળનો હેતુ પ્રભુમાં સ્નેહ તેમજ અનન્યતા વધારવાનો જ હોય છે.

**૧. અન્યાશ્રયત્યાગ :**

અન્યાશ્રયત્યાગનું નિરૂપણ 'પુષ્ટિ- પ્રવેશ—૨' પૃષ્ઠ ૨૧ થી ૩૧માં સવિસ્તર થયેલ છે.

**૨. અસમર્પિતભોગત્યાગ :**

પુષ્ટિભક્તિમાર્ગમાં અસમર્પિત તે વસ્તુને કહેવામાં આવે છે કે જેનો ઉપયોગ સીધી કે આડકતરી રીતે પ્રભુસેવામાં ન થયો હોય. બ્રહ્મસંબંધદીક્ષાદ્વારા સમર્પિત જીવનની પ્રતિજ્ઞા લીધેલ પુષ્ટિભક્તિમાર્ગી માટે અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો અનિવાર્ય હોય છે. શ્રીમહાપ્રભુજી 'સિધ્ધાન્તરહસ્ય'ગ્રન્થમાં સ્પષ્ટ આજ્ઞા કરે છે :

અસમર્પિતવસ્તૂનાં તસ્માદ્ વર્જનમાચરેત્

> ભાવાર્થ: પ્રભુને સમર્પિત ન થઈ હોય તે વસ્તુમાત્ર દોષવાળી હોય છે. એવી અસમર્પિત વસ્તુના ઉપયોગથી તેનો ઉપયોગ કરનારનું મન પ્રભુથી વિમુખ થઈ જાય છે. આથી બ્રહ્મસંબંધદીક્ષા લીધેલ પુષ્ટિભક્તિમાર્ગીએ અસમર્પિતવસ્તુના ઉપયોગનો ત્યાગ કરવો.

**૩. દુઃસંગત્યાગ :**

જે વ્યક્તિનો સંગ કરવાથી ભક્તિભાવ ઘટતો હોય, ઘરમાં પ્રભુસેવા-સમર્પણ કરવામાં રુચિ-ઉત્સાહ ઓછા થતાં હોય, શ્રીમહાપ્રભુજી દ્વારા સ્થાપિત સિધ્ધાન્તોને સમજવા તેમજ અનુસરવામાં નિષ્ઠા ઓછી થતી હોય તેવાના સંગને દુષ્ટનો સંગ સમજવો જોઈએ. આથી તેવા દુષ્ટ લોકોના સંગનો ત્યાગ કરવો જોઈએ. શ્રીમહાપ્રભુજી આથી જ આજ્ઞા કરે છે :

અસત્સંગો ન કર્તવ્યો ભક્તિમાર્ગસ્ય બાધકઃ

ભાવાર્થ: અસત્સંગ એટલે કે દુઃસંગ એ ભક્તિમાર્ગનો બાધ કરનારો હોવાથી દુઃસંગ ન કરવો જોઈએ.

## ૪. અસદ્ આલાપ-ક્રિયા-વિચાર ત્યાગ :

મન ઉપર કાબૂ મેળવવો ઘણો મુશ્કેલ હોય છે. મન સ્વચ્છંદી હોવાથી પોતાની રીતે વર્તે છે. આથી મનમાં આવતા અસદ્‌વિચારો પર અંકુશ લાવવો અત્યંત મુશ્કેલ હોય છે. આ સ્થિતિમાં આપણા અસદ્‌વિચારોને અંકુશમાં લાવવાનો એક ઉપાય આપણી વાણી પર સંયમ રાખવો એ પણ છે. વાણી દ્વારા આપણા વિચારો વ્યક્ત થતા હોય છે. મનની સરખામણીમાં વાણી ઉપર સંયમ વધુ રાખી શકાય છે. આથી અસદ્‌વાણી-આલાપનો જો ત્યાગ કરવામાં આવે તો અસદ્‌વિચારો ઉપર પણ ચોક્કસ અંકુશ લાવી શકાય છે. અસદ્‌વિચારો તેમજ બિનજરૂરી બોલવું એ બંને આપણા મનને પ્રભુમાં ચોંટાડવામાં ખલેલ પહોંચાડનારા છે. વાણી ઉપર સંયમ રાખવો જેમ જરૂરી હોય છે તેમ આપણી કૃતિ ઉપર સંયમ રાખવો પણ એટલો જ જરૂરી હોય છે. આથી પ્રભુસંબંધી ન હોય તેવી સર્વ ક્રિયાઓનો ત્યાગ કરવો જોઈએ. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે:—

વૃથાલાપક્રિયાધ્યાનં સર્વથૈવ પરિત્યજેત્

ભાવાર્થ: પ્રભુસંબંધી ન હોય તેવું બિનજરૂરી બોલવું, તેવી બિનજરૂરી ક્રિયા તેમજ તેવા બિનજરૂરી વિચારોનો વૈષ્ણવે સર્વ રીતે ત્યાગ કરવો.

## ચિત્ત ચોંટતા ત્યાગ સહજ :

વિદ્યાર્થીની સ્વાભાવિક રુચિ જ્યારે અભ્યાસમાં નથી હોતી ત્યારે તેના મનને સ્થિર કરવા માટે રમત-ગમતમાં બહુ ધ્યાન ન આપવા, ટી.વી.-ફિલ્મો ન જોવા, બૂરી સોબતથી બચવા, રખડપટ્ટી ન કરવા કે અભ્યાસ સિવાયની અન્ય બાબતોમાં ધ્યાન ન આપવા માટે સૂચનો આપવા પડતા હોય છે. જ્યારે પરન્તુ વિદ્યાર્થીનું મન અભ્યાસમાં



લાગી જાય છે ત્યારે તેના રમત-ગમત ટી.વી.-ફિલ્મો વગેરે બધું જ આપો-આપ છૂટી જાય છે. ત્યારે તેને સૂચન પણ કરવું પડતું નથી. તે જ પ્રમાણે જ્યાં સુધી આપણું મન સ્વાભાવિકપણે પ્રભુમાં લાગતું નથી હોતું ત્યાં સુધી અન્યાશ્રય, અસમર્પિતભોગ, દુઃસંગ કે અસદાલાપનો ત્યાગ કરવાનું સૂચન ગુરુને કરવું પડતું હોય છે. તથા આ સર્વે બાબતોનો ત્યાગ આપણા દ્વારા સંકલ્પપૂર્વક કે નિયમના રૂપમાં થતો હોય છે. આપણું મન સ્વાભાવિકરૂપે જ્યારે પ્રભુમાં લાગવા મંડે છે ત્યારે અન્યાશ્રય વગેરે સર્વ બાબતોનો ત્યાગ આપણાથી આપોઆપ થઈ જ જાય છે.

અહીં પરંતુ એક બાબત ખાસ ધ્યાનમાં રાખવાની છે કે આપણું મન પ્રભુમાં જ્યારે લાગશે ત્યારે અન્યાશ્રય અસમર્પિતભોગ વગેરે બધું આપોઆપ છૂટી જવાનું જ છે તો પછી તેને છોડવાનો પ્રયાસ શા માટે કરવો? —એવું જો કોઈ વિચારે તો એનો સર્વનાશ થયા વિના ન રહે. કારણકે જેમ કોઈ વિદ્યાર્થી વિચારે કે એનું મન જ્યારે અભ્યાસમાં લાગી જશે ત્યારે ઈતર બધી પ્રવૃત્તિઓ આપોઆપ છૂટી જ જવાની છે તો શામાટે તેને છોડવાનો પ્રયત્ન કરવો? આવું વિચારીને બેસી રહેનાર વિદ્યાર્થીનું મન ન તો કદી અભ્યાસમાં લાગી શકવાનું છે કે ન અભ્યાસને હાનિ પહોંચાડનારી ઈતર પ્રવૃત્તિ છૂટી શકવાની છે. તે જ પ્રમાણે પ્રભુમાં આપોઆપ મન લાગી જવાની રાહ જોઈને કોઈ વૈષ્ણવ અન્યાશ્રયાદિનો જો ત્યાગ ન કરે તો ન તો એનું મન કદી પ્રભુમાં લાગશે કે ન એના અન્યાશ્રયાદિ કદી છૂટશે. એનો અધઃપાત જ થશે. આથી ભગવદ્‌ભક્તિની પ્રાપ્તિની કામનાવાળાએ તો અન્યાશ્રય વગેરેનો ત્યાગ પ્રથમથી જ કરવો જોઈએ.

આમ, સમર્પણ તેમજ સમર્પણમાં અનન્યતા બાબત વિચાર સમાપ્ત થાય છે. હવે પુષ્ટિભક્તિમાર્ગીય સેવાના સ્વરૂપનો વિચાર કરવામાં આવે છે.

# ૪. સેવાનું માહાત્મ્ય

## પુષ્ટિમાર્ગીય સાધના સેવા જ શા માટે?

આપણા શાસ્ત્રોમાં દાન વ્રત તપ જપ તીર્થયાત્રા પ્રાયશ્ચિત્ત જ્ઞાન કર્મ વગેરે અનેક ઉપાયોને શ્રેયસાધક ગણવામાં આવ્યાં છે. આમ છતાં પુષ્ટિમાર્ગીય સાધનામાં પ્રભુની સ્વરૂપસેવાને જ પ્રમુખતા આપવાનું શું કારણ હોઈ શકે?

**સર્વસાધનાઓમાં સેવા શ્રેષ્ઠતમ છે:**

ઉક્ત પ્રશ્નનું સમાધાન શ્રીભાગવતના એકાદશસ્કંધમાં વર્ણિત ભગવાન તથા ઉદ્ધવજીના સંવાદમાંથી પ્રાપ્ત થાય છે. ભગવાન આજ્ઞા કરે છે:—

> પ્રતિક્ષણ વૃદ્ધિ પામતી મારી ભક્તિ મને મેળવવી અપાવવામાં જેટલી સમર્થ છે તેટલા તો યોગ જ્ઞાન ત્યાગ તપ કે વેદાભ્યાસ જેવા શાસ્ત્રીય સાધનો પણ નથી. કારણ કે મારી પ્રાપ્તિનું એક માત્ર સાધન મારી અનન્ય ભક્તિ ( = પ્રેમપૂર્વક સેવા ) જ છે.

સંસ્કૃતભાષામાં 'ભજ'( =સેવા ) ધાતુથી 'ભક્તિ' શબ્દ બને છે. આથી માહાત્મ્યજ્ઞાન તેમજ પ્રેમપૂર્વકની સેવા એ 'ભક્તિ' શબ્દનો અર્થ થાય છે. આટલા ખુલાસા બાદ ઉપરોક્ત શ્રીભાગવતના વચનનો જો વિચાર કરવામાં આવે તો, શ્રેયપ્રાપ્તિના જપ-તપ આદિ સર્વ ઉપાયોની સરખામણીમાં ખુદ ભગવાને જ જ્યારે પોતાની સેવાને શ્રેષ્ઠતમ ગણાવી હોય ત્યારે પુષ્ટિમાર્ગીય સાધનામાં પ્રભુસેવાને જો પ્રમુખ માનવામાં આવતી હોય તો તેમાં આશ્ચર્ય શું હોઈ શકે?

**સ્નેહસંબંધની આવશ્યકતા: સેવા-સમર્પણ**

પુષ્ટિભક્તિમાર્ગ એ ભક્ત-ભગવાનને સ્નેહસમ્બન્ધથી જોડતો માર્ગ છે. સ્નેહનો એવો સ્વભાવ હોય છે કે એ સ્નેહીઓને પરસ્પર સંપૂર્ણ સમર્પિત કર્યા વિના, એક કર્યા વિના જંપતો નથી. આથી જ્યારે એક વ્યક્તિને



કોઈ બીજી વ્યક્તિ પ્રત્યે સ્નેહ થાય છે ત્યારે તે પોતાના સ્નેહપાત્રની સંપૂર્ણ નિકટતા સદા માટે ચાહવા લાગે છે. માતા અને બાળક, પતિ અને પત્ની, તેમજ બે મિત્રો ના દૃષ્ટાંતોમાં આપણે આ બાબતને સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ.

માતા અને બાળક બન્નેને એકબીજા માટે ઉત્કટ સ્નેહ હોય છે. માતા જો થોડીવાર માટે પણ અન્ય કાર્ય માટે રોકાય છે તો પણ મન તો તેનું પોતાના બાળકમાં જ લાગેલું રહેતું હોય છે. માતાને પોતાના બાળકમાં એટલો બધો લગાવ હોય છે કે તેનું બાળક ક્ષણવાર માટે પણ તેના સામેથી ખસી જાય છે તો તે અધીરી થઈ જતી હોય છે. હવે વિચારો કે શું કોઈ એવી માતા હોઈ શકે છે કે જેને પોતાના સ્નેહપાત્ર એવા પુત્રની સાથે રહેવાનો તેમ જ તેના લાલન-પાલન કરવાનો અવસર મળતો હોય તેમ છતાં તેવા અવસરને જતો કરીને તે પોતાના પુત્રના નામનો જપ જ કર્યા કરતી હોય કે પુત્રની સામે આંખો મીંચીને પુત્રનું ધ્યાન ધરીને જ બેસી જ રહેવાનું પસંદ કરતી હોય! શું આવા વિચિત્ર સ્નેહને સ્નેહ કહી શકાય ખરો? સન્તાન પ્રત્યે સાચો સ્નેહ ધરાવતી માતા આવો વિચિત્ર વ્યવહાર કદાપિ કરી ન શકે. તે જ પ્રકારે પ્રભુનો સાચો સ્નેહી-ભક્ત પ્રભુની સેવા છોડીને જપ તપ તીર્થ ઉપવાસ વગેરે અધૂરા ઉપાયોમાં મોહ પામતા નથી.

અહીં એક સ્પષ્ટીકરણ કરવું જરુરી છે કે ભક્તિ એ સ્નેહનું જ બીજું નામ છે. લૌકિક વ્યક્તિ માટે થતી કૂણી લાગણીને સ્નેહ પ્રેમ અનુરાગ જેવા શબ્દો વડે ઓળખવામાં આવે છે જ્યારે એવી લાગણી જો કોઈ પણ પ્રકારના સ્વાર્થ વિના ભગવાન પ્રત્યે થાય છે તો ત્યારે તેને ભક્તિ થઈ કહેવામાં આવે છે. ભગવાન પ્રત્યે ભક્તિ મનુષ્ય પોતાના પ્રયત્નોથી ઉત્પન્ન નથી કરી શકતો. એ તો ખુદ ભગવાનને જ્યારે કોઈ જીવના સ્નેહ, સેવા તેમ જ સમર્પણને માણવાની ઈચ્છા જાગે છે ત્યારે

જ તે જીવમાં ભગવાન માટે ભક્તિ જાગી શકે છે. પોતાના આવા કૃપાપાત્ર જીવ પાસેથી ભગવાન સંપૂર્ણ સમર્પણની અપેક્ષા રાખે છે. જીવ પોતાનામય બની જાય તેવું ભગવાન ઈચ્છતા હોય છે. પોતાના આ જ મનોભાવને વ્યક્ત કરતાં ભગવાન ગીતાના અંતમાં અર્જુનને આજ્ઞા કરે છે :—

સર્વગુહ્યતમં ભૂયઃ શ્રુણુ મે પરમં વચઃ।
ઈષ્ટોસિ મે દૃઢમિતિ તતો વક્ષ્યામિ તે હિતમ્॥
મન્મના ભવ મદ્‌ભક્તો મદ્‌યાજી માં નમસ્કુરુ।
મામેવૈષ્યસિ સત્યં તે પ્રતિજાને પ્રિયોઽસિ મે॥

ભાવાર્થ: સર્વગૂઢ વચનોથી પણ ગૂઢ મારું ફળરૂપ વચન ફરીથી સાંભળ. તું મને ખૂબ જ પ્રિય છે તેથી તારા હિત માટે કહું છું કે તું મારામાં મન પરોવ, મને જ આત્મસમર્પણ કર, મારો સેવક થા. તું મને પ્રિય છે તેથી હું તને સત્ય જણાવું છું કે આમ કરવાથી તું મને જ પામીશ.

જોયું ને ભગવાન પોતાના પ્રિયજનોથી કેવી અપેક્ષા રાખે છે! આથી જ પ્રભુના પ્રેમી ભક્તજનો માટે તો જો પ્રભુની સેવા છે તો બધું જ છે અને જો પ્રભુસેવા નથી તો બધું જ ફોકટ છે. જેઓ, પરંતુ, પ્રભુના સાચા સ્નેહી નથી હોતા, પ્રભુસુખના કરતાં જેમને પોતાના સુખ ભોગ કલ્યાણ કે સુવિધા નો વિચાર વધુ હોય છે તેઓજ પ્રભુસેવાથી છટકવાના બહાના શોધતા હોય છે.

ભગવાનનો સાચો ભક્ત કદી પણ આવો વ્યવહાર કરી જ ન શકે. પ્રભુસેવા રહિત જપ-ધ્યાનાદિ સાધનોની ભક્તના માટે કોઈ કિંમત હોતી નથી. અને શ્રીમદ્‌આચાર્યચરણદ્વારા નિર્દિષ્ટ પ્રભુસેવાના સ્વરૂપનો જો વિચાર કરવામાં આવે તો તે એટલી વિલક્ષણ છે કે જ્ઞાન કર્મ યોગ જપ ત્યાગ તપ તીર્થ આદિ સર્વ શાસ્ત્રીય ઉપાયોનો સમાવેશ પ્રભુસેવામાં જ થઈ જાય છે.



**સર્વ સાધનાઓનો સમાવેશ સેવામાં :**

**જ્ઞાન :** ભગવદ્‌ભક્તિને સુદૃઢ બનાવે તેવા પ્રભુના દિવ્ય સ્વરૂપ ગુણો તેમ જ લીલાઓના જ્ઞાનને પ્રાપ્ત કરવું એ જ ભક્તના માટે સાચું જ્ઞાન હોય છે.

**કર્મ :** ભક્ત તરીકેની લોકમાં પ્રસિધ્ધિ ભક્તિમાં નાશ કરનારી નીવડે છે. આથી ભગવદ્‌ભક્તો પોતાના સ્વરૂપ-ભાવને ગુપ્ત રાખવા માટે તટસ્થ-નિર્લિપ્ત ભાવે લૌકિક-વૈદિક કર્તવ્યોનું પાલન કરતા હોય છે. આ રીતે થતાં કર્તવ્યો જ ભક્તના માટે સાચું કર્મ હોય છે.

**ધ્યાન/યોગ :** પ્રભુમાં પોતાનું મન પરોવીને તેમની સેવા કરવાથી જ ભક્તના ધ્યાન / યોગ સિધ્ધ થઈ જાય છે.

**જપ :** પ્રભુસેવા દરમ્યાન તેમજ અનવસરમાં પ્રભુના સ્વરૂપ ગુણ લીલા તથા નામોનું કીર્તન-સ્મરણ-જપ ભક્તના માટે જપ હોય છે.

**ત્યાગ :** અસમર્પિતભોગ અન્યાશ્રય તેમ જ દુઃસંગનો ત્યાગ જ ભક્ત માટે સાચો ત્યાગ હોય છે.

**તપ :** અસદ્‌વાણી વિચાર તેમજ વ્યવહાર પર સંયમ, દૈહિક માનસિક તથા ભક્તિમાર્ગીય ફળની પ્રાપ્તિમાં થતાં વિલંબજન્ય આધિદૈવિક દુઃખોને સહન કરવા એ જ ભક્તનું તપ હોય છે.

**વ્રત-ઉપવાસ :** કૃષ્ણ-રામ-નૃસિંહ-વામન જયંતી તેમ જ પ્રત્યેક એકાદશી ( અગિયારસ ) માં નિરાહાર ( ખાધા વિના ) રહીને પ્રભુના સેવા સ્મરણ કીર્તન કરવા તેમ જ અસમર્પિતભોગનો આજીવન ત્યાગ કરવો એ જ વૈષ્ણવના વ્રત-ઉપવાસ હોય છે.

**પ્રાયશ્ચિત્ત :** સૃષ્ટિના આરંભથી અત્યાર સુધી જીવને અસંખ્ય વાર દેહના જન્મ-મરણ જોવા પડ્યા હશે. છતાં છેક હવે જઈને તેને પ્રભુસેવારૂપી પોતાના મૂળભૂત કર્તવ્યનું જ્ઞાન થયું છે. માટે હવેથી પ્રભુસેવા-સ્મરણથી તેને દૂર કરનારી સર્વ બાબતોનો તે પૂર્ણપણે ત્યાગ કરવાનો નિરંતર

પ્રયાસ કર્યા કરે એ જ ભક્તનું સાચું પ્રાયશ્ચિત્ત હોઈ શકે છે.

આ પ્રકારે આપણે સમજી શકીએ છીએ કે કર્મ ધ્યાન/યોગ જપ વગેરે સર્વ ઉપાયોનો સમાવેશ કયા પ્રકારે પ્રભુસેવામાં થઈ જાય છે. આ પણ એક કારણ છે સેવાને પુષ્ટિભક્તિમાર્ગીય સાધનામાં પ્રમુખતા આપવાનું.

**અહંતા-મમતાની શુદ્ધિ સેવાથી જ :**

અહંતા (હું/હુંપણું) અને મમતા (મારું/મારાપણું) ને શાસ્ત્રો ભગવત્પ્રાપ્તિમાં સહુથી મોટા પ્રતિબંધક માને છે. કારણકે અહંતા-મમતા જ માણસને સંસારમાં ડૂબાડી રાખનારી હોય છે. અહંતાને કારણે માણસ પોતાની જાત સિવાય બીજું કાંઈ વિચારી નથી શકતો, તે આત્મકેન્દ્રિત બની જાય છે. જ્યારે મમતા માણસને લાલચુ ભોગપરાયણ અસહિષ્ણુ બનાવી દેતી હોય છે. કામ ક્રોધ લોભ મોહ મદ માત્સર્ય જેવા દુર્ગુણો આપણી અહંતા-મમતાના જ વિકારો હોય છે.

અહન્તા :

આપણી અહંતા સામાન્યરીતે આપણા દેહમાં રહેલી હોય છે. હું કોણ? આ પ્રશ્નના ઉત્તરમાં પુરુષ-સ્ત્રી પુત્ર-પુત્રી પિતા-માતા શિષ્ય-ગુરુ મોટો-નાનો કાળો-ગોરો વેપારી-નોકરિયાત શિક્ષિત-અભણ ધનવાન-ગરીબ બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય શૂદ્ર વગેરે જેટલા પણ ઉત્તરો મળે તે બધી આપણી અહંતા (હુંપણું) જ હોય છે. જેને જેટલી અહંતાનું જેટલું વધુ ભાન હોય છે તેટલો જ તે વધુ તેમાં ફસાતો જાય છે. તેને એ ભાન નથી થતું કે જે અહંતામાં તે રાચી રહ્યો છે તે એના જડ દેહના આધારે ટકી રહી છે. અને દેહ તો નાશવાન હોય છે. આથી અહંતાના (ધનવાન-ગરીબ નોકર-માલિક જેવા) આવરણોને ટકાવી રાખવામાટે એ જે તનતોડ પરિશ્રમ કરી રહ્યો છે એ બધા પરિશ્રમો ઉપર ક્ષણવારમાં પાણી ફરી વળવાનું છે. બસ આ દેહમાંથી જીવના નિકળી જવાની વાર છે.



નાશવંત દેહના આશ્રિત અહંતાના પોષણ-રક્ષણમાં પરિશ્રમ કરવા કરતાં જો મનુષ્ય અવિનાશી સનાતન પ્રભુના અંશરૂપ જીવાત્માનું પ્રભુભક્તિદ્વારા પોષણ-રક્ષણ કરે તો સંસારસાગરને તરી જાય. દેહના માટે કરવામાં આવતા બધા પ્રયત્નો દેહના મૃત્યુ સાથે નષ્ટ થઈ જતાં હોય છે જ્યારે જીવાત્માના ઉત્કર્ષ માટે કરાતા પ્રયત્નો, ભલે દેહના ગમે તેટલા જન્મ-મરણ થઈ જાય, જીવાત્મા સાથે જ સનાતનકાળ સુધી જળવાઈ રહેતા હોય છે. આ જ બાબતને લક્ષ્યમાં રાખીને શ્રીઆચાર્યચરણે પુષ્ટિમાર્ગીય સેવાસાધનામાં અહંતાના આશ્રયભૂત દેહનો વિનિયોગ કરવાની આજ્ઞા કરી છે. ‘‘હું કૃષ્ણનો દાસ છું’’ એવી અલૌકિક અહન્તા સાથે પોતાના દેહવડે પ્રભુની સેવા કરવાથી અનિષ્ટકારક લૌકિક અહન્તાનો નાશ થઈ જાય છે.

મમતા :

મનુષ્યને મમતા પોતાના ઘર-પરિવાર ધન-સંપત્તિ વગેરેમાં હોય છે. ઘર-પરિવાર ધન-સંપત્તિ આદિ મમતાસ્પદ વિષયો મનુષ્યને પોતાના તરફ ખેંચીને રાખે છે, તેને બીજું કશું કરવા કે વિચારવાનો મોકો જ નથી આપતા હોતા. આથી જ શાસ્ત્રોમાં ઘર-પરિવાર વગેરેને જ્યાંથી કદી પણ પાછા ન નિકળી શકાય તેવા આંધળા કૂવાની સાથે સરખાવવામાં આવ્યા છે. મનુષ્યના આત્મકલ્યાણમાં મમતા પણ બહુ મોટી અડચણ હોય છે. જો પરંતુ પરિવાર ઘર ધન સંપત્તિ વગેરે મમતાસ્પદ વિષયોને પ્રભુ સાથે જોડી દેવામાં આવે તો તેઓ પ્રભુભક્તિમાં અડચણરૂપ થવાને બદલે ઉપયોગી થઈ જાય છે. આ જ બાબતને લક્ષ્યમાં રાખીને શ્રીમહાપ્રભુજીએ મમતાસ્પદ ઘર પરિવાર ધન સંપત્તિ વગેરેનો પ્રભુની સેવામાં ઉપયોગ કરવાની આજ્ઞા કરી છે.

આમ આપણે જોઈ શકીએ છીએ કે સેવાસાધના મનુષ્યના આત્મકલ્યાણમાં બાધક એવી અહંતા તેમ જ મમતા આમ બન્નેને સાધક બનાવે છે. આત્મનિવેદન-

બ્રહ્મસંબંધપૂર્વક પ્રભુસેવા કરવાથી લૌકિક અહંતાનો નાશ થઈ જાય છે. તેના સ્થાન પર ''હું પ્રભુનો દાસ છું'' એવી અલૌકિક અહંતાનો જન્મ થાય છે. તે જ પ્રમાણે આત્મસમર્પણપૂર્વક ઘર-પરિવાર ધન-સંપત્તિ આદિ વિષયોનો પ્રભુસેવામાં વિનિયોગ કરવાથી તે તે વિષયોમાં રહેલી બંધન કરનારી લૌકિક મમતાનો નાશ થાય છે. તેના સ્થાન પર ''આ ઘર-પરિવાર ધન-સંપત્તિ વગેરે સર્વ વસ્તુ મારા પ્રભુની છે અને પ્રભુમાટે છે'' એવી અલૌકિક મમતાનો જન્મ થાય છે. જેટલી બાધક-અનિષ્ટકારક લૌકિક અહંતા-મમતા હોય છે તેટલી જ સાધક અલૌકિક અહંતા-મમતા હોય છે. મનુષ્યની અહંતા-મમતાનું આટલું સુંદર શુધ્ધિકરણ / ઉદાત્તીકરણ કરવાની શક્તિ પ્રભુની સેવા-ભક્તિ સિવાય અન્ય કોઈ પણ સાધનોમાં નથી. જ્ઞાન કર્મ વગેરે સર્વ ઉપાયો એકાંગી/અધૂરા ઉપાયો છે. આ પણ એક કારણ છે પુષ્ટિભક્તિમાર્ગીય સાધનામાં પ્રભુની સ્વરૂપસેવાને પ્રમુખતા આપવાનું.

**ભગવત્સેવક ઉત્તમોત્તમ યોગી :**

ભગવત્સેવા કરનારની ઉત્તમોત્તમતાનું વર્ણન કરતાં ભગવાન ગીતામાં આજ્ઞા કરે છે :

> તપસ્વી કરતાં યોગી શ્રેષ્ઠ છે, યોગી જ્ઞાનીઓ કરતાં પણ ઉત્તમ છે, કર્મ કરનારાઓથી યોગી અધિક છે. વળી સર્વ યોગીઓમાં પણ જે મને આત્મસમર્પણ કરીને શ્રધ્ધાપૂર્વક મારી સેવા કરે છે તેને હું સર્વથી ઉત્તમ માનું છું.

પ્રભુને જે પ્રિય હોય તે કરવું એ જ સેવકનો ધર્મ હોય છે. ગીતાના ઉપરોક્ત વચનમાં સર્વ સાધનાઓ કરતાં સેવા કરનારને પ્રભુએ ઉત્તમ ગણાવ્યો છે. જ્યારે પ્રભુ જ સેવા કરનારને ઉત્તમોત્તમ ગણાવતા હોય ત્યારે સેવાને છોડીને અન્ય કોઈ પણ સાધનાને પ્રમુખતા કેમ આપી શકાય ?



# ૫. સેવાસ્વરૂપ

**કૃષ્ણસેવાનું સ્વરૂપ :**

શ્રીમદાચાર્યચરણે સિધ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં સેવા કરનાર-સેવકની કક્ષાના ભેદથી સેવાની બે કક્ષાનું નિરૂપણ કર્યું છે : (૧) ફલરૂપાસેવા / માનસી (૨) સાધનરૂપાસેવા / તનુવિત્તજાસેવા.

## (૧)ફલરૂપાસેવા / માનસી :

સેવા કરનારનું મન જ્યારે પ્રભુ સિવાય બીજે ક્યાંય ગયા વિના માત્ર પ્રભુમાં જ પૂર્ણપણે લાગી જાય છે ત્યારે તે અવસ્થાને 'ફલરૂપાસેવા' કે 'માનસીસેવા' કહેવામાં આવે છે.

## (૨)સાધનરૂપાસેવા / તનુવિત્તજાસેવા :

ચિત્તની સંપૂર્ણ પ્રભુપ્રવણતા જે ઉપાયથી પ્રાપ્ત થાય છે તેને 'તનુવિત્તજાસેવા' કે 'સાધનરૂપાસેવા' કહેવામાં આવે છે.

**તનુવિત્તજા = સર્વસ્વસમર્પણ :**

આત્મનિવેદન દીક્ષા વખતે દીક્ષાર્થી પોતાના આત્મા સહિત દેહ ઘર પરિવાર ધન-સંપત્તિ વગેરે સર્વસ્વનું નિવેદન પ્રભુને કરી દે છે. આત્મનિવેદનદીક્ષા દ્વારા દીક્ષાર્થી પ્રભુ સામે એવો સંકલ્પ કરતો હોય છે કે :

હે પ્રભુ! હું આપનો અંશ હોવાથી આપનો સહજ દાસ છું. મારી સર્વ વસ્તુઓ કે જેને અત્યાર સુધી હું મારી સમજતો હતો અને તે રીતે જ તેનો ઉપભોગ પણ કરતો હતો તે સર્વવસ્તુઓના ખરા માલિક તો આપ જ છો. આથી મારું ખરું કર્તવ્ય તો આપને સર્વસ્વનું સમર્પણ કરીને આપની સેવા કરવી એ જ છે. તેથી હું મારા દેહ પરિવાર ઘર ધન-સંપત્તિ વગેરે સર્વવસ્તુને આપની સેવા માટે અર્પણ કરું છું.

આવા મૌખિક પ્રકારે કરવામાં આવતા અર્પણને 'નિવેદન' (જણાવવું) કહેવામાં આવે છે. મૌખિક પ્રકારે

નિવેદિત થયેલી સર્વ વસ્તુઓને જ્યારે પ્રભુને ઘરમાં પધરાવીને તેમની સેવામાં સાક્ષાત્ ઉપયોગમાં લેવામાં આવે ત્યારે 'સમર્પણ' થયું કહેવાય. આથી નિવેદિત વસ્તુ પણ ત્યાં સુધી અસમર્પિત જ રહે છે કે જ્યાં સુધી તેનું સમર્પણ પ્રભુસેવામાં કરવામાં નથી આવતું. અહીં એ ભૂલવું ન જોઈએ કે જેણે બ્રહ્મસંબંધદીક્ષા લીધી હોય છે તેણે અસમર્પિત સર્વવસ્તુનો પૂર્ણપણે ત્યાગ કરવાનો હોય છે.

સર્વસ્વના સમર્પણનો ઉપદેશ શ્રીમહાપ્રભુજીએ 'સિધ્ધાંતરહસ્ય' ગ્રંથમાં કર્યો છે.

> નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદિતિ સ્થિતિઃ।
>
> ભાવાર્થ: પ્રભુ સામે જેણે આત્મનિવેદન કર્યું છે તેણે કોઈ પણ વસ્તુનો પોતાનામાં ઉપયોગ કે કોઈ પણ કાર્ય પ્રભુને સમર્પિત કરીને કરવા એવો સિધ્ધાંત છે.
>
> તસ્માદાદૌ સર્વકાર્યે સર્વવસ્તુસમર્પણમ્
>
> ભાવાર્થ: સર્વકાર્યના આરંભમાં જ સર્વ વસ્તુનું સમર્પણ પ્રભુને કરવું જોઈએ.

સિધ્ધાંતરહસ્ય ગ્રંથમાં ઉપદેશાયેલું આ સર્વસ્વસમર્પણ જ તનુવિત્તજા સેવાનો તાત્પર્યાર્થ છે.

**તનુજા, વિત્તજા નહીં; તનુવિત્તજા :**

સિધ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું છે કે તનુવિત્તજાસેવા મનને પ્રભુમાં પરોવવાનો ઉપાય છે. અહીં 'તનુ' એટલે દેહ જ્યારે 'વિત્ત' એટલે ધન. અહીં પરંતુ એ ભૂલવાનું નથી કે સિધ્ધાંતરહસ્ય ગ્રંથોક્ત સર્વસ્વનું સમર્પણ તનુવિત્તજાસેવાનો ખરો અર્થ છે. આથી જો 'તનુ' શબ્દનો અર્થ માત્ર દેહ અને 'વિત્ત' શબ્દનો અર્થ માત્ર ધન જ લેવામાં આવે તો આત્મનિવેદનદીક્ષા વખતે પ્રભુને નિવેદિત કરેલ ઈન્દ્રિયો, પ્રાણ, અંતઃકરણ, તેના ધર્મો, પત્ની / પતિ, પુત્ર / પુત્રિ, પરિવાર, ઘર, સંપત્તિ વગેરેનું તો સમર્પણ બાકી જ રહી જાય છે. આથી, 'તનુ' શબ્દથી દેહની સાથો-સાથ ઈન્દ્રિય-પ્રાણ-અંતઃકરણ



(મન-બુધ્ધિ-ચિત્ત-અહંકાર) તેમ જ તેના ધર્મો તથા 'વિત્ત' શબ્દથી પૈસાની સાથે સાથે ઘર પરિવાર સંપત્તિ વગેરે સર્વ પદાર્થો સમજવા જોઈએ. સર્વસ્વનું પ્રભુસેવામાં સમર્પણ એ જ તનુવિત્તજાનો સાચો અર્થ છે તે બાબત સમજાવતાં શ્રીપ્રભુચરણ સિધ્ધાંતમુક્તાવલી ગ્રંથની વ્યાખ્યામાં આજ્ઞા કરે છે:—

> કોઈ પણ જાતના (લાલચ, દંભ, પ્રતિષ્ઠા કે ધનની કામના, પ્રતિસ્પર્ધા જેવા) લૌકિક ભાવો રાખ્યા વિના પોતાનું સર્વસ્વ ભગવાનને નિવેદિત કરીને પોતાના દેહનો પણ વિનિયોગ જ્યારે પ્રભુસેવામાં કરવામાં આવે છે ત્યારે પ્રભુમાં પ્રેમ પ્રકટ થતાં ચિત્ત કૃષ્ણપ્રવણ બની શકે છે.

શ્રીગુસાંઈજીની ઉપરોક્ત આજ્ઞા મુજબ સર્વસ્વનું પ્રભુસેવામાં સમર્પણ ત્યારે જ શક્ય બની શકે છે કે જ્યારે તનુ (=દેહાદિ) તથા વિત્ત (=પૈસા, ઘર વગેરે) આમ બન્નેનો એકી સાથે પ્રભુસેવામાં વિનિયોગ કરવામાં આવે. અહીં પરંતુ એક પ્રશ્ન ઊભો થાય છે કે ધારો કે એક વ્યક્તિથી કોઈક કારણસર જાતે સેવા કરવી શક્ય નથી બનતી, એવી વ્યક્તિ જો ઘરમાં નોકરો રાખીને તેઓ દ્વારા સેવા કરાવે; અથવા ભાડૂતી સેવા જ્યાં થતી હોય છે તેવા હવેલી-મંદિરોમાં નિયમિત કે પ્રસંગોપાત્ત ભેટ-સામગ્રી પધરાવીને સેવા-મનોરથો કરાવે (એટલે કે પૈસા પોતાના આપે પરંતુ સેવા કોઈક બીજો કરે) તો તેની સેવા થઈ ગણાય કે કેમ? તેજ પ્રમાણે ઘર મંદિર કે હવેલીમાં રહેતી કોઈ વ્યક્તિ ઉપરોક્ત રીતે કોઈ ભાડૂતી સેવા કરાવવા ઈચ્છુક વ્યક્તિ પાસેથી નિયમિત પગાર પેટે અથવા તો પ્રસંગોપાત્ત ભેટ-સામગ્રી સ્વીકારીને જાતે સેવા કરે (એટલે કે સેવા જાતે કરે પણ પૈસા બીજાના વાપરે) તો તેણે સેવા કરી ગણાય કે કેમ? આ બન્ને વ્યક્તિઓ દ્વારા કરાતી સેવા સિધ્ધાંતરૂપે પુષ્ટિભક્તિમાર્ગમાં માન્ય હોઈ શકે?

ઉપરોક્ત પ્રશ્નોમાં વર્ણવેલ બે પ્રકારની સેવાને તનુજાસેવા અને વિત્તજા સેવા ના નામથી પાછલા કેટલાક સમયથી

સંપ્રદાયમાં ગુરુદ્વારસ્તરેથી પણ બહુપ્રચારિત કરવામાં આવી રહી છે. પરન્તુ શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઇજી કે અન્ય પૂર્વાચાર્યોના ગ્રન્થોનું અવલોકન કરતાં, ઉપરોક્ત પ્રકારે કરાતી સેવા ખરેખર સેવા જ નથી એવું સ્પષ્ટપણે સાબિત થઇ જાય છે. આ પ્રકારે સેવા કરનારા કદી પણ પુષ્ટિભક્તિમાર્ગીય લક્ષ્યને પામી નથી શકતા એ વાત સમજાવતાં શ્રીગુસાંઈજી સિધ્ધાંતમુક્તાવલી ગ્રંથની વ્યાખ્યામાં આજ્ઞા કરે છે:—

> પૈસા (ભેટ સામગ્રી કે પગાર) આપીને કોઈ બીજા માણસ થકી (મંદિર હવેલી કે ઘરમાં) કરાવવામાં આવતી સેવા તે સેવાનો એક પ્રકાર છે; અને આવી રીતે કૃષ્ણસેવા માટે કોઈક બીજા માણસ (મનોરથી વગેરે) પાસેથી પૈસા (ભેટ સામગ્રી ન્યોછાવર) લઈને કરવામાં આવતી સેવા તે સેવાનો બીજો પ્રકાર છે. આવા બન્ને પ્રકારોથી (એટલે કે કોઈથી પૈસા લઈને કે કોઈને પૈસા આપીને) કરાતી / કરાવાતી સેવાથી ચિત્ત ક્યારે ય કૃષ્ણપ્રવણ બની શકતું નથી, પોતાના આવા અભિપ્રાયને પ્રકટ કરવા માટે જ શ્રીમહાપ્રભુજીએ (તનુજા વિત્તજા એમ બે નોખા નોખા શબ્દોનો પ્રયોગ ન કરીને) 'તનુવિત્તજા' આમ સમસ્તપદનો પ્રયોગ કર્યો છે.

પ્રભુચરણ શ્રીગુસાંઈજીના ઉપરોક્ત વચનથી તેમ જ શ્રીઆચાર્યચરણના 'તનુવિત્તજા' એમ સમસ્ત પદના પ્રયોગથી એ બાબત સ્પષ્ટ થઈ જાય છે કે કોઈને ભેટ-સામગ્રી અથવા પગાર આપીને કરાવવામાં આવતી સેવા તેમ જ આ પ્રકારે કોઈ પાસેથી ભેટ-સામગ્રી કે પગાર લઈને જાતે કરવામાં આવતી સેવા —આમ નોખી-નોખી કરવામાં આવતી તનુજા-વિત્તજા સેવાનો પ્રકાર પુષ્ટિભક્તિમાર્ગીય સાધનાના રૂપમાં કોઈ પણ રીતે માન્ય નથી જ.

પુષ્ટિભક્તિમાર્ગમાં પ્રભુસેવા પોતાને પ્રભુનો સેવક માનીને કરવાની હોય છે. અને સેવક તેને કહેવામાં આવે છે કે જે જાતે સેવા કરતો હોય. જે વ્યક્તિ જાતે સેવા ન કરતો હોય પરંતુ કોઈના દ્વારા સેવા કરાવતો હોય



તેને તો સેવક નહીં, માલિક કહેવામાં આવે છે. તે જ પ્રમાણે જે અંતઃપ્રેરણાથી સ્વધર્મ સમજીને જાતે સેવા ન કરતો હોય પરંતુ કોઈના કહેવાથી લાચારીથી અથવા તો પૈસા કે પ્રતિષ્ઠા મેળવવાની લાલચથી કરતો હોય તેને પણ સેવક નથી કહેવામાં આવતો. તેને ભાડૂતી નોકર કે વેપારી કહેવામાં આવે છે. આટલી નાની વાત પણ જો સમજમાં આવી જતી હોય તો નોખી-નોખી કરવામાં આવતી તનુજા તથા વિત્તજા સેવા એ વસ્તુતઃ સેવા જ નથી એ સમજી શકાય. આવા કાલ્પનિક પ્રકારે સેવા કરવાથી સેવાનું સ્વરૂપ તેમજ સેવાનો મુખ્ય ભાવ જ નાશ પામે છે.

આથી જ આવા કાલ્પનિક પ્રકારે સેવા કરનારાઓને સેવાનું ફળ તો નથી જ મળતું, ઉલટાનું વિપરીત ફળ મળે છે એવી ચેતવણી આપતાં શ્રીપુરુષોત્તમજી સિધ્ધાંતમુક્તાવલી ગ્રંથની વ્યાખ્યામાં આજ્ઞા કરે છે:

> પૈસા (ભેટ-સામગ્રી ન્યોછાવર વગેરે) આપીને અન્ય કોઈ (મુખિયા ભીતરિયા કે ગોસ્વામી આચાર્ય) દ્વારા જે પ્રભુસેવા કરાવે છે તે અભિમાની બને છે; તેનું મન કદી પણ પ્રભુમાં લાગી શકતું નથી. તે જ પ્રમાણે જો સેવા કરવાના બદલામાં મહેનતાણાના રૂપે પૈસા (ભેટ-સામગ્રી, ન્યોછાવર) લઈને (હવેલી-મંદિરોમાં જે પ્રમાણે થતું હોય છે તે રીતે) તનુજાસેવા કરાવવામાં આવે તો ગોરમહારાજને જેમ યજ્ઞયાગનું ફળ મળતું નથી હોતું તેમ પારકા પૈસે સેવા કરનાર (મુખિયા ભીતરિયા કે ગોસ્વામી આચાર્યો) નું મન પણ પ્રભુમાં લાગી શકતું નથી. વળી ભક્તિમાર્ગમાં ભગવાને આ પ્રકારની ભાડૂતીસેવા કરવા કે કરાવવાનો ક્યાંય ઉપદેશ કર્યો નથી. આથી તે પ્રમાણે ન કરવું કિન્તુ ભગવાને (ભાગવતમાં ઉધ્ધવજીને ઉપદેશ આપતાં આત્મનિવેદન કરીને પોતાનામાં દાસપણાની ભાવના રાખીને, પ્રભુને સર્વસ્વનું સમર્પણ કરતાં જાતે જ પ્રભુની સેવા કરવાની જે) આજ્ઞા

> કરી છે તે જ પ્રમાણે સેવા કરવી. આમ ભગવાને ઉપદેશેલ પ્રકારે જો સેવા કરવામાં આવે તો જ સાધનરૂપા તનુવિત્તજા સેવા ફળરૂપા માનસી સેવાની પ્રાપ્તિ કરાવી શકે છે.

આ બધાના અંતે એ નિર્ણય તારવી શકાય છે કે પારકે પૈસે તનુજા સેવા કરનારો દેવોને પણ દુર્લભ એવી પરમધર્મરૂપ પ્રભુસેવાને ધંધો બનાવનાર પાપી દેવલક થાય છે. જ્યારે વિત્તજા સેવા કરનાર ધર્મને ધંધો બનાવનારના પાપમાં ભાગીદાર થાય છે. આથી નોખી-નોખી કરવામાં આવતી તનુજા સેવા તથા વિત્તજા સેવા પુષ્ટિભક્તિમાર્ગમાં સિધ્ધાંત તરીકે અમાન્ય છે, એટલું જ નહીં પરંતુ સિધ્ધાંતથી સદંતર વિરુધ્ધ છે. આથી શ્રીમહાપ્રભુજીને માનનારા વૈષ્ણવે કદી પણ આવું માર્ગવિરુધ્ધ કાર્ય કરવું ન જોઈએ. અર્થાત્ કદી કોઈને (ગોસ્વામી આચાર્યોને) પણ શ્રીઠાકોરજીની સેવાનિમિત્તે કંઈ પણ આપવું નહીં કે કોઈ પાસેથી તે નિમિત્તે લેવું પણ નહીં. દરેક પુષ્ટિમાર્ગીએ (ગોસ્વામી આચાર્યોએ પણ) પ્રભુને (જાહેર મંદિર-હવેલીમાં નહીં પરન્તુ) પોતાના ઘરમાં પધરાવીને તેમને સર્વસ્વનું સમર્પણ કરીને જાતે જ સેવા કરવી જોઈએ. આ જ પુષ્ટિમાર્ગીય સેવાનું એક માત્ર સાચું સ્વરૂપ છે.



# ૬. સેવ્યસ્વરૂપ

**વ્યાખ્યા :**

જે દેવની પોતાના ઈષ્ટદેવ તરીકે સેવા (-પૂજા-આરાધના) કરવામાં આવતી હોય તેને 'સેવ્યસ્વરૂપ' કહેવામાં આવે છે. પરબ્રહ્મ પૂર્ણપુરુષોત્તમ દેવાધિદેવ વ્રજાધિપ સાક્ષાત્ શ્રીકૃષ્ણ જ પુષ્ટિભક્તિમાર્ગમાં સેવ્યસ્વરૂપ હોય છે.

**ભગવદાગમન કેવી રીતે ?**

આત્મનિવેદન કર્યા બાદ પુષ્ટિભક્તિમાર્ગીનું કર્તવ્ય પ્રભુને સર્વસ્વ સમર્પણ કરવાનું હોય છે. પ્રભુને પોતાની સર્વ વસ્તુઓનું સમર્પણ કરવું ભક્ત માટે ત્યાં સુધી શક્ય નથી બની શકતું કે જ્યાં સુધી પ્રભુ ભક્તના ઘર-પરિવારમાં તેના જીવનના દરેક પ્રસંગોમાં ઓતપ્રોત થઈ નથી જતાં. ત્યારે અહીં એક સમસ્યા ઊભી થઈ જાય છે કે પ્રભુને પોતાના ઘર-પરિવાર તેમ જ જીવનના દરેક પ્રસંગોમાં ઓતપ્રોત કેવી રીતે કરવા? આ સમસ્યાનું સમાધાન તો ત્યારે જ આવી શકે કે જ્યારે પ્રભુ શ્રીનંદરાયજી-શ્રીયશોદાજીના ઘરમાં જેમ અવતર્યા અને તેમના જીવનમાં ઓતપ્રોત થઈ ગયા હતા તેમ બ્રહ્મસંબંધી વૈષ્ણવના ઘરમાં પણ પ્રભુ અવતાર લે અને તેના ભક્તિભાવનો સમર્પણનો અને સેવાનો સ્વીકાર કરે.

ભક્તનું હૃદય જો ચોખ્ખું હોય, કોઈપણ પ્રકારની સ્વાર્થભાવનાથી રહિત અને શુધ્ધભક્તિભાવવાળું હોય અને જો તેણે પ્રભુને આત્મનિવેદન સાચા હૃદયથી કર્યું હોય તો બ્રહ્મસંબંધી વૈણવના ઘર-પરિવાર તથા જીવન માં પ્રભુ ચોક્કસ પધારે જ છે. આથી જ આત્મનિવેદન-બ્રહ્મસંબંધદીક્ષા બાદ દીક્ષિત વૈષ્ણવનું સર્વસ્વસમર્પણ સ્વીકારવા પ્રભુ ગુરુદ્વારા 'સેવ્યસ્વરૂપ' તરીકે વૈષ્ણવના ઘરમાં પધારે છે.

શ્રીમહાપ્રભુજી નિબંધ ગ્રંથમાં આજ્ઞા કરે છે:

> વિચાર કરતાં તો વસ્તુમાત્ર ભગવદ્રૂપ જ છે. પરંતુ મૂર્તિની બાબતમાં આથી વિશેષ હોય

છે કે ''હું આ ભક્તનો ઉધ્ધાર કરીશ'' એવી ઈચ્છાથી ભક્તના ઘરમાં પ્રભુ સેવ્યસ્વરૂપે પધારે છે.

**મૂર્તિ / સ્વરૂપ અને ભગવાન માં ભેદ નથી :**

આથી જ સેવ્યસ્વરૂપને ભક્તના ઘરમાં સેવાર્થે પધરાવી આપવાની વિધિમાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે પ્રભુસેવા કરનારે પોતાના સેવ્યસ્વરૂપ તથા ભગવાનમાં ભેદ ન સમજવો જોઈએ. એટલે કે જેની સેવા કરવામાં આવી રહી છે તે મૂર્તિ કે સ્વરૂપ છે અને ભગવાન તે મૂર્તિ કે સ્વરૂપથી જુદા છે એવો ભાવ ન રાખવો જોઈએ. તે જ પ્રમાણે મૂર્તિ કે સ્વરૂપની સેવા કરવાથી તેમાંથી ભગવાન પ્રકટ થશે એવો ભેદભાવ પણ સ્વસેવ્યમાં રાખવો ન જોઈએ. પોતાના ઘરમાં સેવ્ય તરીકે બિરાજનાર બીજું કોઈ નહીં પણ પૂર્ણપુરુષોત્તમ ભગવાન સાક્ષાત્ શ્રીકૃષ્ણ જ છે એવા ભાવથી સેવા કરવી જોઈએ.

શ્રીઆચાર્યચરણ તેથી જ 'નિબંધ' ગ્રંથમાં આજ્ઞા કરે છે :

> બ્રહ્મ તો સાકાર પણ છે અને વ્યાપક પણ છે. વળી અંતર્યામિરૂપે સર્વત્ર રહેલો પણ છે. આથી ભગવન્મૂર્તિરૂપ પણ ખુદ ભગવાન જ છે. તેથી જ ભગવન્મૂર્તિને સ્નાન અલંકરણ ભોગ વગેરે જે ઉપચારો થાય છે તેનો અંગીકાર સાક્ષાત્ ભગવાન જ કરે છે. એ જ ન્યાયે ભગવન્મૂર્તિનો જો અપરાધ થાય તો તે અપરાધ પણ સાક્ષાત્ ભગવાનનો જ છે તેમ સમજવું.

ભગવાન તો પૃથ્વીના કણકણમાં રહેલા છે. આથી ભક્ત જો ભગવન્મૂર્તિમાં પોતાનો (આ મારા સ્વામી છે એવો) સેવ્યભાવ સ્થાપિત કરે છે તો ત્યાં ભગવાન ભક્તના સેવ્ય બની જતા હોય છે.

આથી શ્રીભાગવતમાં કહેવાયું છે :

> આપનો ભક્ત આપના જેવા-જેવા સ્વરૂપોની



> ભાવના પોતાની બુધ્ધિમાં કરે છે તેવા-તેવા સ્વરૂપો આપ તેના પર કૃપા કરીને ધારણ કરો છો.

પ્રહ્લાદજીને તો સર્વત્ર ભગવદ્ભાવ સિધ્ધ હતો. આ કારણે એમની હત્યા કરવા પ્રયત્નશીલ એવા એમના પિતા, પુરોહિતો તેમ જ અન્ય રાક્ષસો પ્રત્યે પણ એમના મનમાં કોઈ પણ પ્રકારના ક્રોધ કે દ્વેષના ભાવો નહોતા. એમના પિતા હિરણ્યકશિપુને પરંતુ ભગવાનની સર્વવ્યાપકતા ઉપર વિશ્વાસ ન હતો. ભક્ત પ્રહ્લાદની પ્રાર્થનાથી ભગવાન મહેલના થાંભલામાંથી પ્રકટ થયા અને રાક્ષસ હિરણ્યકશિપુનો વધ કરીને પ્રહ્લાદનો ઉધ્ધાર કર્યો. આથી જ શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે ''હું આ જીવનો ઉધ્ધાર કરીશ'' એવી ઈચ્છા જ્યારે ભગવાન કોઈ ભક્તવિશેષના માટે કરે છે ત્યારે પ્રહ્લાદજીમાટે જેમ થાંભલામાંથી પ્રકટ્યા હતા, વ્રજભક્તોમાટે જેમ શ્રીનંદરાયજીને ત્યાં પધાર્યા હતા તેવી જ રીતે તે ભક્તનો ઉધ્ધાર કરવા માટે ભગવાન ભક્તના ઘરમાં તેના સેવ્ય તરીકે પધારે છે. આથી જ પુષ્ટિમાર્ગીના ઘરમાં બિરાજતા સેવ્યસ્વરૂપને સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણનું પ્રાકટ્યજ માનવામાં આવે છે.

**ભગવદનુભૂતિ કેવી રીતે :**

અહીં એક પ્રશ્ન થાય છે કે, ભક્તોના ઘરમાં સેવ્ય તરીકે બિરાજતું ભગવત્સ્વરૂપ જો સાક્ષાત્ ભગવાન જ હોય, ભગવાનનું જો સાક્ષાત્ પ્રાકટ્ય જ હોય તો શ્રીનંદરાયજી-શ્રીયશોદાજી વગેરે વ્રજભક્તોને ભગવાનનો સાક્ષાત્ અનુભવ થતો હતો તેવો અનુભવ આજે ભક્તોને શામાટે નથી થતો ?

આ પ્રશ્નને સમજવા માટે પ્રભુની અવતારકાલીન (પ્રકટ) લીલા તેમ જ અનવતારકાલીન (અપ્રકટ) લીલાના ભેદને સમજવો જરૂરી છે.

પૂર્વે આપણે સમજી ચૂકયા છીએ કે જડ-જીવાત્મક આ સમગ્ર સૃષ્ટિ પ્રભુની લીલાભૂમિ છે. અને આ સૃષ્ટિરૂપ

પણ સ્વયં પ્રભુ જ બન્યા છે. અભિનેતા, જેમ, કોઈક વખતે પોતાના મૂળરૂપમાં રહીને રંગમંચ પર અભિનય કરતો હોય છે તો ક્યારેક પોતાના મૂળરૂપને છુપાવીને, એટલે કે છુપા વેશમાં પણ અભિનય કરતો હોય છે તેમ, ભગવાન પણ પોતાની લીલાસૃષ્ટિમાં ક્યારેક ક્યાંક કોઈકના માટે પ્રકટરૂપે લીલા કરતા હોય છે તો ક્યારેક ક્યાંક કોઈકના માટે અપ્રકટરૂપે પણ લીલા કરતા હોય છે. આવી બે પ્રકારની પ્રભુની લીલાને અનુક્રમે અવતારકાલીન (પ્રકટ)લીલા તેમ જ અનવતારકાલીન (અપ્રકટ) લીલા નામે ઓળખવામાં આવે છે.

### અવતારકાલીન (પ્રકટ) લીલા :

કોઈ વિશેષ કાર્ય કરવા માટે ભગવાન જ્યારે પોતાના ધામમાંથી પૃથ્વી પર અવતરે છે ત્યારે ભગવાનદ્વારા પ્રકટરૂપે જે લીલાઓ થાય છે તેને 'અવતારકાલીન (પ્રકટ) લીલા' કહેવામાં આવે છે. દા.ત. શ્રીનંદરાયજીને ત્યાં ભગવાન પ્રકટ્યા ત્યારે સર્વ લોકોને પ્રભુનો સાક્ષાત્ અનુભવ થઈ શકતો હતો. પુત્ર ભાઈ સખા પ્રિયતમ શિષ્ય વગેરે જેવા પણ ભાવોથી ભક્તોએ પ્રભુને ભજ્યા હતા, પ્રભુએ પણ ભક્તોના તેવા-તેવા ભાવો અનુસાર જ અનુભવ ભક્તોને કરાવ્યા. પ્રભુની આ લીલા અવતારકાલીન (પ્રકટ) લીલા હતી.

### અનવતારકાલીન (અપ્રકટ) લીલા :

અવતારકાલની માફક સર્વજનોના સમક્ષ પ્રકટ રહ્યા વિના જ્યારે પ્રભુ ક્રીડા કરે છે ત્યારે તે લીલાને અનવતારકાલીન (અપ્રકટ) લીલા કહેવામાં આવે છે. દા.ત. વ્રજમાં પ્રકટ થઈને વ્રજભક્તોનો ઉધ્ધાર, રાક્ષસોનો નાશ, ધર્મસ્થાપન વગેરે જે કાર્યો ભગવાન કરવા ઈચ્છતા હતા તે કાર્યો પૂરા થતાં ભગવાન પાછા સ્વધામમાં પધાર્યા. ભગવાનના સ્વધામમાં પધારવાથી લઈને જ્યાં સુધી ભગવાન ફરીથી અવતરિત નથી થતા ત્યાં સુધીના કાલને 'અનવતારકાલ' કહેવામાં આવે છે. અત્યારનો સમય અનવતારકાલનો સમય



કહેવાય છે.

અવતારકાલમાં તો ભગવાન સ્વેચ્છાથી જ પ્રકટસ્વરૂપે બિરાજતાં હોવાથી ભગવાનના દર્શનાદિ જ્ઞાની-અજ્ઞાની, ભક્ત-અભક્ત, પાપી-પુણ્યાત્મા જેવા બધા જ લોકો કરી શકતા હોય છે. અનવતારકાલમાં પરંતુ ભગવાન વ્યાપકરૂપે તો સર્વત્ર બિરાજમાન હોવા છતાં અવતારકાલની માફક પ્રકટસ્વરૂપે સર્વજનસુલભ નથી રહી જતા. અર્થાત્ અનવતારકાલમાં બધા લોકોને ભગવાનના દર્શનાદિનો અનુભવ થઈ શકતો નથી.

આ જ બાબતને આપણે વરસાદ તેમ જ કૂવાના દૃષ્ટાંતથી સમજી શકીએ છીએ. વરસાદ જ્યારે વરસે છે ત્યારે વિના પ્રયાસે બધા જ લોકો વર્ષાજલના સ્નાનપાનાદિ કરી શકતા હોય છે. જ્યારે કે વર્ષાકાલ વીતી ગયા પછી જો સ્નાનપાનાદિ વ્યવહાર કરવા હોય તો કૂવામાંથી જલ સીંચવું પડે છે. આ જ પ્રમાણે ભગવાન જ્યારે અવતરિત થતા હોય છે ત્યારે વરસતા વરસાદની માફક ભગવાનનો અનુભવ બધા લોકોને થતો હોય છે. જ્યારે કે અનવતારકાલમાં સામાન્ય રીતે ભગવાન એવી ઈચ્છા રાખતા હોય છે કે જેમ વર્ષાકાલ વીતી ગયા પછી સ્નાનપાનાદિ કરવા માટે જલને કૂવામાંથી સીંચવાની મહેનત કરવી પડતી હોય છે તેમ જે જીવોને પ્રભુની અવતારલીલાના જેવો અનુભવ લેવો હોય તેઓ પ્રથમ સાધન-ભક્તિ કરે પછી ભગવાન તેઓને અનુભવ કરાવે. ભક્તોના ભાવોના અનુસાર તેમને અનુભવ કરાવવા માટે ભગવાન મૂર્તિસ્વરૂપે વિશેષરૂપથી સ્થિતિ કરે છે અને તે સ્વરૂપથી જ ભક્તોને અવતારલીલા જેવા સર્વ અનુભવો પણ કરાવે છે. ૮૪ વૈષ્ણવો, ૨૫૨ વૈષ્ણવોના ચરિત્રો તેમ જ અન્ય પણ પુરાણવર્ણિત ભક્તોના ચરિત્રોનું અવલોકન કરવાથી આ તથ્ય અનુભવી શકાય છે.

### પુષ્ટિમાર્ગમાં સર્વદા અવતારકાલજ :

આગળ આપણે સમજી ગયા તે પ્રમાણે, પુષ્ટિજીવના

ઉદ્ધારની ઈચ્છાથી પ્રભુ પુષ્ટિમાર્ગીના ઘરમાં સેવ્યસ્વરૂપે અવતરતાં હોય છે. આથી, આમ જોવા જતાં તો હાલના કાળને અનવતારકાળજ કહેવામાં આવે છે તેમ છતાં શ્રીઆચાર્યચરણદ્વારા સ્થાપિત સિદ્ધાન્તમર્યાદામાં રહીને જે પુષ્ટિમાર્ગી પ્રભુની સેવા કરે છે તેના માટે તો અનવતારકાલમાં પણ અવતારકાલ જ હોય છે.

પ્રભુની દૃષ્ટિએ વિચારતાં, ઉપર જોયું તે પ્રમાણે, ભગવદનુભૂતિ થવામાં કે ન થવામાં સ્વયં પ્રભુની ઈચ્છા જેમ કારણરૂપ હોય છે તેમ જીવની દૃષ્ટિએ વિચારતાં પ્રભુના માહત્મ્યયુક્ત સ્વરૂપનું અજ્ઞાન તેમજ ભક્તિનો અભાવ પણ પ્રભુનો અનુભવ ન થવામાં કારણરૂપ હોય છે.

**ભગવદનુભૂતિમાં અજ્ઞાન અને ભક્તિનો અભાવ બાધક :**

એવું ઘણી વખતે આપણા અનુભવમાં બનતું હોય છે કે જે વસ્તુને આપણે શોધતાં હોઈએ તે વસ્તુ આપણી સામે જ હોય, તેના ઉપર આપણી નજર પણ પડતી હોય તેમ છતાં વસ્તુને આપણે ઓળખી શકતા નથી હોતા. વસ્તુના સ્વરૂપનું પૂરેપૂરું જ્ઞાન ન હોવાથી, મન બીજે ક્યાંક ભટકતું હોવાથી કે કામ ક્રોધ જેવા ભાવો વડે બુદ્ધિ પ્રભાવિત થયેલી હોવાથી પણ આ પ્રમાણે બનતું હોય છે. ભગવદનુભવમાં પણ આમ જ હોય છે.

ભગવાન તો સર્વરૂપ સર્વાન્તર્યામી હોવાથી ભક્તનો ઉધ્ધાર કરવાની પોતાની વિશેષ ઈચ્છા હોવાથી મૂર્તિસ્વરૂપે વિશેષરૂપથી સ્થિત થઈને ભક્તના ઘરમાં સેવ્ય તરીકે બિરાજતાં જ હોય છે. પરંતુ આંખ ઉપર રંગીન ચશ્મા પહેરનારને વસ્તુના વાસ્તવિક સ્વરૂપ (રંગ)નું જેમ ભાન નથી થતું હોતું તેમ સેવાકર્તા-ભક્તને પણ જ્યાં સુધી પ્રભુના સ્વરૂપના પૂર્ણ માહાત્મ્યજ્ઞાનપૂર્વક ભગવત્પ્રેમ જાગૃત થતો નથી ત્યાં સુધી ભગવાન તેને અવતારકાલીન લીલા જેવો અનુભવ, સામાન્યરીતે, કરાવતાં નથી. આંખ ઉપરથી રંગીન ચશ્મા ઉતારી દેતાં જેમ તે જ (પૂર્વે કોઈક જુદા પ્રકારે અનુભવાતી)



વસ્તુઓ પોતાના વાસ્તવિક સ્વરૂપમાં અનુભવાતી હોય છે તેમ ભગવન્માહાત્મ્યજ્ઞાન પૂર્વક પ્રભુમાં પ્રેમ-ભક્તિ થતાં ભગવદનુભવ થવા લાગે છે.

આને જ જો સંક્ષેપમાં કહેવામાં આવે તો ભગવાનનો અનુભવ વરણ-અંગીકારને આધીન છે. અર્થાત્ જીવનો અંગીકાર (સ્વીકાર) જ્યારે ભગવાન કરે છે ત્યારે તેને ભગવાનનો અનુભવ થઈ શકે છે. જીવનો અંગીકાર થવો એ ભગવાનના આધીન (વશમાં) છે. જ્યારે ખુદ ભગવાન પ્રેમ-ભક્તિના આધીન છે. આ પ્રકારે, અંતે તો પ્રેમ-ભક્તિ જ ભગવદનુભવમાં કારણરૂપ બને છે.

**ભગવદારાધન સર્વત્ર શા માટે નહીં ?**

જડ-જીવાત્મક સમગ્ર સૃષ્ટિરૂપ ભગવાન સ્વયં બન્યા હોવા છતાં ભગવાનની આરાધના (સેવા-ભક્તિ) ગમે તે વસ્તુમાં કરવાની શાસ્ત્રમાં મનાઈ છે. આ મનાઈનું કારણ એક સરલ દૃષ્ટાન્તથી સમજી શકાય છે.

વડીલો પ્રત્યે પોતાનો પૂજ્યભાવ વ્યક્ત કરવા માટે આપણે વડીલોને પગે લાગતાં હોઈએ છીએ. તત્ત્વદૃષ્ટિથી જોતાં તો પગમાં જ વડીલ હોય અને માથામાં વડીલ ન હોય એવું હોતું નથી. વડીલ તો માથાથી પગ સુધી વડીલ જ હોય છે. આમ છતાં કોઈ તત્ત્વચિંતક (!) પણ પોતાના વડીલના પગે લાગવાને ઠેકાણે માથે લાગવાનો અવિવેક કરતો નથી હોતો. દરેક લોકો પોત-પોતાના વડીલોને પગે જ લાગતા હોય છે. તે જ પ્રમાણે વડીલને પગે લાગનાર બાળક પણ તેના માથાથી લઈને પગ સુધી બાળક જ હોય છે છતાંય તેને આશીર્વાદ કોઈપણ વડીલ તેના પગ ઉપર નથી આપતાં હોતાં; માથા ઉપર જ આપતાં હોય છે. આને સૂક્ષ્મ વિવેકદૃષ્ટિ કે ઔચિત્યવિચાર કહેવામાં આવે છે.

આ દૃષ્ટાંત ઉપરથી સમજી શકાય છે કે આપણા લોકવ્યવહારમાં જેમ ઔચિત્ય (યોગ્ય-અયોગ્ય) નો વિચાર કરવામાં આવતો હોય છે તેમ ભગવદારાધન કરવાના

સ્થાનોમાં પણ શાસ્ત્રમાં ઔચિત્યનો વિચાર કરવામાં આવ્યો છે. શિલા ધાતુ કે લાકડાની મૂર્તિ, ચિત્ર, અગ્નિ, સૂર્ય વગેરેમાં ભગવદારાધન કરવાનો નિયમ શાસ્ત્રમાં નિર્ધારિત કરાયો છે. મર્યાદામાર્ગીય ઉપાસનામાર્ગમાં તો અનેક સ્થળો ઉપાસના માટે બતાવવામાં આવ્યાં છે પરંતુ ભક્તિમાર્ગમાં તો શિલા ધાતુ કે કાષ્ઠથી નિર્મિત ભગવદ્-વિગ્રહ (મૂર્તિ) કે ચિત્રમૂર્તિમાં ભગવદારાધનને પ્રશંસનીય ગણવામાં આવ્યું છે.

**સ્વાર્થ-પરાર્થપ્રતિષ્ઠા :**

મર્યાદામાર્ગીય શાસ્ત્રીયવિધિ અનુસાર મૂર્તિમાં જો દેવતાની આરાધના કરવી હોય તો આરાધના કરતાં પૂર્વે દેવમૂર્તિમાં જે-તે આરાધ્ય દેવતાની પ્રતિષ્ઠા કરવાની વિધિ શાસ્ત્રમાં દેખાડવામાં આવી છે. આરાધ્યદેવને મૂર્તિમાં સ્થાપિત કરવાની વિધિને 'પ્રાણપ્રતિષ્ઠાવિધિ' કે 'આવાહન વિધિ' કહેવામાં આવે છે. મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠાના બે પ્રકારો શાસ્ત્રમાં વર્ણિત છે :

(૧)સ્વાર્થપ્રતિષ્ઠા (૨)પરાર્થપ્રતિષ્ઠા.

**સ્વાર્થપ્રતિષ્ઠા :**

પોતાના ઘરમાં જાતે જ સેવા-પૂજા કરવા માટે જ્યારે કોઈક દેવમૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવે છે ત્યારે મૂર્તિની સ્વાર્થપ્રતિષ્ઠા થઈ કહેવામાં આવે છે. સ્વાર્થપ્રતિષ્ઠાપિત દેવની સેવા વ્યક્તિએ પોતાના જ પરિવાર ધન-સંપત્તિથી જાતે જ કરવાની હોય છે. દેવસેવાર્થે તે બીજા કોઈની પાસેથી કોઈપણ પ્રકારની ભેટ-સામગ્રી સ્વીકારી નથી શકતો. આમ છતાં જો કોઈ વ્યક્તિ પોતાના આરાધ્યસ્વરૂપનું પ્રદર્શન ગામલોકોની સામે પોતાની આજીવિકા ચલાવવા માટે કરે છે અથવા તો પોતાના આરાધ્યસ્વરૂપની સેવા-પૂજા માટે અન્ય કોઈ પાસેથી ભેટ-સામગ્રી સ્વીકારે છે તો ધર્મને ધંધો બનાવનાર તે વ્યક્તિને શાસ્ત્રકારો મહાપાપી 'દેવલક' કહે છે. પોતાની દેવસેવાને ધંધો બનાવનાર દેવલકની સાથે બોલવા જોવા કે અડકવાનો પણ વ્યવહાર રાખવો ન જોઈએ એવો શાસ્ત્રનો આદેશ છે.



**પરાર્થપ્રતિષ્ઠા :**

દેવમૂર્તિની પ્રતિષ્ઠા જ્યારે પોતાના ઘરે પોતે સેવા કરવા માટે નહીં; પરંતુ સર્વસાધારણ લોકોને દેવદર્શન-પૂજન વગેરેનો લાભ મળે તેવા હેતુથી કરવા કે કરાવવામાં આવે છે ત્યારે તેને 'પરાર્થપ્રતિષ્ઠા' થઈ કહેવામાં આવે છે. દા.ત. શ્રીજગન્નાથજી, શ્રીતિરુપતિબાલાજી, પાંડુરંગ શ્રીવિઠોબાજી, શ્રીરણછોડરાયજી વગેરે સ્વરૂપોની પરાર્થપ્રતિષ્ઠા થયેલ છે.

**પુષ્ટિમાર્ગમાં ભાવપ્રતિષ્ઠા :**

ઉપાસનામાર્ગીય પૂજાપ્રકારમાં દેવ કરતાં પણ વધુ મહત્ત્વ શાસ્ત્રીયવિધિ તથા મંત્રનું હોય છે. જ્યારે પુષ્ટિભક્તિમાર્ગીય સેવાપ્રકારમાં સેવ્યસ્વરૂપના સુખનો વિચાર તથા સ્નેહનું પ્રાધાન્ય હોય છે. આથી પુષ્ટિભક્તિમાર્ગીય પ્રભુસેવાનો પ્રકાર ઉપાસનામાર્ગીય, દેવના આવાહન-વિસર્જન તેમજ મંત્રવિધિપૂર્વક કરાતી સેવા-પૂજાના, પ્રકારથી જુદો પ્રકાર છે. આ કારણે ઉપાસનામાર્ગની માફક મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠા કરવાનો પ્રકાર પુષ્ટિભક્તિમાર્ગમાં નથી. તેના સ્થાન પર, ભાવપ્રતિષ્ઠાનો પ્રકાર પુષ્ટિભક્તિમાર્ગમાં વ્યવસ્થિત કરવામાં આવ્યો છે.

**પરાર્થપ્રતિષ્ઠા પુષ્ટિમાર્ગમાં અમાન્ય :**

દેવમૂર્તિની પરાર્થપ્રતિષ્ઠાનો ઉપરોક્ત પ્રકાર પુષ્ટિભક્તિ-માર્ગના સિધ્ધાંતોથી તેમજ ભક્તિની ભાવનાથી વિરુધ્ધ હોવાથી પુષ્ટિભક્તિમાર્ગમાં સ્વીકાર્ય નથી.

પુષ્ટિભક્તિમાર્ગમાં પ્રભુની સેવા દરેક પુષ્ટિમાર્ગીએ (વૈષ્ણવોએ તેમજ ગો. આચાર્યોએ પણ) અન્ય કોઈપણ પાસેથી સેવાર્થ ભેટ-સામગ્રી સ્વીકાર્યા વિના પોતાની માલિકીની વસ્તુથી જાતે જ અને પોતાના જ ઘરમાં કરવાની હોય છે. સ્વગૃહમાં બિરાજતાં સેવ્યસ્વરૂપની સેવા પણ ભક્તે અત્યંત ગુપ્ત રીતે કરવાની હોય છે. વૈષ્ણવ ન હોય એવી વ્યક્તિ જો પોતાના સેવ્યસ્વરૂપના દર્શન કરી જાય તો તે અપરાધના ભોગે સેવા કરનારની એક વર્ષની સેવા

નિષ્ફળ ચાલી જાય છે એમ શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે. આથી જ શ્રીગોપીનાથજી આજ્ઞા કરે છે કે વૈષ્ણવ ન હોય તેવા સ્વજનોને પણ તથા સ્વજન ન હોય તેવા વૈષ્ણવને પણ પોતાના સેવ્યપ્રભુના દર્શન ન કરાવવા. આ બધા જ સિધ્ધાંતોનો પણ જો વિચાર કરવામાં આવે તો પરાર્થપ્રતિષ્ઠા કે જાહેર-સાર્વજનિક સેવાનો પ્રકાર કોઇ પણ રીતે સ્વીકાર્ય રહેતો નથી.

## સેવ્યસ્વરૂપ અને ભાવ

'શિક્ષાશ્લોકી'નામથી પ્રસિદ્ધ શ્રીઆચાર્યચરણના અન્તિમ ઉપદેશશ્લોકોમાં આપ આજ્ઞા કરે છે:

> શ્રીકૃષ્ણ કંઇ લૌકિક પ્રભુ તો છે નહીં. તેથી સેવા કરનારના લૌકિક ભાવોનું પોષણ કદી પણ કરતાં નથી. આથી, પ્રભુમાં અમારો(શ્રીમહાપ્રભુજીનો) ભાવ તો એ જ જાણવો કે આપણું તો આ લોકમાં કે પરલોકમાં જે કોઈ પણ સ્વકીય-પોતીકું છે તો તે કેવલ શ્રીકૃષ્ણ જ છે. બીજો કોઈ નહીં.

પ્રભુનું સ્વરૂપ જ્યારે આવું અલૌકિક છે ત્યારે આવા પ્રભુની સેવા કેવા ભાવોથી કરવી જોઈએ? 'ચતુશ્લોકી' ગ્રંથમાં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે:—

> સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ
>
> ભાવાર્થ: વ્રજના અધિપતિ શ્રીકૃષ્ણની સેવા હંમેશા સર્વભાવથી કરવી જોઈએ.

આ શ્લોકમાં યોજાયેલ 'સર્વભાવ'શબ્દના ત્રણ અર્થો થઇ શકે છે. જે નીચે પ્રમાણે છે:—

(૧) જીવના રક્ષક, પાલક, પ્રેરક, મિત્ર, સર્વ ફળદાતા કે ગુરુ સર્વ કંઇ પ્રભુજ છે આવો પ્રભુમાં ભાવ તે સર્વભાવ.

(૨) જડ-ચેતનાત્મક સમગ્ર સૃષ્ટિરૂપ પ્રભુ સ્વયં થયા છે એવો પ્રભુમાં ભાવ હોવો તે સર્વભાવ.

(૩) આત્મા દેહ ઇન્દ્રિય પ્રાણ અન્તઃકરણ પરિવાર ઘર



ધન-સમ્પત્તિ વગેરે જે કંઇ પણ ભક્તનું છે તે સર્વના આધિદૈવિક સ્વામી પ્રભુજ છે એવો પ્રભુમાં ભાવ હોવો તે સર્વભાવ.

સર્વભાવના ઉપરોક્ત ત્રણેય અર્થો પ્રભુમાટે યથાર્થ જ છે. આથી, સર્વભાવથી પ્રભુની સેવા કરવી એટલે: ઉપરોક્ત ત્રણેય ભાવોથી પ્રભુના સ્વરૂપને સમજીને (સર્વભાવથી) પ્રભુની સેવા કરવી.

શ્રીઆચાર્યચરણ તો દરેક પુષ્ટિમાર્ગીને પુર્ણપુરુષોત્તમ વ્રજાધિપ શ્રીકૃષ્ણની સેવા સર્વભાવથી કરવાનો ઉપદેશ કરે છે. આમ છતાં, પાછલા થોડાક સમયથી કેટલાક સ્વાર્થી ઠગ ઉપદેશકો એવો હાસ્યાસ્પદ ઉપદેશ કરતા હોય છે કે:—

> અનુયાયી વૈષ્ણવોએ પાતાના ઘરે બિરાજતા સેવ્યપ્રભુમાં પુરુષોત્તમ શ્રીકૃષ્ણનો ભાવ રાખીને નહીં, પરન્તુ, માત્ર ગુરુભાવ અથવા તો ગુરુવિશિષ્ટ પુરુષોત્તમભાવ રાખીને સેવા કરવી જોઇએ. કારણ કે, પુરુષોત્તમભાવથી પ્રભુસેવા કરવાનો અધિકાર વૈષ્ણવોનો નથી, એ અધિકાર તો માત્ર ગોસ્વામી આચાર્યોનોજ હોય છે.

શ્રીઆચાર્યચરણ પ્રકટિત પુષ્ટિભક્તિમાર્ગ ઉપરથી ભ્રષ્ટ થવા ન માગતા હોય તેવા પુષ્ટિજીવોએ આવા ઉટપટાંગ ઉપદેશ કરનારાઓને વંચક(ઠગ) જાણીને તેઓના દુઃસંગનો સદંતર ત્યાગજ કરી દેવો જોઇએ. કારણ કે, આવા ઉપદેશકો કે ઉપદેશો નું જો ભુલેચુકે પણ અનુસરણ કરવામાં આવે તો પુષ્ટિભક્તિમાર્ગથી અધઃપાત થયા વગર ન રહે.

આ બાબતમાં સિદ્ધાન્ત આ મુજબ છે. અનુયાયી વૈષ્ણવને સેવ્યસ્વરૂપ પધરાવી આપવાની વિધિ— શ્રીપુરુષોત્તમપ્રતિષ્ઠાપ્રકારમાં, ઉપરોક્ત ઠગ ઉપદેશકોથી સદન્તર વિપરીત, સેવ્યસ્વરૂપમાં પૂર્ણપુરુષોત્તમ વ્રજાધિપ શ્રીકૃષ્ણનોજ ભાવ સ્થાપીને અનુયાયીને સેવ્યસ્વરૂપ સેવાર્થે પધરાવી આપવા જોઇએ એવી આજ્ઞા સ્વયં શ્રીગુસાંઇજીએ ઉપરોક્ત

ઠગ સહિતના ઉપદેશકોને કરી છે. આથીજ શ્રીગોકુલનાથજી 'સિધ્ધાન્તરહસ્ય'ગ્રન્થની વ્યાખ્યામાં આજ્ઞા કરે છે:

> પુષ્ટિભક્તિમાર્ગમાં તો સેવા પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણની જ કરવી જોઈએ. શ્રીકૃષ્ણના અંશરૂપ( ગુરુ વગેરે ) કે વિભૂતિરૂપ( અન્ય દેવી-દેવતાઓ )ની નહીં.

આથી સાબિત થઇ જાય છે કે પુષ્ટિમાર્ગીય સિધ્ધાન્ત તો પૂર્ણપુરુષોત્તમભાવથીજ શ્રીકૃષ્ણની સેવા કરવાનો છે. આમ છતાં ભગવત્સ્વરૂપની સેવા જ્યારે ગુરુભાવ કે ગુરુવિશિષ્ટ પુરુષોત્તમભાવ જેવા અપુષ્ટિમાર્ગીય ભાવોથી કરવામાં આવતી હોય છે ત્યારે, ભાવથી ભાવિત સર્વભવનસમર્થ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ, સેવાકર્તાના ભાવનું પોષણ કરવામાટે પોતાનું પુરુષોત્તમત્વ સેવ્યસ્વરૂપમાં તિરોહિત કરી લે છે. અર્થાત્, છુપાવી લે છે. આ સ્થિતિમાં, અપુષ્ટિમાર્ગીયભાવોથી સેવિત તે સ્વરૂપ શ્રીમહાપ્રભુજીએ ઉપદેશેલ પ્રકારે સેવા કરવા યોગ્ય રહી નથી જતું. કારણ કે, આ સ્થિતિમાં તે શ્રીકૃષ્ણનું વિભૂતિરૂપ માત્ર રહી જતું હોય છે. ત્યારે, એ સિધ્ધાન્ત અહીં કદી પણ ભુલવો ન જોઈએ કે, શ્રીકૃષ્ણને સ્થાને શ્રીકૃષ્ણના અંશ( ગુરુ વગેરે ) કે વિભૂતિરૂપ( અન્ય દેવી-દેવતાઓ )ની સેવા જો કોઇ પુષ્ટિમાર્ગી કરે છે તો તેને અન્યાશ્રય કરવાનો અપરાધ લાગે છે. આથી, સેવ્યસ્વરૂપની સેવા ગુરુભાવ કે ગુરુવિશિષ્ટ પુરુષોત્તમભાવથી કરનારને પણ અન્યાશ્રય કરવાનો અપરાધ લાગેજ છે. આથી, દરેક પુષ્ટિમાર્ગીએ પ્રભુની સેવા, શિક્ષાશ્લોકી તેમજ ચતુ:શ્લોકી ગ્રન્થમાં શ્રીમહાપ્રભુજીએ જે ભાવોથી કરવાની આજ્ઞા કરી છે તે પુષ્ટિભાવોથીજ કરવી જોઈએ. કારણ કે, સ્વમાર્ગીય સેવાસિદ્ધાન્તો, ભાવના તેમજ બ્રહ્મવાદ નું અણુમાત્ર પણ જ્ઞાન ન ધરાવનારા કેટલાક આધુનિક ઉપદેશકોના મન:કલ્પિત ભાવોથી જો પ્રભુસેવા કરવામાં આવશે તો માર્ગભ્રષ્ટ થયા વિના નહીં રહેવાય.



## સેવ્યસ્વરૂપોમાં તારતમ્યભાવ નહીં:

પ્રભુસ્વરૂપ, સેવા તથા ભાવના નું જ્ઞાન આપણને શ્રીઆચાર્યચરણદ્વારા પ્રાપ્ત થયું છે. આથી, પ્રભુસેવા કરતા સમયે મનમાં એવા કોઈ પણ ભાવો લાવવા ન જોઈએ કે જે ભાવો પુષ્ટિમાર્ગીય સેવા, સ્વરૂપ કે લીલા ભાવનાના અનુરૂપ ન હોય. તે જ પ્રમાણે પુષ્ટિમાર્ગીય કોઈ પણ સેવ્યસ્વરૂપોમાં તારતમ્ય અર્થાત્ ઉંચ-નીચનો ભાવ કે ભેદભાવ મનમાં લાવવો ન જોઈએ.

બ્રહ્મવાદાનુસાર તત્ત્વદષ્ટિએ તો બધુંજ બ્રહ્માત્મક હોવાને કારણે તેમજ ભક્તના ઉદ્ધારની પ્રભુની વિશેષ ઇચ્છાથી પ્રભુ સ્વયં ભક્તના ઘરમાં સેવ્યસ્વરૂપે પધારતા હોવાને કારણે પુષ્ટિમાર્ગીય બધાજ સેવ્યસ્વરૂપો પુર્ણપુરુષોત્તમ સાક્ષાત્ શ્રીકૃષ્ણજ હોય છે. અહીં પરન્તુ ફરી કેટલાક સ્વાર્થી ઠગ ઉપદેશકો તેમજ તેવાજ કેટલાક અનુયાયી-વૈષ્ણવો અનેકાનેક કલ્પિત કારણો શોધી કાઢીને સેવ્યસ્વરૂપોમાં ઉંચ-નીચભાવ કે ભેદભાવ ઉભા કરવાનો દુષ્ટપ્રયાસ કરતા હોય છે. જેમ કે:—

કેટલાક વંચક લોકો— શ્રીમહાપ્રભુજીદ્વારા સેવિત સ્વરૂપો શ્રીગુસાંઇજીદ્વારા સેવિત સ્વરૂપો કરતાં શ્રેષ્ઠ, શ્રીગુસાંઇજીદ્વારા સેવિત સ્વરૂપો આપના સાત પુત્રોદ્વારા સેવિત સ્વરૂપો કરતાં શ્રેષ્ઠ, સાત પુત્રોદ્વારા સેવિત સ્વરૂપો અન્ય (આધુનિક)વલ્લભવંશજોદ્વારા સેવિત સ્વરૂપો કરતાં શ્રેષ્ઠ, આધુનિક વલ્લભવંશજોદ્વારા સેવિત સ્વરૂપો અનુયાયી વૈષ્ણવોદ્વારા સેવિત સ્વરૂપો કરતાં શ્રેષ્ઠ હોય છે —તેવું માનતા હોય છે.

તે જ પ્રમાણે કેટલાક લોકો, ભોગ આરોગવાના પ્રકારો જેવા કે— સખડી અનસખડી નાગરી દૂધઘર સૂકો-લીલોમેવો મિસરી વગેરે માં જે સ્વરૂપો સખડીભોગ આરોગતા હોય તે સર્વશ્રેષ્ઠ, અનસખડીભોગ માત્ર આરોગનારા સ્વરૂપો દૂધઘર આરોગનારા સ્વરૂપો કરતાં શ્રેષ્ઠ —આમ પૂર્વ-પૂર્વ ભોગ આરોગનારા સ્વરૂપો ઉત્તરોત્તર ભોગ આરોગનારા

સ્વરૂપો કરતાં શ્રેષ્ઠ હોય છે તેવું માનતા હોય છે. તે જ પ્રમાણે, કડક આચાર( મેંડ-મરજાદ ) પાળીને જેમની સેવા થતી હોય તે સેવ્યસ્વરૂપો ઓછા આચાર પાળીને સેવિત સેવ્યસ્વરૂપો કરતાં શ્રેષ્ઠ હોય છે તેમ માનતા હોય છે. કેટલાક લોકો તો વળી એવું માનતા હોય છે કે ચિત્ર કરતાં ધાતુ, ધાતુ કરતાં કાષ્ઠ તેમજ કાષ્ઠ કરતાં શિલા નિર્મિત સ્વરૂપ શ્રેષ્ઠ હોય છે. કેટલાક લોકો ગૌર કરતાં શ્યામ સ્વરૂપને વધુ શ્રેષ્ઠ માનતા હોય છે. કેટલાક મૂર્ખ લોકો ખૂબ વૈભવપૂર્વક જે સ્વરૂપોની સેવા થતી હોય તે ( હવેલી-મન્દિરોમાં બિરાજતાં ) સ્વરૂપોને સાદાઈથી જેમની સેવા થતી હોય તેવા( વૈષ્ણવોના ઘરોમાં બિરાજતાં )સ્વરૂપો કરતાં શ્રેષ્ઠ માનતાં હોય છે. આવા કે આના જેવા અન્ય કોઈ કારણે એક-બીજાના સેવ્યસ્વરૂપોમાં ઊંચ-નીચ કે ભેદભાવ રખવો એના કરતાં મોટું પાપ પુષ્ટિભક્તિમાર્ગમાં બીજું કોઈ હોઈ નથી શકતું. સેવ્યસ્વરૂપોમાં ઊંચ-નીચભાવ કે ભેદભાવ રાખનારને તો ખરેખર ( એકંદરે ભગવાનમાં માને પણ મહદંશે ન માનતો હોય તેવો ) અર્ધનાસ્તિકજ માનવો જોઈએ.

આ પ્રકારની માન્યતાઓ ફેલાવવા પાછળ ઠગ ઉપદેશકોનો સ્વાર્થ એ જ હોય છે કે કોઈપણ બહાને વૈષ્ણવ જનતામાં તેઓના સેવ્યસ્વરૂપની શ્રેષ્ઠતા જો સાબિત થઈ જાય તો પોતાના ઘરમાં ભોળાભાવથી પ્રભુસેવા કરનારા અજ્ઞાની પુષ્ટિમાર્ગીઓ આપોઆપ જ પોતાના સેવ્યસ્વરૂપોને અશ્રેષ્ઠ માનવા લાગી જશે. દા.ત. ''આપણા ઠાકોરજી તો ગુરુભાવથી સેવિત છે, પુરુષોત્તમભાવથી સેવિત તો પેલા છે'' અથવા ''અમારા ઠાકોરજી તો શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજી સેવિત (=નિધિ) નથી, પેલા તો નિધિ છે'' અથવા ''મારા ઠાકોરજી તો મિસરી / દૂધઘર / અનસખડી / નાગરીના છે, પેલા તો સખડીના છે'' અથવા ''આ ઠાકોરજી તો બિનમરજાદના છે, પેલા તો મરજાદના / કૂવાના જલવાળા છે'' વગેરે. અને આ પ્રકારે જ્યારે તેઓ પોતાના સેવ્યસ્વરૂપોને પેલા ઠગ ઉપદેશકોના સેવ્યસ્વરૂપોથી અશ્રેષ્ઠ



માનવા લાગશે ત્યારે પોતાના સેવ્યસ્વરૂપોની સેવા કરવાથી તેમને કદી પણ સંતોષ નહીં મળે. આવા અસંતુષ્ટ પુષ્ટિમાર્ગીઓ સેવા કરવાનો કહેવાતો સાચો સંતોષ મેળવવા માટે, સ્વાભાવિક છે કે, પેલા ઠગ ઉપદેશકોના કહેવાતા શ્રેષ્ઠ સેવ્યસ્વરૂપોના દર્શન કરવા માટે તેમ જ ભેટ-સામગ્રી આપીને મનોરથો કરાવવા માટે ઉત્સુક થશે જ. આમ જ્યારે થશે ત્યારે જ તો પેલા ઠગ ઉપદેશકોનો ધંધો ઘેરબેઠાં ધમધોકાર ચાલશે! આ પરિસ્થિતિ આજે આપણે સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ. અજ્ઞાની પુષ્ટિમાર્ગીઓ ઠગ લોકોથી છેતરાઈને પોતાના ઘરમાં સાક્ષાત્ શ્રીકૃષ્ણ સેવ્યસ્વરૂપે બિરાજતા હોવા છતાં અન્ય ઠેકાણે દર્શન તેમજ મનોરથો કરવા-કરાવવા માટે ઘેલા થાય જ છે.

સેવ્યસ્વરૂપોમાં ઊંચ-નીચભાવ કે ભેદભાવ રાખવાનું પરિણામ કેવું અનિષ્ટકારક આવી શકે છે તે બાબતને શ્રીગુસાંઈજીના આ ચરિત્રપ્રસંગ પરથી બરોબર સમજી શકાય છે.

શ્રીગુસાંઈજીના પુત્રો તેમજ પુત્રીઓ પોતપોતાના સેવ્યસ્વરૂપોની સેવા પોતપોતાના ઘરોમાં કરતા હતાં. એક સમયે જ્યેષ્ઠપુત્ર શ્રીગિરિધરજીને એવી ઈચ્છા થઈ કે બધાજ સેવ્યસ્વરૂપો તેમજ શ્રીગુસાંઈજીના સંયુક્તપરિવારના સેવ્યસ્વરૂપ શ્રીનાથજી એક સાથે અન્નકૂટભોગ આરોગે. શ્રીગુસાંઈજીની આ બાબત આજ્ઞા પ્રાપ્ત કરવા જતાં શ્રીગુસાંઈજીએ પહેલાં તો ધસીને નાજ પાડી દીધી. શ્રીગિરિધરજીએ બીજી વાર જ્યારે ફરીથી વિનન્તી કરી ત્યારે શ્રીગુસાંઈજીએ શ્રીનાથજીની આ બાબતમાં ઈચ્છા જાણવામાટે શ્રીનાથજીને પૂછ્યું અને પોતાનો આ બાબતમાં અભિપ્રાય જણાવતાં વિનન્તી કરી કે આમ કરવાથી લૌકિક વધિ જશે અને બીજા સ્વરૂપોમાટે લૌકિક( ઊંચનીચ-તારતમ્ય )ભાવ વધી જશે. શ્રીનાથજી તો સ્વયં આ લીલા દ્વારા આધુનિક વલ્લભવંશજોને તેમજ અનુયાયી વૈષ્ણવોને બોધ-પાઠ આપવા માગતા હતા. આથી, શ્રીનાથજીએ તો શ્રીગિરિધરજીની ઈચ્છા મુજબજ એમની પણ ઈચ્છા છે એમ જણાવ્યું. હવે તો શ્રીગુસાંઈજી

પાસે હા પાડવા સિવાય બીજો કોઈ રસ્તોજ ન હતો. શ્રીગુસાંઈજીએ કમને આજ્ઞા આપી. બધા સ્વરૂપોને સાથે પધરાવીને અન્નકૂટભોગ ધરવામાં આવ્યો. આખરે પરન્તુ થયું તે જ કે જેનો ડર શ્રીગુસાંઈજીને હતો.

આટલા મોટા મહોત્સવના દર્શન કરવાના લોભથી શ્રીગુસાંઈજીના એક પુત્રી પોતાના ઘરમાં બિરાજતાં સેવ્યસ્વરૂપની સેવા અધુરી મુકીને બધા સ્વરૂપો જ્યાં ભેગા અન્નકૂટભોગ આરોગી રહ્યા હતાં ત્યાં પધાર્યા. આ જોઈને શ્રીગુસાંઈજી અત્યંત ક્રોધે ભરાયા. આપે પોતાની પુત્રીને કઠોર શબ્દોમાં ઠપકો આપીને આજ્ઞા કરી :—

> પોતાના સેવ્યસ્વરૂપની સેવા છોડીને તમે અહીં દર્શને શામાટે આવ્યા છો? તમારે ત્યાં શું કોઈ બીજું બિરાજે છે? (અર્થાત્ તમારે ત્યાં બિરાજતા સેવ્યસ્વરૂપની સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમતામાં તમને કોઈ સંદેહ છે? અથવા, શું તમે અન્ય સ્વરૂપોને તમારા પોતાના સેવ્યસ્વરૂપથી શ્રેષ્ઠ સમજો છો?) મેં તો પહેલેથીજ કહ્યું હતું કે આમ કરવાથી લૌકિક (એકબીજાના સેવ્યસ્વરૂપોમાં ઊંચ-નીચભાવ કે ભેદભાવ) વધી જશે.

આવો ઠપકો સાંભળીને પશ્ચાત્તાપ કરતાં-કરતાં શ્રીગુસાંઈજીના પુત્રી પોતાને ઘરે જઈને પોતાના સેવ્યસ્વરૂપના દર્શન કરે છે તો ત્યાંજ તેઓને બધા સ્વરૂપો સહિત શ્રીનાથજી અન્નકૂટ આરોગી રહ્યાં છે તેવા દર્શન થયા!

આ ઘટનાથી સમજી શકાય છે કે સેવ્યસ્વરૂપો કે સેવા-મનોરથો માં ઊંચ-નીચનો ભાવ કે ભેદભાવ કેટલો અનર્થકારી થઈ શકે છે! સેવાસિદ્ધાન્ત તેમજ ભાવના નો સમૂળ ઉચ્છેદ થઈ જાય છે. આમ છતાં, ઉપર આપણ જોઈ ગયા તેમ, સ્વાર્થમાં આંધળા થયેલા કેટલાક દુષ્ટ લોકો શ્રીમહાપ્રભુજીના સિધ્ધાન્તોનો છડેચોક દ્રોહ કરીને સેવ્યસ્વરૂપોમાં ઊંચ-નીચભાવો કે ભેદભાવ ઉભા કરવાનો જઘન્ય અપરાધ કરી રહ્યા છે. ફરીથી, આ વિષયમાં શ્રીમહાપ્રભુજીનો સિધ્ધાન્ત સ્પષ્ટ શબ્દોમાં સમજી લવો જોઈએ કે પુષ્ટિમાર્ગીય સેવ્યસ્વરૂપોમાં કોઈ પણ પ્રકારનો



ઊંચ-નીચભાવ કે ભેદભાવ હોતો નથી દરેક સેવ્યસ્વરૂપે સાક્ષાત્ પુષ્ટિપુરુષોત્તમ શ્રીકૃષ્ણજ બિરાજતાં હોય છે. આથી, દરેક પુષ્ટિમાર્ગીએ પોતપોતાના સેવ્યસ્વરૂપને પૂર્ણપુરુષોત્તમ સાક્ષાત્ વ્રજાધિપ શ્રીકૃષ્ણ જાણીને સર્વભાવથી તેમની સેવા કરવી જોઈએ.

નહીં પધરાવીને અસમર્પિતજીવન ગાળતાં તેમજ મંદિર-હવેલીઓમાં ભટકતાં દર્શનવાદી પુષ્ટિમાર્ગીઓ જો અસમર્પિત વસ્તુના ઉપભોગ રૂપ મહાઅપરાધથી બચવા માંગતા હોય તો ગૃહસેવા સિવાય બીજો કોઇ ઉપાય જ નથી. પોતાના ઘરમાં પ્રભુને ગૃહસ્વામીના ભાવથી પધરાવીને તેમને સ્વ-સર્વસ્વનું સમર્પણ કરતાં જે સમર્પિત પ્રસાદના રૂપમાં પ્રાપ્ત થાય તેનો જ જો પોતાનામાં ઉપયોગ કરવામાં આવે તો જ અસમર્પિતના ઉપયોગથી બચી શકાય. ફરીથી કહેવામાં આવે તો ગૃહસેવા સિવાય આ શક્ય નથી જ.

**૪. સ્નેહ-ભક્તિ એકાન્તમાં જ વિકસે છે :**

હૃદયમાં છુપાયેલા સ્નેહભાવને જો વ્યક્ત કરવામાં ન આવે તો અંદર પડ્યો-પડ્યો સ્નેહ રુંધાઇ જતો હોય છે. અને જો તે સ્નેહભાવને ગમે તે પ્રકારે પ્રકટ કરી દેવામાં આવે છે તો સ્નેહભાવના ભવાડામાં વિકૃત થઇ જવાની સંભાવના પૂરે-પૂરી રહેતી હોય છે. આથી, સ્નેહભાવને જો વ્યક્ત પણ કરવો હોય અને તેનો ભવાડો પણ ન થવા દેવો હોય તો તેની અભિવ્યક્તિનો યોગ્ય પ્રકાર જાણવો ખુબ જ જરૂરી હોય છે. 'ભક્તિવર્ધિની' ગ્રન્થમાં શ્રીમહાપ્રભુજીએ પ્રભુ પ્રત્યેના સ્નેહભાવને વ્યક્ત કરવાના પુષ્ટિભક્તિમાર્ગીય પ્રકારોનું નિરૂપણ કર્યું છે. તે ઉપાયો છે :—

(૧) સ્વગૃહમાં સર્વસ્વસમર્પણાત્મિકા તનુવિત્તજાસેવા.
(૨) પ્રભુના રૂપ નામ ગુણ તથા લીલા ના શ્રવણ-કીર્તન-સ્મરણ.

પ્રભુસંબંધી સ્નેહને જ ભક્તિ કહેવામાં આવે છે. અને સર્વસમર્પણાત્મિકા તનુવિત્તજા સેવા એ ભક્તના હૃદયમાં રહેલા સ્નેહ-ભક્તિભાવને પ્રભુ સામે વ્યક્ત કરવાનો એક ઉપાય છે. આથી, કોઇની સાથે સ્નેહ જેમ જાહેરમાં થઇ શકતો નથી તેમ સ્નેહ-ભક્તિભાવપૂર્ણ પ્રભુસેવા પણ હવેલી-મંદિરોની માફક જાહેરમાં કરી શકાતી નથી. કોઇના પ્રત્યે હૃદયમાં રહેલા સ્નેહભાવને જો કોઇ જાહેરમાં પ્રકટ



કરે અથવા તેવો વ્યવહાર કરે તો તે જેમ ભૂંડું દેખાય છે તેમ પ્રભુ પ્રત્યેના ભક્તિભાવને તેમજ પ્રભુસેવાને જો મંદિર-હવેલીઓની માફક જાહેરમાં પ્રકટ કરવામાં આવે તો પછી તેને ભક્તિ નથી કહી શકાતી. આથી, સાર્વજનિક (મંદિર-હવેલીઓ જેવા) સેવા-ભક્તિના પ્રકારોનો પુષ્ટિભક્તિમાર્ગમાં નિષેધ કરવાના આશયથી જ શ્રીઆચાર્યચરણ શ્રીભાગવતની 'સુબોધિની'નામની વ્યાખ્યામાં આજ્ઞા કરે છે :—

> ગુપ્ત રાખવાથી જ ભક્તિભાવ (રસ)તેની પૂર્ણતાને પ્રાપ્ત કરી શકે છે. પરંતુ જો તેને પ્રકટ-જાહેર કરી દેવામાં આવે તો ભક્તિભાવ ભવાડો(રસાભાસ) બની જાય છે.

આવું ન થાય તેનો ઉપાય બતાવતાં શ્રીપુરુષોત્તમજી અણુભાષ્યની 'પ્રકાશ'વ્યાખ્યામાં આજ્ઞા કરે છે :—

> ઘરમાં રહીને પ્રભુસેવા કરવી જોઇએ અને પોતાના ધર્મના રહસ્ય (પ્રભુસેવા-ભક્તિભાવ)ને ગુપ્ત રાખવું જોઇએ.

આથી જ શ્રીહરિરાયચરણ પણ શિક્ષાપત્રમાં ખૂબ જ સુંદર આજ્ઞા કરે છે :—

> પ્રભુ આપણા ઘરમાં શ્રીમહાપ્રભુજીની કૃપાથી બિરાજે તો જરૂર છે પણ એવી રીતે કે જરા પણ ધ્યાન હટે તો ક્ષણવારમાં સરકી જાય તેવો પારો જેમ હાથમાં રાખવામાં આવે છે. તેથી તેમને એક યોગી જેવી સાવધાનતાથી સેવવા.

પારો જો કોઇ બેદરકાર ઉછાંછળાના હાથમાં આવે તો જેમ વધુ વખત ન ટકી શકે તેમ પોતાના સેવ્યપ્રભુની સેવા પણ જો શ્રીમહાપ્રભુજીએ સ્થાપેલી સિધ્ધાંતમર્યાદામાં રહીને સર્વસ્વસમર્પણપૂર્વક ગુપ્તતાથી પ્રેમપૂર્વક પોતાના ઘરમાં કરવાના ઠેકાણે પોતાના સેવ્યપ્રભુનું ગામલોકોની સામે (હવેલી-મંદિરોની માફક)પ્રદર્શન કરવામાં આવે અથવા તો ગામલોકોના ભેટ-સામગ્રીથી સેવા કરવા કે કરાવવામાં

આવે તો તેવા પ્રકારે સેવા કરનારના હૃદયમાં પ્રભુ કદી પણ પધારતાં નથી. અહીં એક વાત હૃદયમાં કોતરી રાખવા જેવી છે કે પુષ્ટિભક્તિમાર્ગીય સાધનાના વિષયમાં શ્રીમહાપ્રભુજીનો સિધ્ધાંત દરેક પુષ્ટિમાર્ગી માટે એકસમાન જ છે. પછી એ અનુયાયી વૈષ્ણવ હોય કે ખુદ વલ્લભવંશજ ગોસ્વામી આચાર્ય હોય. આથી જ શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે જેનું ચિત્ત ક્યાંય ભટકતું નથી હોતું કે જેની ક્રિયા પણ અત્યંત સંયમિત હોય છે તેવા યોગીના હાથમાં જ પારાની ગોળી સ્થિર રહી શકે છે આથી તેટલી સાવધાનીથી પોતાના સેવ્યપ્રભુની સેવા કરવી જોઈએ.

**૫. પ્રભુની સ્વાર્થપ્રતિષ્ઠા = ગૃહસેવા :**

સેવ્યસ્વરૂપના પ્રકરણમાં દેવમૂર્તિની પ્રતિષ્ઠાના સ્વાર્થપ્રતિષ્ઠા તેમજ પરાર્થપતિષ્ઠા આમ બે પ્રકારોનું વિવેચન કરવામાં આવ્યું હતું. ત્યાં એ બાબતની સ્પષ્ટતા પણ કરવામાં આવી હતી કે મર્યાદામાર્ગીય ઉપાસનાભક્તિમાર્ગમાં સાર્વજનિક ઉપાસનાભક્તિનો જે પ્રકાર પરાર્થપ્રતિષ્ઠાપિત દેવમૂર્તિમાં સ્વીકારવામાં આવ્યો છે તેવો પરાર્થપ્રતિષ્ઠાનો પ્રકાર પુષ્ટિભક્તિમાર્ગમાં માન્ય કરવામાં આવ્યો નથી. પુષ્ટિભક્તિમાર્ગમાં તો "હું આ જીવનો ઉધ્ધાર કરીશ" એવી ભક્તના વ્યક્તિગત ઉધ્ધારની વિશેષ ઇચ્છાથી પ્રભુ ભક્તના ઘરમાં પધારતાં હોવાથી, મર્યાદામાર્ગીય સ્વાર્થપ્રતિ-ષ્ઠાના જેવો જ ભાવપ્રતિષ્ઠાનો પ્રકાર સ્વીકારવામાં આવ્યો છે. અને કેમકે સ્વાર્થપ્રતિષ્ઠાપિત ભગવત્સ્વરૂપની સેવા માત્ર સેવાકર્તાના ઘરમાં જ થઇ શકે છે જાહેર મંદિર કે હવેલી માં નહીં તેથી ગૃહસેવા જ એકમાત્ર સેવાનો પ્રકાર પુષ્ટિભક્તિમાર્ગમાં સ્વીકાર્ય થાય છે.

✵ ✵ ✵



## ૮. સેવાર્થઆજીવિકા

દેવાધિદેવ ભગવાન શ્રીકૃષ્ણ તો સર્વથી ઉત્તમ પુરુષોત્તમ છે. આવા ઉત્તમ સેવ્યપ્રભુની સેવા ઉત્તમ ન હોય તેવા દ્રવ્ય કે સામગ્રીથી કેમ કરી શકાય ? આથી જ શ્રીઆચાર્યચરણ 'નિબંધ'માં આજ્ઞા કરે છે :

> લોકમાં જેને ઉત્તમ ગણવામાં આવતું હોય તેને કૃષ્ણની સેવામાં લગાડવું જોઈએ. આથી, સેવામાં સમર્પિત થનાર દ્રવ્ય-સામગ્રી પણ ( જે ધંધો-રોજગારને શાસ્ત્ર કે સંપ્રદાયમાં નિષિધ્ધ કે નિન્દિત ગણવામાં ન આવ્યો હોય તેવા )સન્માર્ગથી કમાવેલી હોવી જોઈએ. ( દેવલકવૃત્તિ કે ભાગવતવૃત્તિ વગરે જેવા જે ધંધા-રોજગારને શાસ્ત્ર કે સંપ્રદાયમાં નિષિધ્ધ કે નિંન્દિત માનવામાં આવતો હોય તેવા ) અન્ય પ્રકારે કમાવેલ દ્રવ્ય-સામગ્રીના સમર્પણનો નિષેધ કરવા માટે આ વાત કહેવામાં આવી છે.

આથી જ ઓછામાં ઓછા પુષ્ટિમાર્ગના અનુગામી થયા પછી તો શાસ્ત્ર તેમજ સંપ્રદાયમાં નિષિધ્ધ કે નિન્દિત ધંધા-રોજગારને છોડી જ દેવો જોઈએ. આ બાબતને સમજાવતી બે અત્યંત સુંદર ઘટનાઓ શ્રીઆચાર્યચરણના ૮૪ વૈષ્ણવોના પ્રસંગોમાં વર્ણવાઇ છે.

બાબાવેણુ સારસ્વત બ્રાહ્મણ હતા. તેઓ એક ભગવત્સ્વરૂપને દેવી તરીકે મન્દિરમાં સ્થાપીને મન્દિરની આવકથી, એટલે કે દેવલકવૃત્તિથી પોતાનું ગુજરાન ચલાવતા હતા. ગામમાં એક વખત શ્રીમહાપ્રભુજી પધારતાં પ્રભુની પ્રેરણાથી બાબાવેણુ શ્રીમહાપ્રભુજીના શિષ્ય બન્યાં. શ્રીમહાપ્રભુજીએ તેઓને ભગવત્સ્વરૂપને પોતાના ઘરે પધરાવી જઈને ગામના કોઈપણ લોકો જાણે નહીં તેવી ગુપ્તરીતે પ્રભુનીસેવા કરવાની આજ્ઞા કરી. આ પ્રમાણે આજ્ઞા કરીને; તળાવના કિનારે જ્યાં દેવીનું મંદિર તેમણે બાંધ્યું હતું તે મંદિરમાં દેવીની કોઈ મૂર્તિની પ્રતિષ્ઠા કરીને અન્ય કોઈ બ્રાહ્મણદ્વારા પૂજા ચલાવવાની આજ્ઞા શ્રીમહાપ્રભુજીએ

કરી. આ સાથે એક ખાસ આજ્ઞા શ્રીઆચાર્યચરણે કરી કે દેવીના મન્દિરમાં આવતી ભેટ-સામગ્રીમાંથી તેઓ એ કંઈ પણ પોતાના વપરાશ માટે લેવી નહીં.

શ્રીમહાપ્રભુજીની આ આજ્ઞા પાછળનું રહસ્ય એ જ હતું કે દેવી-દેવતાઓની સેવા-પૂજા જે વ્યક્તિ પોતાનું ગુજરાન ચલાવવા માટે કરે છે તેને તો શાસ્ત્રમાં મહાપાપી અપવિત્ર 'દેવલક' કહેવામાં આવે છે. આવા દેવલકને તો જો ભૂલથી અડકી પણ જવાય તો પહેર્યા કપડે નાહી નાખવાથી જ શુધ્ધ થવાય એવું શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે. આવી શાસ્ત્રનિષિધ્ધ આજીવિકા એક વૈષ્ણવની કેવી રીતે હોઈ શકે! વળી આવા શાસ્ત્રનિન્દિત પ્રકારે કમાયેલા પૈસાથી પ્રભુની સેવા કરી જ કેમ શકાય! આથી શ્રીઆચાર્યચરણે તેઓની દેવલકવૃત્તિ છોડાવીને ઉત્તમ દ્રવ્ય-સામગ્રીથી પ્રભુસેવા કરવાની આજ્ઞા કરી.

પદ્મનાભદાસ તથા જગતાનંદ નામના શ્રીઆચાર્યચરણના શિષ્યો પણ વૈષ્ણવ થતાં પહેલાં શ્રીભાગવતની કથા-સપ્તાહ કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. ભાગવત તો સાક્ષાત્ ભગવાનનું જ નામાત્મક સ્વરૂપ છે. ભાગવતને જે પોતાનું ગુજરાન ચલાવવાનું સાધન બનાવે તે તો પુષ્ટિભક્તિમાર્ગી હોઈ જ કેવી રીતે શકે! આથી જ શ્રીમહાપ્રભુજીએ પોતાના નિબંધ ગ્રંથનો શ્લોક બન્નેને સંભળાવ્યો :—

> (પૈસા કમાવવા, ફંડ-ફાળા ભેગા કરવા કે મરણ પામેલાનો ઉધ્ધાર કરવા જેવા) અન્ય કોઈ પણ હેતુ વિના જ ભાગવતનો પાઠ પ્રયત્નપૂર્વક જાતે જ કરવો જોઈએ. પ્રાણ આપણા ગળા સુધી પણ કેમ ન આવી જાય (એટલે કે ભૂખ્યા મરી ભલે જવું પણ) ગુજરાન ચલાવવા માટે ભાગવતનો ઉપયોગ ન જ કરવો જોઈએ.

આ સાંભળતાં જ પદ્મનાભદાસજી તથા જગતાનંદે હાથમાં પાણી લઈને સંકલ્પ કર્યો કે હવે પછી કદી પણ ભાગવતનો ઉપયોગ તેઓ પૈસા કમાવવા કે ગુજરાન



ચલાવવા માટે નહીં કરે. તેઓએ આજીવિકામાટે ભાગવત વાંચવાનું છોડી દીધું.

આ બધા પરથી એ જ નિષ્કર્ષ નીકળે છે કે પૂર્ણપુરુષોત્તમ પ્રભુની સેવા ઉત્તમોત્તમ દ્રવ્ય-સામગ્રીથી જ થવી જોઈએ. શાસ્ત્ર કે સંપ્રદાય નિષિધ્ધ કે નિન્દિત પ્રકારે કમાવેલ દ્રવ્ય-સામગ્રીથી નહીં.

✵ ✵ ✵

# ૯. સેવા અને સદાચાર

શાસ્ત્રોમાં દેખાડેલા શુદ્ધિ અને અશુદ્ધિ ના નિયમો અનુસાર કરવામાં આવતા આચરણને સનાતન-હિન્દુધર્મમાં 'સદાચાર' કહેવામાં આવે છે.

સદાચારનું મહત્વ બતાવતાં શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે :—

આચાર પ્રથમો ધર્મ:

ભાવાર્થ: સદાચાર એ પ્રાથમિક ધર્મ છે.

આચારહીનં ન પુનાતિ વેદ:

ભાવાર્થ:સદાચારનું પાલન ન કરનાને વેદ પણ પવિત્ર નથી કરી શકતો.

પુષ્ટિભક્તિમાર્ગ એ સનાતન( હિન્દુધર્મ ) નો જ એક વિશિષ્ટ સંપ્રદાય હોવાને કારણે તેમજ દરેક પુષ્ટિભક્તિમાર્ગી એ પ્રથમ સનાતનધર્મી( હિન્દુ ) હોવાને કારણે શાસ્ત્રોમાં દેખાડેલા શુદ્ધિ-અશુદ્ધિના નિયમોનું પાલન કરવું એ દરેક પુષ્ટિભક્તિમાર્ગીમાટે એટલુંજ જરૂરી હોય છે કે જેટલું જરૂરી કોઈ પણ સામાન્ય હિન્દુમાટે હોઈ શકે છે.

પ્રભુસેવા ઉત્તમ વસ્તુથી ઉત્તમ પ્રકારે કરવી જોઈએ એ પૂર્વ આપણે સમજી ગયા છીએ. આથી, જે તન મન ધન વગેરે વડે પ્રભુસેવા કરવામાં આવે છે તેનું પણ પવિત્ર હોવું ખૂબજ જરૂરી હોય છે. તન-મન-ધનની આધિભૌતિક-આધ્યાત્મિક પવિત્રતા ધર્મશાસ્ત્રીય સદાચારના પાલનથી થાય છે. આથી, શાસ્ત્રોક્ત સદાચારનું પાલન કરવું એ દરેક પુષ્ટિભક્તિમાર્ગીમાટે જરૂરી હોય છે. શાસ્ત્રોક્ત કેટલાક સદાચારને જો ગણાવવામાં આવે તો:—

- અપવિત્ર વસ્તુ કે વ્યક્તિ નો સ્પર્શ ન કરવો. જો કોઈ કારણસર સ્પર્શ થઈ જાય તો પ્રાણાયામ, માર્જન કે સ્નાનાદિ દ્વારા યથાયોગ્યરીતે શુદ્ધિ કરવી.
- અસ્પૃશ્યનો સ્પર્શ થયો હોય તો અથવા; સૂતક કે ઉત્સર્ગાદિ ક્રિયા વગેરેને કારણે ખુદ અપવિત્ર થયા હોઈએ તો શુદ્ધ થયા વિના પવિત્ર કાર્યો ન કરવા જોઈએ.



- અભક્ષ્ય એવા ડુંગળી લસણ ગાજર તડબૂચ વગેરે જેવા પદાર્થો ન ખાવા જોઈએ. દારુ કે તેના જેવાજ નશો કરાવનારા અન્ય પીણા પણ ન પીવા જોઈએ.
- બ્રાહ્મણ ક્ષત્રિય વગેરે દરેક વર્ણની શાસ્ત્રે નક્કી કરેલી આજીવિકાદ્વારાજ ધન કમાવવું જોઈએ. વગેરે (આજના સમયમાં આ અથવા આવા કોઈ નિયમો નું પાલન શક્ય ન જણાય તો ઓછામાં ઓછા શાસ્ત્ર નિન્દિત કે નિષિદ્ધ આચારનો તો ત્યાગ કરવો જ જોઈએ.)

શાસ્ત્રીય સદાચારનું પાલન કરવાથી ધર્મકાર્યો કરવા માટેની યોગ્યતા પ્રાપ્ત થાય છે. અબોધ સ્વેચ્છાચારી નાના બાળકને ક્યાં કોના સામે કેવો વ્યવહાર કરવો તેનું ભાન હોતું નથી. વડીલો શિખામણો આપીને તેને સભ્ય સમાજમાં ઊઠવા-બેસવા લાયક બનાવતાં હોય છે. તે જ પ્રમાણે શાસ્ત્ર પણ મનુષ્યના સ્વચ્છન્દ આચાર ઉપર સદાચારના નિયમોવડે અંકુશ મુકીને તેને ધર્મકાર્યો કરવાયોગ્ય પવિત્ર બનાવતું હોય છે.

સ્વચ્છન્દી રહેવું કોને ન ગમે? આથી, ક્યારેક આપણા મનમાં શાસ્ત્રીય સદાચારના નિયમો પ્રત્યે અણગમા કે ઉપેક્ષા ના ભાવો જાગી શકે છે. પરંતુ મોટાઓની શિખામણો જેમ નાના બાળકોના હિત માટેજ હોય છે તેમ શાસ્ત્રીય અંકુશો પણ આપણા હિત માટેજ હોય છે એવો દૃઢ વિશ્વાસ શાસ્ત્રો ઉપર રાખીને સદાચારના નિયમો પ્રત્યેનો અણગમો કે ઉપેક્ષાભાવ ને મનમાંથી કાઢી નાખવા જોઈએ. જેટલા વધુ શુદ્ધ-પવિત્ર થઈને પ્રભુસેવામાં જવામાં આવશે પ્રભુ તેટલા વધુ પ્રસન્ન થશે એવો ભાવ મનમાં રાખીને શાસ્ત્રીય સદાચારનું પાલન પુષ્ટિભક્તિમાર્ગીએ કરવું જોઈએ.

પ્રાસંગિક હોવાથી સદાચારની બાબતમાં એક સ્પષ્ટીકરણ સમજી લેવું જરૂરી છે. સદાચારના નિયમોનું નિરૂપણ જેમાં થયેલું છે તે ખુદ ધર્મશાસ્ત્રોની દૃષ્ટિએ પણ સદાચારના નિયમો જડ નથી હોતાં. એટલે કે કોઈ પણ પરિસ્થિતિ હોય, નિયમ એટલે નિયમ, નિયમનું પાલન તો થવું જ જોઈએ —આવી જડતાને ધર્મશાસ્ત્ર યોગ્ય નથી ગણતું.

દા.ત. પ્રતિદિન પ્રાત:કાલમાં સ્નાન કરીને ધર્મકાર્યો કરવા જોઇએ આવો એક નિયમ છે. જે વ્યક્તિ પરન્તુ બીમાર છે અને માથું બોળીને સ્નાન કરવાથી એને વધુ હાનિ થઇ શકે છે તેનામાટે વગર માથું બોળે સ્નાન કરીને અથવા માત્ર માર્જન (મન્ત્રોચ્ચાર પૂર્વક પાણી છાંટવું) કે આચમન કરીને પણ ધર્મકાર્યો કરવાની છૂટ ધર્મશાસ્ત્રોદ્વારા મળી શકે છે. તે જ પ્રમાણે; ધારોકે કબાટમાં મુકેલા કપડાં કોઇ અપવિત્રના સ્પર્શથી અભડાઇ ગયા તો સામાન્ય સ્થિતિમાં કપડાંની શુદ્ધિ પાણીથી ધોવાથી થતી હોય છે. પરન્તુ જો કપડાંનું પ્રમાણ ખૂબ વધુ હોય તો તેના ઉપર પાણી છાંટવા માત્રથી પણ તેની શુદ્ધિ થતી હોવાનું ધર્મશાસ્ત્રદ્વારા કહેવાયુંજ છે. તે જ પ્રમાણે, અપવિત્ર વ્યક્તિના સ્પર્શથી આપણામાં અપવિત્રતા આવતી હોય છે આથી ધર્મશાસ્ત્ર સ્નાનદ્વારા શુદ્ધિનું વિધાન કરે છે. પરન્તુ આવો સ્પર્શ જ્યાં ઘણા બધા લોકો એકઠાં થતાં હોય તેવા મેળાવડા, ઉત્સવ પ્રસંગ, વિવાહ, યાત્રા કે કુદરતી આફત વગેરેમાં થયો હોય તો તેવા સ્પર્શથી આપણામાં અપવિત્રતા નથી આવતી હોતી. આ પ્રમાણે આપણે જોઇ શકીએ છીએ કે શાસ્ત્રોમાં જ્યાં નિયમો ઘડવામાં આવ્યા છે ત્યાંજ તે નિયમોના અપવાદો પણ બતાવ્યાજ હોય છે. આથી સદાચારના નિયમોને જડ ન સમજવા જોઇએ. આ નિયમો જડ નથી હોતા એનો અર્થ એવો પણ નથી સમજવાનો કે ગમે તે રીતે નિયમોનું પાલન થઇ શકે છે. અહીં આપણા મનમાં એક પ્રશ્ન થાય કે એક તરફ તો નિયમો જડ નથી એવું કહેવામાં આવી રહ્યું છે જ્યારે બીજી તરફ આચરણમાં સ્વતન્ત્રતા પણ નથી, તો આપણે કર્તવ્યોનું નિર્ધારણ કરવું કેવી રીતે? આ પ્રશ્નનો ઉત્તર મેળવવામાટે વિષયનિરૂપણની ધર્મશાસ્ત્રીય શૈલીનો આછો ખ્યાલ મેળવવો જરૂરી છે.

ધર્મશાસ્ત્રોમાં કર્તવ્યોનું નિરૂપણ ઉત્સર્ગ અપવાદ તેમજ પ્રતિપ્રસવની શૈલીથી કરવામાં આવતું હોય છે. આને આપણે ક્રમશ: સમજીશું.



### ઉત્સર્ગ :

સામાન્ય સ્થિતિમાં પાલન કરવાના નિયમને 'ઉત્સર્ગ' (=સામાન્યનિયમ) કહેવામાં આવે છે. દા.ત. સાચું બોલવું જોઇએ, જુઠું ન બોલવું જોઇએ. આ એક સામાન્ય નિયમ = ઉત્સર્ગ છે.

### અપવાદ :

વિશેષ પરિસ્થિતિનું નિર્માણ થતાં સામાન્યનિયમમાં છૂટછાટ જે નિયમના આધારે લેવામાં આવે છે તેને 'અપવાદ' કહેવામાં આવે છે. દા.ત. જુઠું બોલવાથી જો કોઇનો જીવ બચાવી શકાતો હોય તો તેવી સ્થિતિમાં કે કોઇને હાનિ ન પહોંચતી હોય તેવી રમત-ગમતમાં કે હાંસી-મજાકમાં જુઠું બોલવાથી દોષ નથી લાગતો.

### પ્રતિપ્રસવ :

વિશેષમાં પણ વિશેષ પરિસ્થિતિ સર્જાતાં અપવાદનિયમના આધારે લેવામાં આવતી છૂટછાટો રદ થઇ જાય છે અને સામાન્યનિયમના પ્રમાણે જ આચરણ કરવાનું હોય છે. દા.ત. દેવપૂજા કે કોઇ વિશેષ પ્રકારના યજ્ઞમાં ગમે તેવી પરિસ્થિતિ સર્જાય તો પણ અસત્ય બોલવાની મનાઇ કરવામાં આવી છે.

ધર્મશાસ્ત્રીય નિયમોનું પાલન કરતી વખતે કયો નિયમ કઇ પરિસ્થિતિને લક્ષ્યમાં રાખીને ઘડવામાં આવ્યો છે તેનો વિચાર કરીને જ કર્તવ્યનો નિર્ણય કરવો જોઇએ. તે જ પ્રમાણે ધર્મશાસ્ત્રીય કર્તવ્યો સમય, સ્થાન, યાત્રા-મહોત્સવ વગેરે પરિસ્થિતિ, વ્યક્તિની આર્થિક શક્તિ, ઉંમર, રોગ આદિ શારીરિક-માનસિક અવસ્થા વગેરેને લક્ષ્યમાં રખીને નિર્ધારિત કરવામાં આવ્યા હોય છે. આથી, શુદ્ધિ-અશુદ્ધિ વગેરે કર્તવ્યોના નિર્ણયો પણ ઉપરોક્ત સર્વ બાબતોને ધ્યાનમાં રાખીનેજ નિર્ધારિત કરવાના હોય છે. આથી જ શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે કે વ્યક્તિની શક્તિ-સામર્થ્ય, સ્થાન, સમય વગેરે ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખ્યા

વિનાજ જે વ્યક્તિ(ગુરુ) ધર્મશસ્ત્રીય શુદ્ધિ-અશુદ્ધિ કે પ્રાયશ્ચિત્તાદિ કર્તવ્યોનો નિર્ણય બતાવે છે તે પાપને નોતરે છે. આથીજ શ્રીમહાપ્રભુજી પણ 'સુબોધિની'માં આજ્ઞા કરે છે:—

> અનાચાર: સદા ત્યાજ્યો અત્યાચારોપિ મૂર્ખતા
> ભાવાર્થ: અનાચારનો તો સદા ત્યાગ કરવોજ જોઇએ પરંતુ અતિ + આચાર ( =અત્યાચાર ) તો મૂર્ખતા જ છે.

આચાર્યચરણના વચનોનો આશય એ જ છે કે ધર્મશાસ્ત્રીય આચારોનો નિર્ણય જો ઉત્સર્ગ અપવાદ તેમજ પ્રતિપ્રસવ નો યથાયોગ્ય વિચાર કર્યા પછી કરવામાં આવે તો તેવો આચાર અત્યાચાર નથી બનતો, સદાચારજ રહે છે. અહીં એક બાબત ખાસ સમજી લેવી જોઇએ કે કોઇ સંજોગો વશાત્ જો સામાન્ય નિયમમાં છૂટછાટ લેવી પડતી હોય તો તે છૂટછાટ પણ શાસ્ત્રીય અપવાદ નિયમના આધારેજ લેવી જોઇએ, પોતાના મન:કલ્પિત પ્રકારે નહીં.

આ બધાનો સાર એ જ છે કે પવિત્રતમ એવા આપણા સેવ્યપ્રભુની સેવા જેટલી પવિત્રતાથી કરવામાં આવશે તેટલા વધુ પ્રસન્ન પ્રભુ આપણા ઉપર થશે. આથી, પ્રભુની પ્રસન્નતાની આવી ભાવના માનમાં રાખીને યથા સમ્ભવ વધુમાં વધુ સદાચારનું પાલન કરીને પ્રભુસેવા કરવી જોઇએ. અન્તમાં, સદાચારના પાલનની આવશ્યકતા પ્રભુસેવામાટે છે, પ્રભુસેવા કોઇ પણ સ્થિતિમાં સદાચારના પાલનમાટે નથી એ વાત કદી પણ ભુલવી ન જોઇએ. આથી, સદાચારના બહાને ન તો પ્રભુસેવાથી વિમુખ રહેવું જોઇએ કે ન તો ગુરુજનોએ કોઇને વિમુખ કરવા જોઇએ. સદાચાર વર્ણાશ્રમધર્મોક્ત દેહધર્મ છે જ્યારે પ્રભુસેવા એ આત્મધર્મ છે. દેહધર્મ આત્મધર્મની સામે હંમેશા અમુખ્ય હોય છે.



# જ્ઞાન કસોટી

## ૧. દીક્ષાદાનવિચાર

૧. દીક્ષા એ મંત્રનું એક વિશિષ્ટપ્રકારનું દાન છે. કેવી રીતે?
૨. દાનના છ અંગો ગણાવો.
૩. યોગ્ય દાન કોને કહેવાય?
૪. અયોગ્ય દાન કોને કહેવાય?
૫. મંત્રદાનાંગોમાં 'મંત્રદાતા'નું વિસ્તારથી વર્ણન કરો.
૬. ગુરુમાં સામાન્ય રીતે હોવી જોઇતી ત્રણ યોગ્યતાઓ વર્ણવો.
૭. મંત્રદાનાંગોમાં 'મંત્રગૃહીતા'નું વિસ્તારથી વર્ણન કરો.
૮. અયોગ્યને ગુરુએ દીક્ષા ન આપવી જોઇએ, શા માટે?
૯. મંત્રદાનાંગોમાં 'દેયવસ્તુ'નું વિસ્તારથી વર્ણન કરો.
૧૦. 'મંત્રભાગ' અને 'ઉપદેશ' કોને કહેવામાં આવે છે?
૧૧. દીક્ષામંત્રની છ ઉપયોગિતાઓ જણાવો.
૧૨. દીક્ષામંત્રનું જ્ઞાન તેમજ નિત્યસ્મરણ શા માટે જરૂરી છે?
૧૩. મંત્રની ગુપ્તતા જાળવવા શું કરવું અને શું ન કરવું જાઇએ?
૧૪. 'દીક્ષાસ્થાન' નું વિસ્તારથી વર્ણન કરો.
૧૫. કેવા-કેવા સ્થળે દીક્ષા આપી ન શકાય, શા માટે?
૧૬. અયોગ્ય સ્થળે દીક્ષા આપવાથી શું થાય?
૧૭. 'દીક્ષાસમય' નું વિસ્તારથી વર્ણન કરો.
૧૮. દીક્ષાદાનનો યોગ્ય સમય કયો ગણાય?
૧૯. સમય પૂર્વે દીક્ષા આપવાથી શું હાનિ થઇ શકે?
૨૦. કઇ સ્થિતિઓમાં દીક્ષા લેવાની ઉતાવળ શિષ્યે ન કરવી જોઇએ?
૨૧. સંપ્રદાયમાં પ્રવેશ મેળવવા માટેની ત્રણ શરતો જણાવો.
૨૨. દીક્ષા લઇને પણ સંપ્રદાયાનુસાર આચરણ ન કરનારની સ્થિતિ શું સમજવી?
૨૩. શ્રીનરહરદાસના પ્રસંગથી શું બોધપાઠ મળે છે?
૨૪. મંત્રદાનાંગ "ઉપક્રમ અને ભાવના"નું વર્ણન કરો.
૨૫. ગુરુદ્વારા શિષ્યનું પાલન-પોષણ-રક્ષણ ક્યા પ્રકારે થવું જોઇએ?
૨૬. ક્ષત્રિયવૈષ્ણવના પ્રસંગથી શું બોધપાઠ મળે છે?
૨૭. ગુરુ-શિષ્યે કેવી પ્રકારની ભાવનાઓ મનમાં ન રાખવી જોઇએ?
૨૮. સંપ્રદાયોમાં દીક્ષાપ્રણાલી શા કારણે રાખવામાં આવતી હોય છે?
૨૯. દીક્ષા એ એક જાતનો સંકલ્પ છે, સમજાવો.
૩૦. દીક્ષાવડે સંપ્રદાયમાં માન્યતા પ્રાપ્ત થાય છે— કઇ રીતે?
૩૧. માન્યતા મેળવવા માટેની જરૂરી ત્રણ શરતો જણાવો.
૩૨. માન્યતાપ્રાપ્ત અને માન્યતા-અપ્રાપ્ત વચ્ચે તફાવત જણાવો.

૩૩. દીક્ષાથી પવિત્રતા કેમ થાય છે?
૩૪. પવિત્રતાના બે પ્રકારો વર્ણવો.
૩૫. દીક્ષાર્થે કરેલ સ્નાન-ઉપવાસથી શો લાભ થાય છે?
૩૬. દીક્ષાનું પ્રયોજન શિષ્યની યોગ્યતાની ચકાસણી પણ છે— કેવી રીતે?

## ૨. પુષ્ટિમાર્ગીયદીક્ષાનો વિચાર

૧. પુષ્ટિમાર્ગીય બે દીક્ષાઓનું વર્ણન કરો.
૨. શરણદીક્ષાનું પ્રયોજન જણાવો.
૩. આત્મનિવેદનદીક્ષા શા માટે આપવામાં આવે છે?
૪. પુષ્ટિભક્તિમાર્ગીય મંત્રદીક્ષાના સંદર્ભમાં મંત્રદાનના છ અંગોનું સવિસ્તર વિવેચન કરો.
૫. પુષ્ટિમાર્ગીય ગુરુના લક્ષણો ગણાવો અને પ્રત્યેકનું વિવેચન કરો.
૬. વલ્લભવંશજ સ્ત્રી = બેટીજી શા કારણે દીક્ષા આપવા માટે યોગ્ય ન ગણાય?
૭. કયા જીવોને બ્રહ્મસંબંધ કરાવવાથી તેઓના દોષો દૂર થાય છે?
૮. પુષ્ટિજીવોને કેવી રીતે પારખી શકાય?
૯. માર્ગમાં રુચિ કેમ થઈ શકે?
૧૦. ગુરુનો નાશ ક્યારે થાય છે?
૧૧. ગુરુએ ભગવાનનું નામ વેચ્યું ક્યારે ગણાય?
૧૨. શિષ્ય ઢોંગી-પાખંડી ક્યારે ગણાય?
૧૩. શરણદીક્ષા કોને આપવી જોઈએ?
૧૪. સમર્પણમંત્રદીક્ષા કોને આપવી જોઈએ?
૧૫. શરણદીક્ષા = સગાઈ અને બ્રહ્મસંબંધ = લગ્ન, કેવી રીતે ?
૧૬. કેવા બ્રહ્મસંબંધિનો પ્રભુએ ત્યાગ કરેલો છે તેમ સમજવું જોઈએ?
૧૭. શરણમંત્રની ઉત્પત્તિનું બીજ શું?
૧૮. સમર્પણમંત્રની ઉત્પત્તિનો પ્રકાર જણાવો.
૧૯. દીક્ષામંત્રનો જપ કયા પ્રકારે કરવો જોઈએ?
૨૦. કેવી સ્થિતિમાં દીક્ષમંત્રનો જપ ન થઈ શકે?
૨૧. પુષ્ટિમાર્ગીય દીક્ષાસ્થાન કેવું હોવું જોઈએ?
૨૨. કેવા સ્થળે દીક્ષા આપવી યોગ્ય ન ગણાય?
૨૩. દીક્ષાર્થીને ક્યારે શરણદીક્ષા આપવી જાઈએ?
૨૪. દીક્ષાર્થીને ક્યારે સમર્પણદીક્ષા આપવી જોઈએ?
૨૫. દીક્ષાના ઉપક્રમ - પ્રક્રિયાનું વર્ણન કરો.
૨૬. દીક્ષામાં ગુરુશિષ્યની ભાવના કેવી હોવી જોઈએ?
૨૭. કેવી ભાવનાઓ રાખીને દીક્ષા ન લેવી જોઈએ?



## ૩. સેવામય જીવન

૧. સેવાની વ્યાખ્યા જણાવો.
૨. ભક્તિ / ભક્તોની વિભિન્નતાનું કારણ જણાવો.
૩. અર્થાર્થી આર્ત જિજ્ઞાસુ જ્ઞાની અને નિર્ગુણ - પુષ્ટિભક્ત કોને કહેવામાં આવે છે?
૪. "પ્રભુસેવા એ કર્તવ્ય નહીં, આવશ્યક્તા છે" કેવી રીતે? સમજાવો.
૫. પ્રભુસેવા-ભક્તિની આવશ્યક્તા અનુભવાતી શા માટે નથી?
૬. મનુષ્યના જીવનના ત્રણ પાસાઓ વર્ણવો.
૭. મનુષ્યની ત્રણ પ્રકારની આવશ્યક્તા વર્ણવો.
૮. આધ્યાત્મિક આવશ્યક્તાઓનો અનુભવ ક્યારે થઈ શકે?
૯. મનુષ્યને લૌકિક સુખથી સંતોષ શા માટે નથી મળતો?
૧૦. પ્રભુસેવાને ક્યારેક કર્તવ્ય ધર્મ કે ફરજ શબ્દોથી પણ કહેવામાં આવે છે. શા માટે?
૧૧. ભાવાદબોધના ઉપાયો જણાવો.
૧૨. ભગવત્સ્વરૂપજ્ઞાન કોને કહેવાય?
૧૩. જીવસ્વરૂપજ્ઞાન કોને કહેવાય?
૧૪. ભગવાન - જીવના સંબંધનું જ્ઞાન કોને કહેવાય?
૧૫. સમર્પણને સોંપણી શા માટે કહેવામાં આવે છે?
૧૬. પ્રભુને અર્પણ કર્યા વિના વસ્તુને વાપરવાથી આપણને કેવો અપરાધ લાગે છે?
૧૭. સમર્પણને સ્નેહનું માપદંડ શા માટે કહેવામાં આવે છે?
૧૮. કેવા ભાવથી જીવે પ્રભુને આત્મસમર્પણ કરવું જોઈએ?
૧૯. નિવેદન અને સમર્પણ વચ્ચે નો તફાવત સમજાવો.
૨૦. નિવેદન - સમર્પણ અને દાન વચ્ચેનો તફાવત સમજાવો.
૨૧. મંદિરો - હવેલીઓમાં સેવા - મનોરથો માટે ભેટ - સામગ્રીને આપવાનો પ્રકાર પુષ્ટિભક્તિમાર્ગીય પ્રકાર શા માટે કહેવામાં નથી આવતો?
૨૨. આવા પ્રકારને સમર્પણ શા માટે નથી માનવામાં આવતું?
૨૩. પ્રભુને દાન ક્યારે કર્યું કહેવાય?
૨૪. સમર્પણ અને અનન્યતા સાથે શું સંબંધ હોય છે?
૨૫. અનન્યતા કોને કહેવામાં આવે છે?
૨૬. ભક્તિવર્ધિની ગ્રંથમાં વર્ણિત અનન્યતાનું સ્વરૂપ સમજાવો.
૨૭. પુષ્ટિમાર્ગીએ ઓછામાં ઓછું શું ત્યાગવું જોઈએ?
૨૮. અન્યાશ્રયત્યાગને વિસ્તારથી સમજાવો.
૨૯. અસમર્પિતભોગના ત્યાગને વિસ્તારથી સમજાવો.
૩૦. દુઃસંગત્યાગને વિસ્તારથી સમજાવો.
૩૧. અસદાલાપ-વિચાર-ક્રિયા ત્યાગને વિસ્તારથી સમજાવો.
૩૨. ત્યાગ સહજ ક્યારે બને?

### ૪. સેવાનું માહાત્મ્ય

૧. પુષ્ટિમાર્ગીય સાધના સેવાજ શા માટે? કારણો ગણાવો.
૨. સેવા સર્વસાધનાઓથી શ્રેષ્ઠતમ શા માટે છે?
૩. જીવમાં ભગવાન માટે ભક્તિ ક્યારે જાગે છે?
૪. ભક્ત પ્રભુસેવા સિવાયના જપ-તપ આદિ સાધનોમાં મોહ શા માટે નથી પામતો?
૫. સર્વસાધનાઓનો સમાવેશ ભગવત્સેવામાં કઈ રીતે થઈ શકે છે?
૬. અહંતા-મમતાની શુધ્ધિ સેવાથી કયા પ્રકારે થાય છે?
૭. તનનું સમર્પણ = અહંતાનું સમર્પણ કેવી રીતે? સમજાવો.
૮. વિત્તાદિનું સમર્પણ = મમતાનું સમર્પણ કેવી રીતે? સમજાવો.
૯. અહંતા-મમતા ને વિસ્તારથી સમજાવો. તેઓ આત્મકલ્યાણમાં કેવી રીતે કનડગત કરે છે?
૧૦. લૌકિક અને અલૌકિક અહંતા-મમતા વચ્ચે તફાવત સ્પષ્ટ કરો. ૧૧. ભગવત્સેવક ઉત્તમોત્તમ યોગી છે, ગીતાના આધારે સમજાવો.

### ૫. સેવાસ્વરૂપ

૧. સેવાના બે પ્રકાર ગણાવો.
૨. ફલરૂપાસેવા કોને કહેવામાં આવે છે?
૩. સાધનરૂપાસેવા કોને કહેવામાં આવે છે?
૪. નિવેદનને મૌખિક સમર્પણ શા માટે કહેવામાં આવે છે?
૫. નિવેદન અને સમર્પણ વચ્ચે તફાવત સમજાવો.
૬. નિવેદિતવસ્તુ અસમર્પિત ક્યાં સુધી રહે છે?
૭. તનુજા વિત્તજા નહીં તનુવિત્તજા —આ કથનનું તાત્પર્ય સ્પષ્ટ કરો.
૮. પૈસા કોઈકને આપીને સેવા કરાવવી એ સેવા નથી, શા માટે?
૯. પૈસા કોઈક પાસેથી લઈને જાતે સેવા કરવી એ પણ સેવા નથી, શા માટે?
૧૦. શ્રીમહાપ્રભુજીએ તનુજાસેવા વિત્તજાસેવા આમ સેવાના બે પ્રકારો પાડવાને સ્થાને 'તનુવિત્તજા' આમ સમસ્તપદ શા માટે વાપર્યું છે?
૧૧. ભાડૂતીસેવા કોને કહેવામાં આવે છે?
૧૨. પારકે પૈસે તનુજા સેવા કરનારો પાપી શા માટે બને છે?

### ૬. સેવ્યસ્વરૂપ

૧. સેવ્યસ્વરૂપ કોને કહેવામાં આવે છે?
૨. પુષ્ટિભક્તિમાર્ગમાં સેવ્યસ્વરૂપ કોને માનવામાં આવે છે?
૩. પ્રભુ વૈષ્ણવના ઘરમાં સેવ્યસ્વરૂપે ક્યારે પધારે છે?



૪. સેવ્યસ્વરૂપમાં કેવો ભાવ રાખવો જોઈએ?
૫. સેવ્યસ્વરૂપમાં કેવો ભાવ ન રાખવો જોઈએ?
૬. સેવ્યસ્વરૂપને ભગવાનનું પ્રાકટ્ય / અવતાર શા માટે માનવામાં આવે છે?
૭. પ્રભુનો અનુભવ શા કારણે નથી થતો?
૮. અવતારલીલા / પ્રકટલીલા કોને કહેવામાં આવે છે?
૯. અનવતારકાલીનલીલા / અપ્રકટલીલા કોને કહેવામાં આવે છે?
૧૦. અવતારકાલમાં બધાને પ્રભુનો અનુભવ શા માટે થતો હોય છે?
૧૧. અનવતારકાલમાં બધાને પ્રભુનો અનુભવ શા માટે થતો નથી?
૧૨. પુષ્ટિમાર્ગમાં સર્વદા અવતારકાલજ હોય છે. કેવી રીતે?
૧૩. અજ્ઞાનથી કેવી રીતે ભગવદનુભૂતિ નથી થતી? દષ્ટાન્ત સહિત સમજાવો.
૧૪. ભગવદારાધન સર્વત્ર કરવાની શાસ્ત્ર શા કારણે મનાઈ ફરમાવે છે? દષ્ટાન્ત સહિત સમજાવો.
૧૫. પ્રાણપ્રતિષ્ઠાવિધિ કોને કહેવામાં આવે છે?
૧૬. પ્રાણપ્રતિષ્ઠાના પ્રકારો ગણાવો.
૧૭. સ્વાર્થપ્રતિષ્ઠા અને પરાર્થપ્રતિષ્ઠા કોને કહેવામાં આવે છે?
૧૮. સ્વાર્થપ્રતિષ્ઠાપિત દેવની સેવા કયા પ્રકારે કરવી કે ન કરવી જોઈએ?
૧૯. દેવલક કોને કહેવામાં આવે છે?
૨૦. પરાર્થપ્રતિષ્ઠાના જેવો ભાવપ્રતિષ્ઠાનો પ્રકાર પુષ્ટિમાર્ગમાં શા માટે અમાન્ય છે? વિસ્તારથી સમજાવો.
૨૧. જાહેર કે સાર્વજનિક સેવાનો પ્રકાર પુષ્ટિમાર્ગમાં શા કારણે સ્વીકાર્ય નથી?
૨૨. પ્રભુ લૌકિકભાવોનું પોષણ શા કારણે નથી કરતાં?
૨૩. પ્રભુસેવા કેવા ભાવથી કરવી જોઈએ?
૨૪. 'સર્વભાવ'શબ્દના ત્રણ અર્થો બતાવો.
૨૫. સ્વાર્થી ઠગ લોકો કેવા ભાવથી પ્રભુસેવા કરવાનો ઉપદેશ કરતા હોય છે?
૨૬. માત્ર ગુરુ કે ગુરુવિશિષ્ટ-પુરુષોત્તમ-ભાવથી ભગવત્સ્વરૂપની સેવા કરવાથી શો અપરાધ લાગે છે? શા માટે?
૨૭. કેવા ભાવોને અપુષ્ટિમાર્ગીય ભાવો કહેવામાં આવે છે?
૨૮. પુષ્ટિમાર્ગીય બધા જ સેવ્યસ્વરૂપો સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણ જ હોય છે તેવું કયા આધારે કહી શકાય?
૨૯. કયા-કયા કારણે સેવ્યસ્વરૂપોમાં ઊંચનીચભાવ કે ભેદભાવ ઊભા કરવામાં આવતા હોય છે?
૩૦. અન્નકૂટોત્સવના પ્રસંગથી શો બોધપાઠ મળે છે?
૩૧. શ્રીગુસાંઈજી કયા કારણે અન્નકૂટોત્સવ ઉજવવાની ના પાડી રહ્યા હતાં?
૩૨. ઠગ ઉપદેશકો પોતાનો કયો સ્વાર્થ સાધવામાટે સ્વરૂપોમાં ઊંચનીચભાવ કે ભેદભાવ ઊભા કરતા હોય છે?

### ૭. સેવાસ્થળ

૧. પુષ્ટિમાર્ગીય સેવાસ્થળ કયું હોય છે?
૨. સેવાસ્થળ ભક્તનું પોતાનું ઘરજ હોય છે તે સાબિત કરનારા પાંચ કારણો ટૂંકમાં જણાવો.
૩. જાહેર મંદિર-હવેલીની સેવાપધ્ધતિ અપનાવતાં સેવા એ ભક્તની જીવનપ્રણાલી નથી રહી જતી, કેવી રીતે?
૪. ગૃહસેવા વિના સમર્પણ કેવી રીતે અશક્ય બને છે?
૫. ગૃહસેવાના અભાવમાં બધું અસમર્પિતજ શા માટે રહી જાય છે?
૬. સિધ્ધાન્તરહસ્યગ્રંથ શું છે?
૭. કેવી રીતે પ્રભુસેવા કરવાથી સ્નેહ-ભક્તિનો વિકાસ થાય છે?
૮. ભક્તિવર્ધિનીગ્રંથમાં વર્ણિત સ્નેહાભિવ્યક્તિના બે પ્રકારોનું નિરૂપણ કરો.
૯. પારાના દૃષ્ટાંતથી શ્રીહરિરાયચરણ શું બોધપાઠ આપે છે?
૧૦. ગૃહસેવા અને સ્વાર્થપ્રતિષ્ઠા એકબીજાથી કેવી રીતે સંકળાયેલા છે?

### ૮. સેવાર્થઆજીવિકા

૧. બાબા વેણુદાસ, પદ્મનાભદાસ તથા જગતાનંદના પ્રસંગથી શું બોધપાઠ મળે છે?
૨. પુષ્ટિમાર્ગીની આજીવિકા કેવી હોવી જોઈએ? નિબંધની ઉક્તિના આધારે સમજાવો.

### ૯. સેવા અને સદાચાર

૧. સદાચાર કોને કહેવામાં આવે છે?
૨. પુષ્ટિભક્તિમાર્ગીએ સદાચાર શા માટે પાળવો જોઈએ?
૩. સદાચારના પાલનથી શું લાભ થાય છે?
૪. સદાચારના નિયમો જડ નથી હોતા, કેવી રીતે?
૫. ઉત્સર્ગ, અપવાદ અને પ્રતિપ્રસવની વ્યાખ્યા આપો.
૬. ધર્મશાસ્ત્રીય કર્તવ્યોનો નિર્ણય કેવી રીતે કરવો જોઈએ?
૭. સદાચાર અને અત્યાચાર વચ્ચે તફાવત સમજાવો.
૮. સેવાની સરખામણીમાં સદાચાર અમુખ્ય છે, કેવી રીતે?